नमोऽस्तु तस्मै जिनशासनाय

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીવિરચિત
સીમંધરસ્વામીને વિનંતીસ્વરૂપ...

# ૩૫૦ ગાથાનું સ્તવન

## ઢાળ-૨-૩

## (વિસ્તૃત વિવેચન સહિત)


લેખક

પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્ય
મુનિ ગુણહંસવિજયજી



પ્રકાશક

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**

**મુનિ ગુણહંસવિજય**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૫૦૦

વિ.સં. ૨૦૬૮ તા. ૧-૧-૨૦૧૨

**મૂલ્ય રૂા. ૧૦૦/-**

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા, બંસીધર એસ્ટેટ, અમદાવાદ.

# પ્રસ્તાવના

૩૫૦ ગાથાના સ્તવનની બીજી-ત્રીજી ઢાળનો આ ભાગ-૨માં સમાવેશ કરવામાં આવ્યો છે. શરુઆતમાં વિષયોની અનુક્રમણિકા ગાથા પ્રમાણે દર્શાવી છે, એટલે વિષય એકદમ સ્પષ્ટ થઈ જ જશે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી પંન્યાસપ્રવર શાસનપ્રભાવક શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની અનરાધાર કૃપાવૃષ્ટિથી જ આ કામ શક્ય બન્યું છે. અત્યારે તો તેઓશ્રી હાજર નથી, પણ તેઓશ્રી જ્યાં હોય, ત્યાં મારી આ ભેટનો સહર્ષ સ્વીકાર કરે એવી નમ્રાતિનમ્ર બનીને પ્રાર્થના કરું છું.

ખાસ –

પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી ચંદનબાળાશ્રીજીએ હસ્તલિખિત પ્રતનું સંશોધન કરીને પૂ. પદ્મવિજયજી મ.ના ટબા સહિત સાડા ત્રણસો ગાથાવાળું પુસ્તક છપાવેલ છે. જેના સંપાદક શ્રુતસાહિત્યરસિક પૂ.આ. પ્રદ્યુમ્નસૂરિજી મ.સાહેબ છે, એ પુસ્તકનો આધાર રાખીને મૂળ ગાથાઓનો અર્થ કર્યો છે. એમાં ઢાળ-૨ ગાથા-૧૨ની સત્તમઠાણું સાખી રે. પંક્તિનો અર્થ સમજાતો નથી. ટબામાં પણ એવો જ ઉલ્લેખ જોવા મળ્યો, એટલે કોબા-જ્ઞાનભંડારમાંથી હસ્તલિખિત મંગાવી દૃષ્ટિપાત કર્યો, પણ એમાંથી પણ મારા ક્ષયોપશમ પ્રમાણે કોઈ સ્પષ્ટ અર્થ પ્રાપ્ત થઈ શક્યો નથી.

પણ આ વાત ખાસ ધ્યાનમાં લેવી કે મૂળગાથાઓનો અર્થ મુખ્યત્વે ઉપર જણાવેલ પુસ્તકના આધારે કરેલો છે. એટલે જિજ્ઞાસુઓ એનો અભ્યાસ પણ કરી શકે છે.

અંતે વિસ્તૃત વિવેચનમાં વીતરાગની આજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય, તો મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**- ગુણહંસ વિજય**
અમદાવાદ તપોવન
આસો સુદ-પાંચમ
વિ.સં. ૨૦૬૭

પૂ. પંન્યાસ શ્રી કીર્તિદર્શન મ.સાહેબની
પ્રેરણાથી

● સૌજન્ય ●

**શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ.પૂ. સંઘ**

કાંદીવલી (વેસ્ટ), મુંબઈ

શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ
ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ

# અનુક્રમણિકા

## ઢાળ – ૨


| વિષય | પાના |
|---|---|
| <u>પ્રશ્ન :</u> જેમ લોખંડ નાવ દ્વારા સમુદ્ર પાર પહોંચે, એમ અમે અપાત્ર હોવા છતાં સદ્‌ગુરુના સંપર્કથી મોક્ષ પામશું. | ૧ |
| <u>ઉત્તર :</u> કાચ રત્નની પાસે રહેવા માત્રથી રત્ન ન બને... | |
| <u>પ્રશ્ન :</u> સાધુ નિર્ગુણી હોય, તો પણ ગચ્છમાં હોય તો એ સુસાધુ જ ગણવો. | ૪ |
| <u>ઉત્તર :</u> નિર્ગુણી જો ગચ્છમાં રહે, તો ગચ્છ બગડે, સ્વચ્છંદી બને. | ૫ |
| જે ગુરુ અપાત્ર સાધુઓનો પક્ષ ખેંચે, તે પ્રભુમાર્ગનો ઘાત કરનારા છે, એમના ગચ્છનો ત્યાગ કરવો. | ૧૦ |
| કાળ ખરાબ હોવાથી ખરાબ ગચ્છમાં કોઈક કારણસર રહેવું પડે, તો દ્રવ્યથી જ રહેવું, અંતરના ઉલ્લાસથી નહિ. | ૧૫ |
| રાજા-મંત્રી ડાહ્યા છે, છતાં જીવ બચાવવા ગાંડાઓ સાથે ગાંડા જેવા બને છે. એમ ઉત્તમ સાધુઓએ સંયમાદિની રક્ષા માટે બાહ્ય દેખાવ ખરાબ કરવો પડે, તો ય અંદરથી નિર્લેપ રહેવું. (કુવૃષ્ટિ ન્યાય) | |
| શિથિલ ગચ્છમાં પણ જો સદાચારનો પક્ષપાત જીવતો હોય, તો એવા ગચ્છ પ્રત્યે આદરભાવ રાખી શકાય. (ત્યાં પણ રહેવાનું તો અપવાદે જ...) | |
| જે ગચ્છ જ્ઞાનાદિગુણોથી સંપન્ન હોય અને પરસ્પર જ્ઞાનાદિ માટે ઉપકાર કરનાર હોય, તે ગચ્છમાં રહેવું. બાકીના ગચ્છનો ત્યાગ કરવો. | ૨૪ |
| જેઓ સ્વયં નિર્ગુણી છે, અને છતાં બીજા સારા-ગુણવંતોને પોતાના સમાન દેખાડે છે... તેઓ મિથ્યાત્વી જાણવા. | |
| <u>પ્રશ્ન :</u> બકુશ અને કુશીલ બે સાચા સાધુઓ છે, અને તેઓ મૂલગુણના તથા ઉત્તર ગુણના દોષો સેવનારા પણ હોય, એવું શ્રી ભગવતીજીમાં કહ્યું છે. એટલે જેઓ દોષો સેવે,. એ કુસાધુ એ વાત ખોટી. | ૩૭ |

<u>ઉત્તર :</u> કારણ વિના દોષસેવન તો ચારિત્રનો ઘાત જ કરે...
ભગવતીજીનો પાઠ સાચો કે સાચા સાધુને પણ ઘણા અતિચારો
લાગે. પણ પંચવસ્તુમાં કહ્યું છે કે પુષ્કળ શુભભાવો
દ્વારા એ અતિચારોને જે ટાળે, એનું જ સાચું સાધુપણું ટકે.
જે દોષ અચાનક લાગે, તે દોષ સાધુને તે કાળે જ મિ.દુ. ૪૫
વગેરે માત્રથી જ તૂટી જાય. પણ જે દોષ પ્રમાદાદિથી સેવ્યો હોય,
એ દોષ પ્રાયશ્ચિત્તથી ખતમ થાય.
દોષ સેવે, નિષ્ઠુર બને, પ્રાયશ્ચિત્તાદિનો ભાવ ન રાખે,
તે સંયમશ્રેણીથી ભ્રષ્ટ બને. મોક્ષમાર્ગથી ભ્રષ્ટ બને.
<u>પ્રશ્ન :</u> પ્રતિક્રમણ કરીએ, એટલે બધા પાપો ખતમ થઈ જાય.
<u>ઉત્તર :</u> અકરણનિયમથી જ પ્રતિક્રમણનું ફળ પાપક્ષય પ્રાપ્ત થાય.
મિ.દુ. બોલ્યા બાદ એ જ પાપને તે જ ભાવથી જે ફરી સેવે,
તે માયામૃષાવાદને સેવનારો ગણાય.
પાપ ન કરવું એ જ ઉત્સર્ગમાર્ગે પ્રતિક્રમણ છે...

## ઢાળ – ૩

| ગાથા નં. | વિષય |
|---|---|
| ૧ | જગતમાં ખરાબ આલંબનો ઘણા જોવા મળે છે,<br>તો શી રીતે તરવું ?<br>જેઓ ખરાબ આલંબનો પકડે છે, તેઓ સાધુપણું ગુમાવે છે,<br>મુનિએ આવા નબળા આલંબનો લેનારાઓથી છેટા રહેવું.<br>નબળા આલંબનોના દૃષ્ટાન્તઃ (૧) નિત્યવાસ, (૨) ચૈત્યવાસ<br>(દેરાસરાદિનો વહીવટ સંભાળવો...) (૩) સાધ્વીજીએ લાવેલા<br>ગોચરી-પાણી વાપરવા. (૪) વિગઈઓનું વધુ પડતું સેવન.<br>નબળા આલંબનવાળાઓ કહે છે  સંગમ આચાર્ય બહુશ્રુત હતા,<br>ગુણના સાગર હતા છતાં એ નિત્યવાસી હતા.<br>માટે નિત્યવાસમાં દોષ નથી. |

<u>ઉત્તર :</u> એમની ચાલવાની શક્તિ ખતમ થયેલી, માટે એ ૭૭
સ્થિરવાસ થયેલા. છતાં ગોચરી વગેરેમાં પૂરી યતના પાળતા હતા.
નબળા આલંબનવાળાઓ કહે છે   સાધુ જિનપૂજાદિ કરી શકે, કારણ કે એ મોક્ષનો માર્ગ છે. જેમ વજસ્વામીએ પુષ્પો લાવીને ચૈત્યપૂજા કરી.

<u>ઉત્તર :</u> શાસનપ્રભાવના માટે, બૌદ્ધમતની મલિનતા પ્રગટ કરવા માટે, વર્ષો જુના પુષ્પપૂજાના મહિમાને સાચવવા માટે વજસ્વામીએ અપવાદે ચૈત્યપૂજા કરી છે.

ચૈત્યવાસી સાધુ દેવદ્રવ્યનો ભક્ષક કહેવાય. ગમે એટલા સારા ભાવ દેખાય, તો પણ એ માર્ગનાશક કહેવાય.

સાધુ પુષ્ટ કારણ વિના દ્રવ્યાનુષ્ઠાનનો અધિકારી નથી. અને એટલે જ પૂજાદિ કામો કરે, તો એને કશું જ ફળ ન મળે.

નબળા લોકો કહે છે   અર્ણિકાપુત્ર આચાર્ય સાધ્વીજીએ લાવેલી ગોચરી વાપરતા હતા, માટે એ રીતે વાપરી શકાય છે.

<u>ઉત્તર :</u> એમના શિષ્યો દુકાળને કારણે વિહાર કરી ગયેલા, પોતે વૃદ્ધ હતા, ગોચરી લેવા જવાની શક્તિ ન હતી, માટે સાધ્વીજીની ગોચરી લેતા. એ પણ ગુણવંત સાધ્વીજી પાસે જ મંગાવતા.

નબળા લોકો કહે છે   રોજ વિગઈ વાપરી શકાય. ઉદયનરાજર્ષિ રોજ વાપરતા જ હતા.

<u>ઉત્તર :</u> એમનું શરીર લુક્ખો આહાર વાપરવાથી ટકી શકે એમ ન હતું, માટે તે વિગઈ લેતા.

આમ આ વિશ્વમાં ઢગલાબંધ નબળા આલંબનો ભરેલા પડ્યા છે. ૧૦૩
જે સ્વયં નબળો છે, તે આવું નબળું જોઈને એનો જ આશરો લઈ લે છે.

<u>સાર :</u> જેનો વૈરાગ્ય નબળો ! એ નબળા આલંબનો પકડે.
જેનો વૈરાગ્ય તગડો ! એ તગડા આલંબનો પકડે.

# ૩૫૦ ગાથાનું સ્તવન

ઢાળ-૨-૩

(વિસ્તૃત વિવેચન સહિત)

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજીવિરચિત સીમંધરસ્વામીને વિનંતીસ્વરૂપ...

# સાડા ત્રણસો ગાથાનું સ્તવન

## ઢાળ-૨

શિષ્ય : ભગવાન વીતરાગી હોવાથી એમને અમારા પર રાગ ન થાય અને એટલે જ એ અમને ન તારે એ સંભવિત છે. પણ અમારા ગુરુ તો છદ્મસ્થ છે, અમારા ઉપર પ્રશસ્ત રાગવાળા છે અને ગુરુકૃપાની તાકાત તો અજબગજબની છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે (૧) गुरुकृपा हि केवलं शिष्यं परं मंगलं માત્ર ને માત્ર ગુરુકૃપા જ શિષ્ય માટે ઉત્કૃષ્ટ મંગલ છે.

(૨) गुरुआणाए मुक्खो ગુર્વાજ્ઞામાં મોક્ષ છે.

(૩) गुरुपारतन्त्र्यमेव चारित्रं ગુરુને પરતન્ત્ર રહેવું એ જ ચારિત્ર છે.

(૪) धन्ना आवकहाए गुरुकुलवासं न मुंचंति તે શિષ્યો ધન્ય છે કે જેઓ આખી જીંદગી સુધી ગુરુકુલવાસ છોડતા નથી.

આવા આવા ઢગલાબંધ પાઠો પરથી સિદ્ધ થાય છે કે 'ગુરુનો મહિમા અપરંપાર છે.' એટલે અમે એમની પાસે જ રહેશું અને એમના થકી મોક્ષમાર્ગ પામી સંસાર તરી જશું.

ગુરુ : માત્ર ગુરુના પ્રતાપે મોક્ષ પામવાની તમન્નાવાળા મુગ્ધ જીવો પણ જગતમાં છે ખરા.

કોઈ કહે અમે ગુરુથી તરશું, જિમ નાવાથી લોહા રે.
તે મિથ્યા ન લહે સહવાસે, કાચ પાચની સોહા રે. ॥૧॥
શ્રી સીમંધર સાહિબ સુણજો, ભરતક્ષેત્રની વાતો રે.
લહું દેવ ! કેવળ રતિ ઈણ યુગ, હું તો તુજ ગુણ રાતો રે. ॥૨॥

ગાથાર્થ : કોઈ કહે છે કે 'લોખંડ જેમ નાવથી તરે, તેમ અમે ગુરુથી તરી જશું.' પણ આ વાત બરાબર નથી. કાચ એ સાથે રહેવા માત્રથી રત્નની શોભાને પામી શકતો નથી.

હે શ્રી સીમંધરસ્વામી ! તમે આ ભરતક્ષેત્રની વાતો સાંભળજો. હે દેવ ! આ યુગમાં હું તારા ગુણોના રાગથી જ આનંદ પામું છું.

ભાવાર્થ : કેટલાકો એમ માને છે કે → અમે ભલેને ગમે તેવા હોઈએ, અમારા ગુરુ ઘણા મહાન છે. એમની મહાનતાના બળે અમે સંસાર તરી જશું.

અમે ભલે નવકારશી કરીએ, અમારા ગુરુ વર્ધમાન તપોનિધિ બની ગયા છે.

અમે ભલે અણપઢ હોઈએ, અમારા ગુરુ શાસ્ત્રોના જ્ઞાતા જ નહિ, કર્તા પણ બની ગયા છે.

અમે ભલે આળસુ હોઈએ, અમારા ગુરુ ૨૪ કલાકમાં ૨૮ કલાક જેટલું કામ કરે છે.

અમે ભલે શિથિલ હોઈએ, અમારા ગુરુ સંવિગ્ન શિરોમણી છે.

જેમ યુધિષ્ઠિર સ્વર્ગમાં ગયો, તો એની પાછળ પાછળ એનું કૂતરું પણ સ્વર્ગમાં પહોંચી ગયું. જેમ દાળ ભેગી ઢોકળી ચડી જાય... જેમ બધી મહેનત માતા-પિતા કરે અને દીકરાઓ વગર મહેનતે એના ફળ ભોગવે... જેમ ડ્રાઈવર આખી રાત જાગીને બસ ચલાવવાની મહેનત કરે ને મુસાફરો મસ્તીથી ઊંઘતા ઊંઘતા ઈષ્ટસ્થાને પહોંચી જાય...

એમ અમારા મહાન ગુરુના પ્રતાપે અમે બધા સંસાર તરી જશું, અમારે ગભરાવાની જરૂર નથી. લોખંડ આમ તો નદીમાં ન તરે, ડૂબી જ જાય. પણ મોટા લાકડાના વહાણમાં લોખંડ મૂકવામાં આવે તો એ વહાણના પ્રતાપે ટનબંધ લોખંડ પણ છેક આખો દરીયો તરીને સામે પાર પહોંચે.

બસ, અમારી હાલત આ લોખંડ જેવી છે. અમે જો એકલા હોઈએ તો તો સંસારમાં ડુબીએ જ. પણ અમારા મહાન ગુરુ મોટા વહાણ જેવા છે. અમે એમાં બેઠા છીએ એટલે એ અને અમે બધા સંસાર તરી જશું. ←

આ દુનિયા એવી છે કે કોઈપણ ખોટી વસ્તુ ય સાચી સાબિત કરવી હોય તો એના અનેક દૃષ્ટાન્તો અહીં મળી રહે. આ લોકોને ય એવા દૃષ્ટાન્તો મળી રહે છે.

પણ એ હકીકત તેઓ સમજતા નથી કે કાચનો ટૂકડો હીરાની બાજુમાં રહે એટલે હીરો ન બની જાય. હા ! કદાચ હીરાના તેજને લીધે તત્કાળ એ ટૂકડો પણ તેજસ્વી લાગે એ બને. પણ એ છેવટે તો કાચનો ટૂકડો જ રહે.

એમ જો શિષ્યો-સાધુઓ સ્વયં કાચના ટુકડા જેવા હોય તો એ ભલેને તીર્થંકર જેવા મહાન ગુરુની પાસે રહે, તો ય તેઓ એવા ને એવા જ રહે. ગુરુની નજીકમાં રહેવા માત્રથી તેઓ ગુણવાન બની જતા નથી, અને એટલે જ એવા ગુણહીન લોકોનો મોક્ષ થતો નથી.

ઓ સીમંધર ભગવાન ! અમારા ભરતક્ષેત્રમાં આવી તો કેટલી બધી વાતો ચાલે

છે, કેટલી બધી ભ્રમણાઓ ચાલે છે... તમે સાંભળો તો ખરા.

દેવ ! મને તો માટે જ અહીં બિલકુલ આનંદ આવતો નથી, આવી મિથ્યા વાતોને લીધે મન પરેશાન થઈ જાય છે. આ તો ઠીક છે કે તારા અદ્‌ભુત ગુણો મને જાણવા મળ્યા છે, અને એના પર મને અનુરાગ પ્રગટ્યો છે, એટલે એ ગુણાનુરાગની મસ્તીમાં આ ભરતક્ષેત્રમાં ય હું આનંદ માણી શકું છું. બાકી તો અહીં આત્મિક આનંદ મળવો ભારે મુશ્કેલ થઈ પડ્યો છે.

– x – x –

<u>શિષ્ય :</u> તમે આગળ જ કહ્યું કે દૃષ્ટાન્ત તો બધી જ બાબતમાં મળી રહે છે. જેમ લાકડાથી લોખંડ તરે... એ દૃષ્ટાન્ત અમને મળ્યું. તેમ તમે 'કાચ રત્નના સંપર્કથી રત્ન ન બને...' એ વાત કરી... પણ તમે પણ એક દૃષ્ટાન્ત જ લાવ્યા ને ? તો બોલો, બંને પ્રકારના દૃષ્ટાન્તો મળે છે. તમારું દૃષ્ટાન્ત સાચું માનવું ? કે અમારું દૃષ્ટાન્ત સાચું માનવું ?

વળી શાસ્ત્રપાઠની જો વિચારણા કરીએ તો શાસ્ત્રપાઠ અમારી તરફેણમાં છે. શાસ્ત્રમાં એક ગાથા આપી છે કે अंबस्स य निंबस्स य दुण्हंपि समागयाइं मूलाइं । संसग्गेण विणट्ठो अंबो निंबत्तणं पत्तो । આંબાના અને લીમડાના મૂળ જમીનમાં ભેગા થયા, એમાં આંબો લીમડાના સંપર્કના કારણે ખતમ થયો, કડવાશ પામ્યો...

એમ उत्तमजणसंसग्गी सीलदरिद्दंपि कुणइ सीलड्ढं । जह मेरुगिरिविलग्गं तणंपि कणगत्तणमुवेइ । ઉત્તમ માણસોનો સંપર્ક ચારિત્રથી ગરીબ માણસને પણ ચારિત્રથી ધનવાન કરી દે છે. જેમ મેરુપર્વત પર લાગેલું તણખલું પણ મેરુના સંપર્કને કારણે સુવર્ણપણાને પામે છે. (સોના જેવું દેખાય છે.)

આમ સારી વસ્તુ ખરાબના સંપર્કથી ખરાબ બને, ખરાબ વસ્તુ સારી વસ્તુના સંપર્કથી સારી બને... આ બંને બાબતો ખુદ શાસ્ત્રકારોએ જ દર્શાવી છે અને એના દૃષ્ટાન્તો પણ આપ્યા છે. અને તમે સ્પષ્ટ ના પાડો છો કે 'માત્ર સદ્‌ગુરુના સંપર્કમાત્રથી મોક્ષ ન મળે...' આવું કહીને તમે શાસ્ત્રની જ વાતોને તોડી રહ્યા છો...

<u>ગુરુ :</u> ના. શાસ્ત્રોના પાઠોમાં અને અમે દર્શાવેલી બાબતમાં મહત્ત્વનો તફાવત છે. અમારું એમ કહેવું છે કે માત્ર ગુરુની પાસે રહે, એટલે મોક્ષ મળી જાય એ વાત ખોટી. ગુરુની પાસે રહે, અને ગુરુના ગુણો પોતાનામાં ઉતારે તો ચોક્કસ મોક્ષ પામે. એમાં ગુરુ

નિમિત્ત કારણ બને, શિષ્ય પોતે ઉપાદાન કારણ બને.

નિમિત્તકારણ પામીને ઉપાદાનકારણ સુધરે તો ચોક્કસ મોક્ષ મળે, પણ ઉપાદાન કારણમાં કશો જ ફેરફાર ન થાય તો પછી મોક્ષ ન જ મળે.

તમે તો એમ જ માનો છો કે 'ગુરુ પાસે રહ્યા એટલે મોક્ષ થઈ જ ગયો...' અમારો વાંધો આવી એકાન્ત માન્યતાની વિરુદ્ધમાં છે. અભવ્યો ગુરુ પાસે આખી જીંદગી રહ્યા છે... એવા પ્રસંગો અનંતીવાર બન્યા છે, છતાં અભવ્યોનો મોક્ષ નથી થયો. એટલે એ પદાર્થ તો નિશ્ચિત જ છે કે ગુરુની પાસે રહીને ગુરુના ગુણો જો પોતાનામાં ઉતારે, તો જ એ સાધુ કલ્યાણ પામે, ખાલી પાસે રહેવા માત્રથી કલ્યાણ ન પામે.

<u>શિષ્ય :</u> ગુરુ પાસે રહેનારા સાધુઓમાં ગુણવિકાસ ન પણ થાય એ આપની વાત સાચી. પણ છતાં તે સાધુઓ જો ગુરુની સાથે જ રહે તો એમને સુસાધુ જ માનવા જોઈએ. ભલે એ ગુણસંપન્ન નથી બન્યા પણ ગુરુની પાસે તો રહ્યા ને ? એ જ એમનો મોટો ગુણ !

<u>ગુરુ :</u> તેં કહ્યું, એવી માન્યતા પણ કેટલાકો ધરાવે છે ખરા.

<u>કોઈ કહે જે ગચ્છથી ન ટળીયા, નિર્ગુણી પણ સાધો રે...</u>
<u>જ્ઞાતિમાંહે નિર્ગુણી પણ ગણીએ, જસ નહિ નાતિબાધો રે... ॥૩॥</u>

<u>ગાથાર્થ :</u> કોઈ કહે છે કે "જે સાધુઓ ગચ્છમાંથી બહાર નથી થયા, તેઓ નિર્ગુણી હોય તો પણ સાધુ માનવા. જેમ જેને જ્ઞાતિમાંથી બહાર કાઢવામાં ન આવ્યો હોય તે માણસ નિર્ગુણી હોય તો પણ જ્ઞાતિમાં ગણાય."

<u>ભાવાર્થ :</u> → મોટી જ્ઞાતિમાં બધા માણસો સારા નથી હોતા, 'ગામ હોય ત્યાં ઉકરડો હોય' એ ન્યાયે અમૂક માણસો તો વિચિત્ર હોવાના જ. છતાં જયાં સુધી એ માણસો નાતબહાર ન થાય, જ્ઞાતિ જયાં સુધી એમને નાતની બહાર કાઢી ન મૂકે, ત્યાં સુધી એ માણસો ભલે ખરાબ હોય તો ય જ્ઞાતિમાં જ ગણાય.

બધા જાણે કે 'આ ભાઈ આવા આવા દોષોવાળો છે.' છતાં બધા એને પોતાની જ્ઞાતિમાં જ ગણે. કેમકે હજી એ ભાઈ નાતની બહાર મૂકાયા નથી.

બસ, એ જ રીતે કોઈ સાધુ ભલેને મોટી ગરબડવાળો હોય, ભલેને સાધુતા પ્રત્યે લેશ પણ અનુરાગ વિનાનો હોય, પણ હજી સુધી એ ગચ્છમાં છે ને ? હજી સુધી એને ગુરુએ ગચ્છ બહાર નથી કર્યોને ? તો એ સાધુ સંઘમાં જ ગણાય, સાધુ જ ગણાય... ←

શિષ્ય ! કેટલાકો આવું માને છે પણ એ બરાબર નથી.

કેમકે

<u>ગુણ-અવગુણ ઈમ સરિખા કરતો, તે જિનશાસનવૈરી રે.</u>
<u>નિરગુણ જો નિજ છંદે ચાલે, તો ગચ્છ થાએ સ્વૈરી રે. ॥૪॥</u>

<u>ગાથાર્થ :</u> આ પ્રમાણે જે ગુણ અને અવગુણને સરખા કરે, તે જિનશાસનનો શત્રુ જાણવો. કેમકે જો નિર્ગુણી સાધુ પોતાની ઈચ્છા પ્રમાણે ચાલે, તો આખો ગચ્છ સ્વચ્છંદી બને.

<u>ભાવાર્થ :</u> ગચ્છમાં રહેલા ગુણસંપન્ન સાધુઓ અને એ જ ગચ્છમાં રહેલા ગુણહીન સાધુઓ એ બધાને તું એકસરખા ગણવા માંગે છે ને ? બધાને એક સરખા વંદનીય-પૂજનીય માનવા માંગે છે ને ? પણ આનું નુકસાન તને ખબર છે ?

ગચ્છના બે-ત્રણ સાધુઓ આધાકર્માદિ કરાવતા હોય, વાપરતા હોય... અને બાકીના સાધુઓ નિર્દોષ ગોચરી માટે વ્યવસ્થિત પ્રયત્ન કરતા હોય... હવે જો પેલા બે-ત્રણ સાધુઓને ઠપકો ન અપાય, એ દોષથી અટકાવાય નહિ... વધારામાં એમના પર્યાય પ્રમાણે વંદનાદિ બધું જ ચાલુ રહે, બધા જ માન-સન્માનો અપાયા જ કરે તો એ બે-ત્રણ સાધુઓ તો નિષ્ઠુર બની, પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવાના જ, વધુમાં બીજા સાધુઓ પણ આ જુએ કે 'એમને કોઈ ઠપકો અપાતો નથી - પ્રાયશ્ચિત્ત અપાતું નથી - તેઓ બિન્ધાસ્ત બનીને દોષો સેવે છે...' આ બધું જુએ, એટલે ધીરે ધીરે બાકીના સાધુઓ પણ સ્વચ્છંદી બનતા જાય. ગુરુ એને સમજાવવા જાય તો તરત જ સામે જવાબ આપે કે "તમે એને કેમ નથી કહેતા ?" એટલે ગુરુએ પણ જીભ બખોલમાં જ રાખી મૂકવી પડે... આ રીતે તો આખો ગચ્છ સ્વચ્છંદી થાય.

આવું તો દરેક બાબતોમાં સમજી લેવું.

બે-ત્રણ સાધુઓ વિજાતીય-પરિચય કરે, સ્ત્રીઓ સાથે વાતો કરે, હસી-મજાક કરે, એકલા બેસે... જો આ બધું ચલાવી લેવાય તો આવતીકાલે આખો ગચ્છ આ ઉન્માર્ગે આગળ ધપે. બધા જ સ્વચ્છંદી બનવા લાગે.

બે-ત્રણ સાધુઓ પૈસા માંગે, ટ્રસ્ટો બનાવે, એનો વહીવટ પોતે સંભાળે... જો એ સ્વચ્છંદ બનીને ચાલે તો આખો ગચ્છ એ જ રીતે પૈસાઓની લેવડ-દેવડ કરતો થઈ જાય.

એક વાત સમજી લેવી કે મોટાભાગના જીવો નિમિત્તવાસી છે. એટલે જો

નિમિત્ત ખરાબ મળે તો તેઓ એ પ્રમાણે કરતા થઈ જ જવાના. એમને અટકાવવા હોય તો એક જ ઉપાય છે કે એમને ખરાબ નિમિત્તો જ ન મળવા દેવા. એ માટે કોઈપણ સાધુની નાની-મોટી શિથિલતાઓ ચાલવા ન દેવી. એને એ બદલ ઠપકો આપવો - એને દોષો સેવતા અટકાવવો... આ બધું જો બને તો આખો ગચ્છ એ દોષોમાં આગળ વધતો અટકે, અનવસ્થા ઊભી થતી અટકે.

રે ! આજ કારણસર ગચ્છમાં ગીતાર્થોએ માંદગી વગેરે કારણોસર કોઈક દોષો સેવવા પડે ને, તો ય બાકીના સાધુઓ ન જાણે એ રીતે દોષો સેવે. કેમકે પુષ્ટ કારણને લીધે દોષો સેવ્યા વિના ચાલે એમ નથી, અને બીજી બાજુ જો બધા જાણે, રોજ જુએ તો બધામાં ખોટા સંસ્કાર પડે. બધા દોષો સેવવા લાગે, એમને અટકાવવા ભારે પડી જાય.

એટલે જો અનવસ્થા અટકાવવી હોય, આખા ગચ્છને સ્વચ્છંદી બનતો અટકાવતો હોય તો એનો ઉપાય આ જ છે કે એકપણ સાધુમાં નાના-મોટા દોષો ચાલવા ન દેવા, એનો તરત જ પ્રતિકાર કરવો. એને દોષ સેવતા અટકાવવો.

એક સાધુની શિથિલતા આખા ગચ્છની શિથિલતાનું મૂળ છે.

એક સાધુની શિથિલતા ચેપીરોગની માફક ધડાધડ આખા ગચ્છમાં ફેલાઈ જાય...

એટલે જ ગચ્છમાં રહેલા નિર્ગુણીઓને પણ સુસાધુ માની લેવાની વાત બિલકુલ વ્યાજબી નથી, એ રીતે એમને પ્રોત્સાહન આપવાની વાત કે બધું ચલાવી લેવાની વાત શાસ્ત્રમાન્ય નથી.

<u>શિષ્ય :</u> ધારો કે એક સાધુ મહાવ્રતની ગરબડો કરે છે. તો ત્યાં શું પગલા લઈ શકાય ?

<u>ગુરુ :</u> દૃષ્ટાન્ત દ્વારા આ વાત સમજીએ.

શરીરના અમૂક ભાગમાં બગાડ થાય તો ડોકટરો પહેલો વિકલ્પ એ અપનાવે કે "દવા વગેરે દ્વારા એ બગાડ દૂર થાય." પણ જો દવાથી બગાડ દૂર ન થાય તો છેવટે એ બગાડ વધતો વધતો આખા શરીરને ખતમ ન કરી દે એ માટે બગાડવાળો ભાગ કાપી નાંખીને બાકીના શરીરની રક્ષા કરે.

આ ગચ્છ એક શરીર છે, એમાં રહેલા દરેકે દરેક સાધુઓ એ શરીરના જ અંગો છે. એમાં એકાદ સાધુ બગડે તો ગુરુ રૂપી ડોકટર સૌપ્રથમ તો આલોચના-

પ્રાયશ્ચિત્તાદિ દ્વારા એ સાધુનો બગાડ જ દૂર કરે, સાધુને સુધારી દે...

પણ જો એ શક્ય ન બને, કોઈપણ હિસાબે એ બગડેલો સાધુ સુધરે એવી શક્યતા ન રહે તો પછી ગુરુ એ બગડેલા શિષ્યને ગચ્છમાંથી કાઢી મૂકે... એ રીતે બાકીના આખા ગચ્છની રક્ષા કરે.

કાં તો બગાડને ખતમ કરવો, નહિ તો બગાડવાળાને દૂર કરવો આ બે જ ઉપાય છે, વિશાળગચ્છમાં અનવસ્થા ફેલાતી અટકાવવાના !

<u>શિષ્ય :</u> પણ આપે જ પહેલા કહેલું કે આજે તો દરેકે દરેક સાધુમાં નાના-નાના દોષો તો હોવાના જ. હવે જો એ દોષો દૂર ન કરી શકાય તો આખા ગચ્છને કાઢી મૂકવો પડે ને ? એકે ય બાકી ન બચે. ખુદ ગુરુ પણ નહિ.

<u>ગુરુ :</u> પડતો કાળ હોવાથી અને નાના દોષો લગભગ અવશ્ય રહેવાના હોવાથી આ અંગે બે વિચાર કરી શકાય. (૧) નાના-નાના દોષો અટકે, દૂર થાય, છેવટે ઘટે એ માટેના પ્રયત્નો ચોક્કસ કરવાના. પણ એમાં સફળતા ન મળે તો ય એમાં એ સાધુને ગચ્છમાંથી કાઢી મૂકવાની, શિક્ષા કરવાની જરૂર નહિ. ચોક્કસ એ નાના દોષો પણ ગચ્છમાં સ્વચ્છંદતા તો ઉભી કરે જ છે, એ નાના દોષો બધામાં ફેલાતા જવાની સંભાવના રહે છે. છતાં એ દોષો ચારિત્રનો ઘાત જ કરી નાંખે એવા ભયંકર ન હોવાથી અને વર્તમાનમાં એવા નાના-નાના દોષોનો નિકાલ દુઃશક્ય હોવાથી એમાં સાધુને ગચ્છમાંધી કાઢી ન મૂકવો.

પણ જો મોટા દોષોનું સેવન હોય, અને એ પ્રાયશ્ચિત્તાદિ દ્વારા પણ ન અટકે તો ગચ્છરક્ષા માટે સાધુને ગચ્છમાંથી કાઢી મૂકવો એ જ ઉપાય છે.

આ પદાર્થ યોગ્ય પણ લાગે છે. કેમકે

→ મુહપત્તિનો ઉપયોગ ન રાખે એને ગચ્છમાંથી કાઢી મૂકવો શક્ય બનશે ? આજે યોગ્ય ગણાશે ?

→ વિહારમાં વાતચીત કરે તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો શક્ય બનશે ? આજે યોગ્ય ગણાશે ?

→ કપડા વહેલા વહેલા ધુએ તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો શક્ય બનશે ? આજે યોગ્ય ગણાશે ?

→ ઇરિયાવહી વગેરે બેઠા બેઠા કરે તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો શક્ય બનશે ? આજે યોગ્ય ગણાશે ?

આવા તો સેંકડો દોષો એવા છે કે જેમાં ગચ્છમાંથી કાઢી મૂકવો એ ઉચિત પગલું નથી.

પણ

→ ચોથાવ્રતની ગરબડો કરે, ન અટકે, બધું ચાલુ રાખે તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો પડે ને ?

→ પૈસા-સોનું-જમીન-મિલ્કત ભેગી કરે, માલિક બને તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો પડે ને ?

→ મારામારી કરે, ગાળાગાળી કરે, ઝઘડાઓ બેહદ કરે તો એને ગચ્છમાંથી કાઢી મૂકવો પડે ને ?

આમાં નાના દોષોની ઉપેક્ષા કરવાનો ઉપદેશ નથી, એ દોષો ચલાવી લેવાની ય વાત નથી, પણ એ દોષો સંપૂર્ણ નીકાળી ન શકાય તો સાધુને જ નીકાળી દેવાની પ્રવૃત્તિ ગેરવ્યાજબી બની રહે એટલું જ અત્રે દર્શાવવું છે.

બાકી એ હકીકત છે કે નાના દોષોની સ્વચ્છંદતાઓ અને મોટા દોષોની પણ સ્વચ્છંદતાઓ વધી તો છે જ. દેખાદેખીનું ઝેર, અનવસ્થાનું ઝેર ઘણી બધી જગ્યાએ ફેલાયેલું જોવા મળે.

એકે ડોળી-વ્હીલચેર વાપરી, ઘણામાં વપરાશ શરુ થઈ ગયો.

એકે માણસો-સાઈકલો રાખવાનું શરુ કર્યું, ઘણાઓ બધું રાખતા થઈ ગયા.

એકે મોબાઈલોનો સીધો-આડકતરો ઉપયોગ શરુ કર્યો, ઘણાઓ એ રીતે ઉપયોગ કરતા થઈ ગયા.

કમસેકમ, મોટી ગણાતી બાબતોમાં, તો આ રીત ચલાવી ન જ લેવી જોઈએ.

એટલે જ આવા નિર્ગુણીઓને ગુણવાનોની સમાન ગણનારાઓ ખરેખર તો શાસનને જ મોટું નુકસાન કરી રહ્યા છે.

– x – x –

<u>શિષ્ય :</u> તમે કહ્યું એ વાત તો સાચી કે નિર્ગુણીઓના અવગુણોને ભગાડી મૂકો, નહિ તો છેવટે નિર્ગુણીને જ કાઢી મૂકવા.

પણ ગુરુજી ! આવું અત્યારે તો ઓછું દેખાય છે. ઊલ્ટું ક્યારેક ક્યારેક સાવ જ વિપરીતપ્રવૃત્તિ જોવા મળે છે.

+ કોઈક ગુરુ એવા છે કે પોતાના સાધુની ગંભીર ભૂલ પકડાય તો કહે છે કે

"એ મારો શિષ્ય છે. એણે મારી પાસે આલોચના કરી લીધી છે. મેં એને પ્રાયશ્ચિત્ત આપી દીધું છે. એટલે આ બાબતમાં કોઈએ ડહાપણ કરવાની જરૂર નથી." બીજી બાજુ ન તો એ સાધુમાં એ દોષ અટકેલો દેખાય કે ન તો એ સાધુમાં ગંભીરભૂલને યોગ્ય પ્રાયશ્ચિત્ત દેખાય... બધું પૂર્વની જેમ જ ચાલે. છતાં કહેવાય એમ કે આલોચના-પ્રાયશ્ચિત્તાદિ વિધિ પતી ગઈ છે.

+ કોઈક ગુરુ એમ કહે છે કે "મારા શિષ્યે ગંભીર ભૂલ કરી છે, એ વાત સાચી. પણ જો હું કંઈપણ પગલા લઈશ, એને મોટું પ્રાયશ્ચિત્ત આપીશ કે કાઢી મૂકીશ, તો બધાને આ વાતની ખબર પડશે કે 'ફલાણાએ ગંભીરભૂલ કરી છે' પરિણામે બધે શાસનહીલના થશે. એ અટકાવવા માટે આ બધી વાતોને ખાનગી રાખવી જરૂરી છે. એટલે જ એને પ્રાયશ્ચિત્ત આપ્યું નથી, કે કાઢી મૂકયો નથી.

+ કોઈક ગુરુ એમ કહે છે કે "સાધુપણામાં ગંભીરભૂલો કરવાની તક ઘણી જ ઓછી મળે, એટલે એ જો સાધુવેષમાં રહેશે તો પાપ કરશે તો ય ઓછા કરશે. જો હું એને કાઢી મૂકીશ તો ઘરે જઈને તો આ સોગણા પાપ કરતો થઈ જશે. આવું ન બને એ માટે હું એને અહીં જ રાખી મૂકું છું. એ પ્રાયશ્ચિત્તની ના પાડે છે, તો એ પણ ચલાવી લઉં છું. એ બધું માત્ર એને મોટા પાપોમાંથી બચાવવા...

+ કોઈક ગુરુ એમ કહે છે કે "આ સાધુએ ગંભીર ભૂલ કરી છે. એ વાત સાચી. એ સુધરવાનો નથી એ પણ સાચું. પણ જો એને કાઢી મૂકીશ, તો એ મારા પર ખોટા આરોપો મૂકીને મને બદનામ કરશે. ઉપરાંત આ સાધુ બીજા સાધુઓની પણ જે જે ભૂલો જાણતો હશે, એ બધી જગજાહેર કરીને બધાને બદનામ કરશે. એ સાધુઓને જીવવું ઝેર બની જશે... આવું ન બને માટે હું એની ગંભીરભૂલો જાણવા છતાં કોઈ પગલા લેતો નથી."

+ કોઈક ગુરુ એમ કહે છે કે "આખા વિશ્વમાં બ્રહ્મચર્ય પાળનારા કેટલા ? યૌવનવય પામી ચૂકેલામાંથી ૧% પણ બ્રહ્મચારી નહિ મળે. એનો અર્થ જ એ કે આ અબ્રહ્મસંજ્ઞા અતિ-ખતરનાક છે, એ બધાને સતાવે. સાધુને ય સતાવે. અને એટલે જ સાધુ વાસનાપીડિત બનીને કોઈક ભૂલ કરી બેસે તો એમાં ગભરાવા જેવું કશું નથી. આવું બધું તો ચાલ્યા જ કરે. એની ઝાઝી ચિંતા નહિ કરવાની... આ જ કારણસર હું આ ગંભીરભૂલ કરી બેઠેલા સાધુને પણ નભાવી લઉં છું. પ્રાયશ્ચિત્ત પણ નથી આપતો કે કાઢી પણ નથી મૂકતો...

હવે

આવા તો અનેકાનેક તર્કો-વિતર્કો દ્વારા આજે ગંભીરભૂલવાળાઓને પણ બધી જ રીતે સહાય કરાય છે, સત્તાધારીઓ પણ આ પ્રમાણે કરે છે. તો શું સમજવું ?

વળી

કેટલાકોને એવો ડર છે કે "મારા શિષ્યને હું કાઢી મૂકીશ, તો મારો શિષ્ય – પરિવાર ઘટી જશે. કેમકે મારા શિષ્યો ખૂબ ઓછા છે."

કેટલાકોને એવો ડર છે કે "મારો આ શિષ્ય જ મારા અંદરના-બહારના બધા કામો સંભાળે છે, જો એને કાઢી મૂકીશ, તો પછી મારા કામો કોણ સંભાળશે ?"

કેટલાકોને એવો ડર છે કે "મારો આ શિષ્ય મારી અને મારા ગ્રુપની બધી જ બાબતોનો જાણકાર છે. જો એને કાઢીશ તો એ મારા ભંડાઓ ફોડ્યા વિના નહિ રહે. ચારેબાજુ મારો અપયશ થશે..."

હવે તમે જ મને સમજાવો કે આમાં સત્ય શું ?

<u>ગુરુ :</u> આ સત્ય ગચ્છાચારપયન્ના જ તને સમજાવશે.

<u>નિર્ગુણીનો ગુરુ પક્ષ કરે જે, તે ગચ્છ ત્યજવો દાખ્યો રે.</u>

<u>તે જિનવર મારગનો ઘાતક, ગચ્છાચારે ભાખ્યો રે...॥૫॥</u>

<u>ગાથાર્થ :</u> ગચ્છાચારમાં કહ્યું છે કે "જે ગુરુ નિર્ગુણી સાધુનો પક્ષ કરે, તેમનો ગચ્છ છોડી દેવો. એ ગુરુ જિનેશ્વરદેવના માર્ગના ઘાતક છે..."

<u>ભાવાર્થ :</u> શ્રી ગચ્છાચારપયન્નામાં કહ્યું છે કે -

जहिं नत्थि गुणाण पक्खो, गणी कुसीलो कुसीलपक्खधरो । सो य अगच्छो गच्छो संजमकामीहिं मुत्तव्वो । જે ગચ્છમાં ગુણોનો પક્ષપાત નથી. ગચ્છાચાર્ય સ્વયં કુશીલ છે કે સ્વયં શીલવાન હોવા છતાં ખરાબચારિત્રવાળાનો પક્ષ કરનાર છે. એ ગચ્છ ગચ્છ જ ન કહેવાય. સંયમાર્થી આત્માએ આવા ગચ્છનો ત્યાગ કરવો.

मूलगुणेहिं विमुक्कं बहुगुणकलियंपि लद्धिसंपन्नं । उत्तमकुले वि जायं निद्धाडिज्जइ <u>तयं गच्छं ।</u>

ગચ્છમાં કોઈ સાધુ બ્રહ્મચર્યાદિ રૂપ મૂલગુણોથી ભ્રષ્ટ થયો હોય તો તે સાધુ બીજા ઘણા ગુણોવાળો હોય તો પણ, લબ્ધિસંપન્ન અને ઉત્તમકુલમાં જન્મેલો હોય તો પણ જે ગચ્છમાં આવા સાધુને કાઢી મૂકવામાં આવે છે એ જ સાચો ગચ્છ છે.

શિષ્ય ! 'જેને નાચવું નથી; એને આંગણું વાંકું જ લાગવાનું.' એ ન્યાયે જેઓ

જિનશાસનની રક્ષા માટે સુયોગ્ય પગલા લેવા, પોતાના તરફથી પણ શક્ય ભોગ આપવા તૈયાર ન હોય તેઓ તેં દર્શાવેલા ૫-૭ બહાનામાંથી એકાદ બહાનું આગળ કરીને એ મૂલગુણભ્રષ્ટોને પણ સાચવી લેશે. પણ આનો અંજામ સ્પષ્ટ છે કે ગચ્છમાં ધીમે ધીમે અંધાધુંધી ફેલાશે, દોષસેવન વધતું જશે... એકને સાચવવા જતા બીજા દસનું કચુંબર થઈ જશે... પણ એ ગુરુને આ બધું નહિ સમજાય.

એમાં

જો ગુરુ સ્વયં એવા મોટા પાપોનો ભોગ બન્યા હોય, અને એટલે જ 'પોતાના પાપોને જાણી ચૂકેલો શિષ્ય એને પ્રગટ ન કરી દે' એ માટે શિષ્યના એવા જ મોટા પાપોને ઢાંકી દેતા હોય, ચૂપચાપ ચલાવી લેતા હોય, આંખ બંધ જ કરી દેતા હોય... એ ગુરુ ઘોર ચારિત્રમોહનીય બાંધે. જિનશાસનને દગો દેવાનું આ ઘોર પાપ એમને અનંતસંસારી બનાવે તો લગીરે આશ્ચર્ય નહિ.

જે ગુરુ સ્વયં નિર્દોષ હોવા છતાં, શિષ્ય પ્રત્યે અંધરાગ ન હોવા છતાં તે શિષ્ય દ્વારા પોતાના ગોચરી-પાણી-કાપાદિ તમામ કાર્યો સચવાતા હોવાથી પોતાની અનુકૂળતાઓને કારણે શિષ્યની ગંભીર ભૂલોને ચલાવી લે એ પણ દોષપાત્ર તો બને જ. પોતાના સ્વાર્થ ખાતર શાસનની ઘોર ઉપેક્ષા એ કંઈ નાનું પાપ નથી.

આમ મનની જાતજાતની મેલાશથી ભરેલા ગુરુ જો ભ્રષ્ટ સાધુને ચલાવી લે તો એ અધ્યવસાય પ્રમાણે ભયંકર પાપ બાંધે એ નિશ્ચિત હકીકત છે.

પણ કેટલાક ગુરુ એવા હોય છે કે જે સ્વયં ચારિત્રસંપન્ન છે, સ્વયં શિષ્યના અંધરાગથી વિમુક્ત છે, સ્વયં કોઈ સ્વાર્થભાવનામાં ફસાયેલા નથી. છતાં સ્વભાવથી જ ભીરુ છે. "શિષ્ય મારા પર ખોટા આરોપ મૂકશે તો ? શિષ્ય દ્વારા ચારેબાજુ વધારે હીલના થશે તો ? શિષ્ય આખા ગચ્છની બદબોઈ (નિંદા) કરશે તો ? શિષ્ય કાયમ માટે મારો દુશ્મન બનીને મને પરેશાન કરશે તો ?..." આવા આવા ગભરાટને લીધે કોઈપણ પગલા ન લઈ શકે, શિષ્યનું આદેયનામ કર્મ, પરાઘાત નામકર્મ, યશનામકર્મ આ બધામાં શિષ્યને સહાયક બને. આવી પરિસ્થિતિમાં ગુરુ અંતરથી એવું માનતા પણ હોય કે "મારે કડક પગલા લેવા જોઈએ" છતાં ભયને લીધે કોઈ પગલા ન લઈ શકે. આવા ગુરુ જો કે યોગ્ય તો નથી જ કરતા, છતાં એમના મનમાં કોઈ રાગ, દ્વેષ કે અજ્ઞાન નથી, છે માત્ર ભય ! એટલે તેઓ વિશેષદોષના ભાગીદાર બનતા નથી. અલબત્ત એમના આવા વર્તનથી શાસનને નુકસાન થવાનું

એ ચોક્કસ ! પણ સ્વયં પોતે મલિનભાવવાળા ન હોવાથી આત્મિક નુકસાન ન પામે. છેવટે તો જીવનો અધ્યવસાય જ એના હિત કે અહિતમાં મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે.

કેટલાક ગુરુઓ અજ્ઞાનતાને લીધે, અણસમજને લીધે ખોટા નિર્ણય લઈ લેતાં હોય છે. તેં જે બધા વિકલ્પો બતાવ્યા, તેમાંના ઘણા વિકલ્પો તો આ અજ્ઞાનતાની જ પેદાશ છે.

કુપાત્રશિષ્યને કાઢી મૂકવાથી ચારેબાજુ શાસનહીલના થશે, એ સમજણ અજ્ઞાનભરપૂર નથી શું ? રે ! લોકો તો ખુશ થશે કે "જિનશાસનમાં ન્યાય જબરદસ્ત છે. અહીં કોઈની શરમ ખવાતી નથી. જેની જે ભૂલ, એને એની શિક્ષા અપાય છે. કોઈ પક્ષપાત નહિ, કોઈ ખેંચતાણ નહિ ! અકલંકી ન્યાય !"

રે ! કદાચ એ બહાર કઢાયેલો સાધુ ખોટા આરોપો મૂકે તો ય શું ? એ રીતે ગભરાઈ જવાથી શું વળે ? પછી તો એ સાધુ વારંવાર ગભરાવ્યા જ કરશે. શું કરશો ? એ વખતે એટલું સમજવું જોઈએ કે

→ એ અપાત્ર સાધુ ભલે ગમે એટલો પ્રચાર કરે, એને સાચો કોણ માનશે ? સજ્જનો સાચી વાત સમજવાના જ છે. કદાચ થોડાક કાળ માટે કંઈક ખરાબ ફળ પણ દેખાય, પણ અંતે તો એની અપાત્રતા છતી થવાની જ... લોકો સચ્ચાઈ સમજવાના જ.

→ એ વખતે મૌન રાખીએ એટલે અપાત્ર સાધુ પાંચ-દસ દિવસ હોબાળો કરીને છેવટે થાકશે, પોતાના રસ્તે પડશે. મક્કમ રીતે એનો નિકાલ કરીને ચૂપચાપ બેસી રહેવું... જાહેરમાં એનો કોઈ વિરોધ કરવા તરફ મન જ ન રાખવું.

→ આખરે આવા અપાત્ર સાધુઓ પ્રાયઃ નિષ્પુણ્યક જ હોય. બહારથી તગડા દેખાતા તેઓ અંદરથી ખોખલા જ હોય છે. એના બાહ્ય આડંબરથી ગભરાઈ જવાને બદલે મક્કમપણે પગલા લેવામાં આવે, એમાં એ જીવ પ્રત્યે દ્વેષભાવ બિલકુલ નહિ, પણ શાસનરક્ષાનો એકમાત્ર પવિત્ર ઉદ્દેશ જ ભેળવવામાં આવે... તો એ અપાત્ર સાધુઓ કશું નુકસાન ન કરી શકે.

આવી બીજી પણ અજ્ઞાનતાઓ સામે અનેક સમાધાનો આપી શકાય છે. પણ એમાં ઘણો વિસ્તાર થઈ જાય, એટલે આટલા જ સમાધાનો કરીને વિરમું છું.

આપણે મૂળ વાત પર આવીએ કે

ગુરુ મૂલગુણઘાતીનો પક્ષપાત કરે, પ્રાયશ્ચિત્ત ન આપે કે વહન ન કરાવે... તો એ શાસનના શત્રુ જાણવા, જિનેશ્વરમાર્ગના ઘાતક જાણવા. આવા ગચ્છમાં સંયમપાલન દુષ્કર છે. એટલે જ એ ગચ્છ છોડી દેવો એ જ એકમાત્ર શ્રેષ્ઠ માર્ગ છે. છેવટે ગામ ન વળે, તો ગાડું તો વાળવું જ પડે ને ? એમ ગુરુ જો ન સુધરે, ગચ્છમાં શિથિલાચાર ચલાવ્યા કરે, આંખ હોવા છતાં જોવાનું બંધ કરી દે, જીભ હોવા છતાં બોલવાનું બંધ કરી દે... તો આત્માર્થી જીવે પોતાનો રસ્તો શોધી લેવો જોઈએ. નિર્ભય બનીને એ ગચ્છનો ત્યાગ કરીને ઉત્તમ ગુરુના શરણે જીવન સમર્પિત કરી દેવું જોઈએ. બાકી બધું જાણવા છતાં જે માત્ર ગચ્છરાગ - ગુરુરાગ - વ્યક્તિરાગના અંધાપાને લીધે બધું લોલ કે લોલ ચાલવા દે છે તે જીવો આવા આચારભ્રષ્ટ ગચ્છમાં કઈ ઘડીએ પતનની ખાઈમાં જાતે પણ પડી જશે એ તો માત્ર ભગવાન જ જાણે.

ગચ્છરાગ, વ્યક્તિરાગ એવો હોય છે કે પોતાના ગચ્છમાં, પોતે માનેલી ચાહેલી - પૂજેલી વ્યક્તિમાં મોટી ખરાબી હોઈ જ ન શકે એવું દૃઢતાથી માની લેવાય છે. મોટી ખરાબી ખબર પડે તો ય એનો જાત-જાતના બચાવ કરવાનો વિચાર સૂઝે, બધી બુદ્ધિ પોતાના ગચ્છ અને પોતે માનેલી વ્યક્તિના બચાવ કરવામાં જ વપરાઈ જાય... બીજાના ગચ્છના - વ્યક્તિઓના અપ્રગટ - અસ્પષ્ટ દોષો પણ બિન્ધાસ્ત પ્રગટ કરવાની, પ્રસારવાની પ્રવૃત્તિ થઈ જાય.

ઓ ભગવાન ! આમાં રત્નત્રયીની આરાધના ક્યાં ? આમાં મધ્યસ્થભાવ ક્યો ? આમાં સ્યાદ્વાદની વિશાળતા ક્યાં ? ગચ્છ અને વ્યક્તિના નાનકડા કુંડાળામાં જ અટવાઈ ગયેલાઓ વિશ્વવ્યાપી જિનશાસનની સ્પર્શના કરી જ કેમ શકશે ? ભલભલા મહારથીઓમાં ય જયારે આવા ગચ્છરાગ, વ્યક્તિરાગના કાળા સાપોલિયાઓ સાક્ષાત નજરે દેખાય ત્યારે આશ્ચર્ય અને આઘાત સાથે શબ્દો સરકી પડે છે કે "હવે તો ભગવાન બચાવે."

ખેર ! ફરી હાર્દિક પ્રેરણા કરી લઉં કે આપણે આપણા ગચ્છને નહિ, આપણી માનીતી વ્યક્તિને નહિ, આપણા ગ્રુપને નહિ... પણ શાસનને વફાદાર રહેવાનું છે. એવી તટસ્થતા - મધ્યસ્થતા - પારદર્શકતા કેળવવાની છે. ગચ્છરાગાદિ દોષોનું નાનું સરખું કાજળટીપું પણ આપણા આત્માને શ્યામ ન બનાવી દે એ જોવાનું છે. અને એવું થશે તો જ એવા અપાત્ર ગચ્છનો ત્યાગ કરવાનો ભીષ્મ પુરુષાર્થ આદરવો શક્ય બની શકશે.

– x – x –

<u>શિષ્ય :</u> ગુરુજી ! આપે બધી હૈયાવરાળ કાઢી, અમને અપાત્રગચ્છને ત્યાગી દેવા ભારે ઉશ્કેરણીજનક વિધાનો ય કર્યા. અલબત્ત આપની વાતો સાચી છે, એની ના નથી. પણ ક્યારેક આદર્શ અને વાસ્તવિક્તા વચ્ચે રહેલા આભ-ગાભના અંતરને પિછાણી લેવાની ખૂબ જ જરૂર હોય છે. બધા આદર્શો ધરતી પર ઉતારી શકાતા નથી. રે ! આદર્શોના અંશો પણ સાક્ષાત જીવંત બનાવવા લોઢાના ચણા ચાવવા જેવું કામ બની રહે છે.

પ્રસ્તુત વાત જ વિચારીએ.

+ અપાત્રગચ્છને ત્યાગી દેવાની હિંમત તો કરી દેવાય, પણ પછી શું ? આજે આવા સાધુઓને બીજા સારા કહેવાતા ગચ્છો ય જલ્દી સ્વીકારતા નથી. એ ગચ્છત્યાગી તરફ જ શંકાની નજરથી જોવાય છે. એને ગુરુદ્રોહી-ગચ્છદ્રોહી વગેરે વિશેષણોથી નવાજવામાં આવે છે. એ કદાચ પોતાની સાચી રજુઆત કરે તો પણ એ બધી વાત સાચી મનાતી નથી.

+ અયોગ્યગચ્છને બે-ત્રણ સાધુઓ ત્યાગી તો દે, પણ સંઘો એમને સ્વીકારવા તૈયાર ન થાય. એ બે-ત્રણ સાધુઓ જ્યાં જાય ત્યાં બધા એમને પૂછે કે "તમે તમારા ગચ્છથી-ગુરુથી વિખુટા કેમ પડ્યા ?" આ સાધુઓ ખાનદાન હોય તો ગચ્છ-ગુરુની નિંદા કરવાની એમની લેશપણ ઈચ્છા ન હોય... પણ પરિસ્થિતિ એવી ઉભી થાય કે જો સાચી રજુઆત ન કરે તો સ્વયં પોતે જ ગુન્હેગાર સાબિત થાય. એ વખતે કેટલાક સાધુઓ ધીરજ ગુમાવી દઈને અસ્થાને પણ સાચી રજુઆત કરી દે... આ બધું થવા છતાં સંઘ એમની વાત માની જ લે એ શક્યતા ઓછી. કેમકે એમના ગુરુ-ગચ્છ વધુ શક્તિશાળી હોય, એટલે એમની વાત વધારે મનાય. એ ગુરુ-ગચ્છ આ છૂટા પડેલા સાધુઓના જ જાત-જાતના દોષો કાઢે... એટલે લોકો મુંઝાય કે 'સાચું કોણ ? ગુરુ-ગચ્છ ? કે આ છૂટા પડેલા સાધુઓ ?'

મોટાભાગે આ પલ્લું ગુરુ-ગચ્છ તરફ નમે, એટલે છેલ્લે તો છુટા પડેલા સાધુઓને ઘણું સહન કરવાનું આવે.

+ ક્યારેક તો ગુરુ-ગચ્છ તરફથી જાતજાતની ધમકીઓ પણ મળે. એ સંયમાર્થી સાધુઓ ધમકીઓ સામે ગભરાઈ જાય. બીજી બાજુ કોઈની સહાય ન હોવાથી એ ગભરાટ દૂર થવાને બદલે વધતો જ જાય. છેવટે નબળા મનને વશ થઈને એ સાધુઓ સંયમ માટે ગચ્છત્યાગ કરવાનો વિચાર માંડી વાળે. ગચ્છમાં ભલે ગમે તે થાય, બધું

સહન કરવાની તૈયારી કેળવવા માંડે...

આવું આવું ઘણું જ બની શકે છે.

આ કારણસર એમ લાગે છે કે અયોગ્યગુરુનો-અયોગ્યગચ્છનો ત્યાગ કરીને યોગ્યગુરુને શરણે ચાલ્યા જવાનો આદર્શ ધરતી પર ઉતારવો કમસેકમ આ કાળમાં તો ઘણો જ ઓછો શક્ય છે.

તો આપ બતાવો, અમારે શું કરવું ?

અમને કદાચ ખ્યાલ આવી પણ ગયો હોય કે આ ગુરુ-ગચ્છમાં રહેવા જેવું નથી, પણ ડરના કારણે, 'બીજા કોઈ અમને સ્વીકારશે નહિ' એના કારણે, ધમકીઓના કારણે, 'સંઘમાં અમે જ બદનામ થશું' એવી ભીતિના કારણે અમે ગચ્છ-ગુરુને, તેઓ અપાત્ર હોવા છતાં ત્યાગી શકીએ એમ નથી. તો અમારે શું કરવું ?

<u>ગુરુ :</u> એનો ઉત્તર મારે આપવો જ રહ્યો.

<u>ગાથા :</u> <u>વિષમકાળમાં નિર્ગુણગચ્છે, કારણથી જો વસીયે રે.</u>
<u>દ્રવ્ય થકી વ્યવહારે ચલીએ, ભાવે નવિ ઉલ્લસીએ રે. ॥૬॥</u>

<u>ગાથાર્થ :</u> વિષમકાળમાં કારણવશાત જો નિર્ગુણી ગચ્છમાં રહેવું પડે, તો દ્રવ્યથી વ્યવહાર પાળવો, ભાવથી ઉલ્લાસ ન કરવો.

<u>ભાવાર્થ :</u> તેં જે રજૂઆત કરી એ મુખ્યત્વે વિષમકાળનો પ્રભાવ છે. પ્રાચીનકાળમાં સંવિગ્ન મહાત્માઓ ઘણા હતા. એમની સત્તા જબરદસ્ત હતી. તે વખતે શિથિલ ગચ્છો ગભરાતા, એમની કોઈ વિશેષ તાકાત ન રહેતી. એટલે જ એવા શિથિલગચ્છમાંથી આત્માર્થી સાધુ બહાર નીકળે તો બાકીના સંવિગ્નગચ્છો એને સહર્ષ સ્વીકારી લેતા. ન તો એમને ભય લાગતો કે ન તો તેઓ ખોટી શંકાઓ કરતા. હા ! એની પરીક્ષા કરી લેતા કે 'ખરેખર એ સંવિગ્નતાનો પ્રેમી છે ને ? એ માટે જ ગચ્છત્યાગી બન્યો છે ને ?'

પણ આ બધું કામ ઝટપટ થઈ જતું. આજની કોર્ટમાં કોઈ કેસ દાખલ થાય અને ૨૦ વર્ષે પણ એનો નિવેડો ન આવે એવું આમાં ન બનતું. પણ ગામની પંચાયતમાં જેમ ગામના પ્રશ્નોનો જલ્દી નિવેડો આવે એટલું ઝટપટ કામ અહીં થઈ જતું.

પણ બલિહારી આ પંચમકાળની ! કે ધીરે ધીરે સંવિગ્નોની સંખ્યા, સંવિગ્નોની તાકાત ઘટતી ચાલી. અસંવિગ્નો-શિથિલો સંખ્યાથી અને બળથી વધતા ચાલ્યા.

શ્રાવક-શ્રાવિકા સંઘે પણ મુગ્ધ બનીને એ શિથિલોને ભરપૂર ટેકો આપ્યો. આખો સંઘ, આખું શાસન આવા શિથિલોની આંગળીએ ચાલવા લાગ્યું. તેઓ જેમ નચાવે એમ બધા નાચવા તો લાગ્યા જ, પણ એમાં પરમ સંતોષ માનવા લાગ્યા. યોગસારમાં આ બળાપો વ્યક્ત પણ કરાયો કે

"द्वित्राश्चतुरा वापि यदि सर्वजगत्यपि । प्राप्यन्ते शौर्यगाम्भीर्यौदार्यादिगुणवर्णनात्"

આખા વિશ્વમાં શૌર્ય, ગંભીરતા, ઉદારતાદિ ગુણોવાળા જીવો તો બે, ત્રણ કે ચાર માંડ મળે.

बाहुल्येन तदाभासमात्रा अपि कलौ कुतः, बुसप्रायैस्तु लोकोऽयं पूरितो भवपूरकैः ।

રે ! એવા ગુણવાનો તો દૂરની વાત, પણ મોટાભાગે એવા ગુણવાન જેવા લાગે એવા કૃત્રિમ ગુણવાનો પણ આ કળિયુગમાં ક્યાંથી ? આ આખું વિશ્વ માત્ર ભવો પૂરા કરનારા તુચ્છજીવોથી ભરેલું છે...

કલિયુગની વાસ્તવિકતા આશરે એક હજાર વર્ષ પૂર્વેના પ્રસ્તુત ગ્રન્થમાં જો આવી દર્શાવી હોય, તો સતત પડતી પામતા આ કાળમાં આજે શી હાલત હશે શ્રીસંઘની અને શાસનની ? એ તો માત્ર કલ્પના જ કરવાની રહીને ?

એટલે શિષ્ય ! તારી વાત ઘણે અંશે સાચી છે. કયાંક કોઈક જીવ પુણ્ય પ્રભાવે કુગચ્છાદિને ત્યાગીને સારા ગુર્વાદિ પાસે સ્થિર બની જાય એ બને છે ખરું અને બની પણ શકે છે... પણ એવી શક્યતાની ટકાવારી ઓછી રહેવાની !

તો હવે અપવાદમાર્ગ પણ બતાવવો જ રહ્યો.

એ અપવાદ એ જ છે કે આ વિષમકાળમાં તેં દર્શાવેલા કે એવા પણ અમૂક કારણોસર જો અયોગ્ય ગુરુનો, અયોગ્ય ગચ્છનો ત્યાગ કરવો શક્ય ન હોય તો ભલે એ જ ગચ્છમાં રહેજે, એ જ ગુરુ સાથે રહેજે, એમને વંદનાદિ કરવા પડે, એમની સાથે ગોચરી-પાણીનો વ્યવહાર કરવો પડે, એમને ઘણી ખોટી બાબતોમાં ય આડકતરી સંમતિ આપવી પડે... આ બધું જ બનશે... અને શાસ્ત્રીય રીતે અપવાદ માર્ગે તને એની રજા પણ આપું છું, પણ તારે એક વાતનું ધ્યાન રાખવાનું છે કે ક્યાંય તારા ભાવો એમાં ભળવા ન જોઈએ. "આ બધું ખોટું છે, મારે કરવાનું નથી. પણ ના છુટકે મારે કરવું પડે છે. મારે એની અનુમોદના બિલકુલ કરવાની નથી." આવું મન દઢ બનવું જોઈએ.

એવું ય બને કે મહાવ્રતોના ભંજકને પણ તારે વંદન કરવાનો અવસર આવે,

પણ એ વખતે એમને વંદનીય માનીને વંદન ન કરતો.

એવુંય બને કે શિથિલોને નિષ્કારણ આધાકર્માદિ કે અભક્ષ્યાદિ વપરાવવાનો પણ અવસર આવે, કદાચ ખુદ વાપરવાનો પણ અવસર આવે પણ એ વખતે મનથી અળગો રહેજે. "મને વૈયાવચ્ચનો લાભ મળ્યો." એવું માનીને ઉછળતો નહિ, કે એ બધું વાપરવું જ પડે તો આસક્ત બનતો નહિ.

પૈસાના વહીવટમાં તેઓ પડે, જાતે મહાપરિગ્રહ ભેગો કરે, એ બધામાં સીધી-આડકતરી રીતે સહાયક બનવું પડે, કદાચ સ્વયં બધું સંભાળવું પડે... આવું ઘણું બધું બની શકે પણ મનથી અળગો રહેજે.

આવી સેંકડો બાબતો અંગે સમજી લેજે.

– x – x –

<u>શિષ્ય :</u> ભાવ બિલકુલ ભળવા દીધા વિના દ્રવ્યથી બધી ક્રિયા કરવી એ શક્ય બને ?

<u>ગુરુ :</u> અલબત્ત અઘરું ખરું, પણ અશક્ય તો નથી જ. અભવ્યો અનંતીવાર સારી ક્રિયાઓ કરે છે, પણ એમાં સારાભાવ તો ભળવા દેતા નથી જ ને ? એમ અહીં બધી ખરાબ ક્રિયાઓ લેશપણ ભાવ ભળવા દીધા વિના કેમ ન કરી શકાય ?

જો કે એક વાત સાચી જ છે કે આ તો આગ સાથે રમત રમવાની છે, કાજળની કોટડીમાં રહીને લેશ પણ કલંક ન લાગે એવી સાધના કેળવવાની છે. આ સહેલું કામ નથી જ. આમ પણ જીવ નિમિત્તવાસી છે, અનાદિ સંસ્કારો ઈન્દ્રિયાનુકૂળતાના છે, એટલે શિથિલાચારો ગમવા માંડે, એના પ્રત્યેની સુગ ઉડી જાય એ ઘણી બધી રીતે શક્ય છે જ, અને જો આવું થાય તો સાધુજીવન નિષ્ફળ જાય. માટે જ ઉત્સર્ગમાર્ગે તો આ બધું બિલકુલ ન ચાલે, આવા જોખમ કોણ વહોરે ? પણ જ્યારે એ કુગચ્છાદિનો ત્યાગ કરવો શક્ય જ નથી બનતો, ત્યારે અપવાદમાર્ગે જ આ રજા આપી છે, પણ એમાં જોખમ તો છે જ.

છતાં યુદ્ધભૂમિમાં લડવા જઈએ એટલે એટલી તૈયારી તો રાખવી જ પડશે કે અમૂક ઘા તો આપણને પણ લાગવાના, પણ

(૧) ઘાથી આપણું મોત ન થાય,

(૨) ઘા રૂઝાઈ જાય એ માટેની ઔષધિઓ તૈયાર રખાય,

(૩) કોઈપણ હિસાબે આપણી હાર ન જ થવી જોઈએ એવી કાળજી રખાય.

બસ આટલું હોય તો લાગનારા ઘાને સહન કરી લેવા જ રહ્યા.

એમ જયારે આવા અપવાદો સેવવાના આવે ત્યારે પુષ્કળ અપ્રમત્તતા જાળવવા છતાં કાળ, જીવની વિચિત્રતા વગેરેના પ્રભાવે એવું શક્ય જ છે કે એમાં ભાવોમાં થોડી-થોડી મલિનતા આવી જાય... છતાં જો (૧) એ ભાવોની મલિનતા વધતી વધતી આપણા સંયમપરિણામને મૂળથી જ સાફ ન કરી દે (૨) એ મલિનતા બદલ સદ્‌ગુર્વાદિ પાસે સતત આલોચનાદિ ચાલુ રખાય અને (૩) કોઈપણ હિસાબે આપણા સંયમપરિણામો ઘટવા ન જ જોઈએ એવી સતત જાગૃતિ રખાય... તો આ અપવાદસેવનમાં જે નાના-નાના ભાવદોષો લાગી જવાની શક્યતા છે, એની ઉપેક્ષા કર્યા વિના છુટકો ન રહે.

આ અંગે તને એક સરસ દૃષ્ટાન્ત પણ આપું.

<u>જિમં કુવૃષ્ટિથી નગરલોકને ઘેલા દેખી રાજા રે.</u>
<u>મંત્રીસહિત ઘેલા હોઈ બેઠા પણ મનમાંહે તાજા રે. ॥૭॥</u>

<u>ગાથાર્થ :</u> જેમ નગરલોકને કુવૃષ્ટિથી ગાંડા થયેલા જોઈને રાજા મંત્રી સહિત ગાંડો થઈ બેઠો, પણ મનમાં ડાહ્યો રહ્યો.

<u>ભાવાર્થ :</u> "રાજન્ ! નજીકના સમયમાં જ એક ખરાબ વરસાદ પડવાનો છે. એનું પાણી એવું હશે કે જે એ પીશે, તે પાગલ થઈ જશે. એટલે તમે અને નગરવાસીઓ અત્યારથી જ સારું પાણી ભેગું કરી રાખો, પેલું ખરાબપાણી પડે, ત્યારે એ પીશો નહિ. એ વખતે અત્યારે સંઘરી રાખેલું પાણી તમને કામમાં આવશે."

એક નિમિત્તજ્ઞે રાજાને વાત કરી. રાજાએ એ પ્રમાણે જ આખા નગરમાં જાહેરાત કરી. બધાએ મને-કમને પણ એનો અમલ કર્યો. થોડા સમય બાદ વરસાદ પડ્યો, બધાએ એ પાણી પીવાનું બંધ કરી જૂનું પાણી પીવાનું ચાલુ રાખ્યું.

પણ અંતે જૂનું પાણી ખૂટી ગયું. એક માત્ર રાજા અને મંત્રી પાસે જૂના પાણીનો ભંડાર અકબંધ રહ્યો. પણ લોકો તો તરસના માર્યા છેલ્લે નવું પાણી પીવા લાગ્યા અને નિમિત્તજ્ઞની વાત સાચી પડી. બધા ગાંડા થઈ ગયા, ખડખડાટ હસવું, નાચવું, જોર-જોરથી બોલવું, કુદાકુદ કરવી... પાગલના બધા જ લક્ષણો તેઓમાં પ્રગટ થઈ ગયા. આખા નગરમાં માત્ર બે જ ડાહ્યા બાકી રહ્યા. રાજા અને મંત્રી !

અપેક્ષાએ એ જમાનો પણ બહુમતી-લઘુમતીનો જ હતો. એટલે જ બધા લોકો એકબીજાની ચેષ્ટાઓ સરખેસરખી જોઈને એકબીજાને ડાહ્યા માનવા લાગ્યા. પણ રાજા અને મંત્રી એમના જેવું ગાંડપણ કરતા ન હતા, એટલે બધાને લાગ્યું કે

"આપણે બધા ડાહ્યા, આ બે ગાંડા..." અને એક દિવસ એ પાગલસમાજ ભેગો થયો. "આપણા રાજા અને મંત્રી પાગલ થઈ ગયા છે, માટે એમને રાજા અને મંત્રી તરીકે રાખી ન શકાય. એ બંનેને નગરમાંથી કાઢી મૂકવા..."

મંત્રી આ બધી વાત સાંભળી ગયો. દોડ્યો રાજા પાસે ! "એક જ ઉપાય કે આપણે પણ એમની જેમ ગાંડપણનો દેખાવ શરુ કરી દો... નહિ તો આપણે મરી જશું."

રાજાએ વાત સ્વીકારી, પાગલસમાજ રાજા-મંત્રીને દેશવટો આપવા આવ્યો, ત્યારે રાજા-મંત્રીએ પુરબહારમાં ગાંડપણનો દેખાવ શરુ કરી દીધો. એ પાગલો જેમ હસે-નાચે-બોલે... એમ હસવાનું-નાચવાનું-બોલવાનું શરુ કરી દીધું. પાગલસમાજ સમજ્યો કે "આ બે તો ડાહ્યા થઈ ગયા." એટલે તેઓ પણ આનંદમાં આવી ગયા.

સમય વીતતો ગયો, રાજા-મંત્રી પાગલો સામે પાગલનો દેખાવ કરતા, અંદરખાને જૂનું પાણી પીને ડહાપણ ટકાવી રાખતા.

વર્ષો બાદ ફરી સારો વરસાદ પડ્યો, બધા લોકો આપમેળે એનાથી ડાહ્યા થઈ ગયા. રાજા-મંત્રી તો ડાહ્યા હતા જ, એમણે ગાંડપણનો દેખાવ કરવાનો છોડી દીધો.

જેમ રાજા-મંત્રીએ ઘણા લાંબા સમય સુધી અંદર ડહાપણ સાચવી રાખીને બહાર ગાંડપણનો દેખાવ કર્યો, પણ લેશપણ ગાંડપણ પોતાનામાં પ્રવેશવા ન દીધું. એમ વિષમકાળમાં જો સારા સાધુઓએ શિથિલો સાથે રહેવું જ પડે, એમનો ત્યાગ શક્ય ન બને તો જ્યારે જરૂર પડે ત્યારે બહારથી શિથિલાચારીઓ જેવો દેખાવ કરવાનો... પણ અંદરથી એકદમ સાવધ રહેવાનું. શિથિલાચાર પ્રત્યે લેશ પણ લાગણી ઉભી ન થાય એની કાળજી કરવાની.

શિષ્ય !

આ પદાર્થ દૃષ્ટાન્તદ્વારા હવે બરાબર સમજાઈ ગયો ને ?

<u>શિષ્ય :</u> આ દૃષ્ટાન્ત કોઈ શાસ્ત્રમાં આવે છે ?

<u>ગુરુ :</u> હા !

**<u>એમ ઉપદેશપદે એ ભાખ્યું, તિહાં મારગ અનુસારી રે.</u>**
**<u>જાણીને ભાવે આદરીએ, કલ્પભાષ્ય નિરધારી રે. ॥૮॥</u>**

<u>ગાથાર્થ :</u> આ પ્રમાણે ઉપદેશપદમાં આ દર્શાવ્યું છે. તેમાં માર્ગાનુસારી ગચ્છ જાણીને ભાવથી પણ આદર કરવો એમ બૃહત્કલ્પભાષ્યમાં નિર્ધાર્યું છે (= નિર્ણય

બતાવ્યો છે).

ભાવાર્થ : અપવાદમાર્ગે શિથિલોની સાથે રહેવું, બહારથી બધું કરવું પણ અંદરથી એમાં ન ભળવું... વગેરે બધી જ બાબતો ઉપદેશપદ નામના ગ્રન્થમાં દર્શાવી છે.

શિષ્ય : શિથિલાચારી ગચ્છમાં રહેવું જ પડે તો પણ ત્યાં સદ્ભાવ ન થવો જોઈએ... એવી તમે જે વાત કરી, એ આમ તો બરાબર, પણ કેટલાક ગુરુ એવા હોય કે સ્વયં શિથિલ હોવા છતાં શાસનના અનુરાગી હોય, સસૂત્ર પ્રરૂપણા કરનારા હોય, ચારિત્રના પક્ષપાતી હોય... પણ સુખશીલતાદિના કારણે સ્વયં આચારો ન પાળે. હા ! કોઈ પાળે તો એમને ગમતું હોય...

જેમ ગુરુ આવા હોય તેમ ગચ્છ પણ આવો હોઈ શકે.

આવા ગચ્છમાં રહેવું પડે તો શું કરવું ? ત્યાં પણ માત્ર બાહ્ય દેખાવ સારો રાખવો અને અંદરથી બિલકુલ સદ્ભાવ ન રાખવો એવું કરવું ?

ગુરુ : ના. એ બરાબર નથી. કેમકે કલ્પભાષ્યમાં આ પ્રમાણે પાઠ છે કે

सिढिलो अणायारकओ चोयणपडिचोयणाइगुणहीणो । गुणपक्खकरो गच्छो सीलेयव्वो वि भावेण ।

કોઈક ગચ્છ શિથિલ હોય, અનાચાર = શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ આચરનારો હોય, ગચ્છમાં સારણા-વારણા-ચોયણા-પડિચોયણાદિ ગુણો ન હોય. એટલે કે કોઈ ભૂલ કરે તો એને સમજાવવો, ચારિત્રનું પાલન કરવા પ્રેરણા કરવી, ચારિત્રમાં ગરબડ કરનારને ઠપકો આપવો... વગેરે એ ગચ્છમાં ન હોય.

પણ એ ગચ્છમાં એક ગુણ છે, તે એ કે ગચ્છ ગુણોનો પક્ષપાતી છે, ચારિત્રનો રાગી છે.

જો આવા ગચ્છમાં રહેવાનું થાય, તો ત્યાં માત્ર દ્રવ્યથી જ પ્રવૃત્તિ કરવી એમ નહિ. કેમકે આ ગચ્છ શિથિલ હોવા છતાં માર્ગાનુસારી તો છે જ, તો ત્યાં સદ્ભાવ પણ ધારણ કરવો.

(અહીં પૂ.પદ્મવિજયજી મ.ના ટબામાં આ શાસ્ત્રપાઠ આપ્યો છે, અને 'બૃહત્કલ્પભાષ્યમાં આ પાઠ છે' એમ જણાવેલું છે. પણ બૃહત્કલ્પની કક્કાવારી પ્રમાણે ગોઠવાયેલી ગાથાઓમાં પ્રસ્તુત ગાથા ક્યાંય મળી નથી. એટલે જ એની વૃત્તિનો પણ આધાર નથી. એમ લાગે છે કે ગાથામાં કલ્પભાષ્ય શબ્દ લખેલો છે,

તે બૃહત્કલ્પ માટે નહિ, પણ પંચકલ્પભાષ્ય માટે વપરાયો હશે. આ ગાથા પંચકલ્પભાષ્યમાં હોય એમ લાગે છે... તત્ત્વં બહુશ્રુતગમ્યમ્)

આ બધાનો સાર એ છે કે

શિથિલાચાર સેવવો ય ખરો અને એનો બચાવ પણ કરવો, શિથિલાચારને સારો માનવો એ માર્ગભ્રષ્ટતાની નિશાની છે. આવા ગુરુ કે આવા ગચ્છ પ્રત્યે સદ્ભાવ-અનુમોદના કરવાની નથી. પણ શિથિલાચારસેવન હોવા છતાં પ્રરૂપણા સંવિગ્નસાધુના આચારની હોય, અનુરાગ સંવિગ્નોના આચારનો હોય... તો એ ગુરુ-ગચ્છ ભલે આચારભ્રષ્ટ છે, છતાં માર્ગાનુસારી છે અને માર્ગાનુસારી ગુણ અનુમોદનીય બને, માટે એવા ગચ્છ-ગુરુ પ્રત્યે ઉચિત સદ્ભાવ પણ થવો જોઈએ.

શિષ્ય : આવા માર્ગાનુસારી ગચ્છ સાથે રહેવામાં તો વાંધો નહિ ને ?

ગુરુ : ચોક્કસ વાંધો ! શ્રેષ્ઠ ગુરુ-ગચ્છ તો એ જ કે સંવિગ્નતાના અનુરાગી પણ હોય અને સંવિગ્ન-આચારના પાલક પણ હોય. ત્યાં કોઈપણ ખરાબ નિમિત્ત મળે નહિ. એટલે જીવના શુભપરિણામો સહજ રીતે જ ટકે. એટલે જો આચારસંપન્ન ગચ્છ મળતો હોય તો તો શિથિલાચારી સંવિગ્નાનુરાગી ગચ્છ પણ છોડી જ દેવો.

શિષ્ય : જો એને છોડી દેવાનો છે, તો એવા પ્રત્યે સદ્ભાવ જગાડવો શા માટે ?

ગુરુ : માર્ગાનુસારિતા છે, માટે. જુઓ. શ્રાવકધર્મ મોક્ષમાર્ગ છે, સાધુધર્મ પણ મોક્ષમાર્ગ છે. પણ શ્રાવકધર્મ કરતા સાધુધર્મ અનેકાનેકગણો ચડિયાતો છે. એટલે જ જો એ લઈ શકાય તો, સારો એવો પણ શ્રાવકધર્મ છોડવાનો જ છે. કેમકે એ સારો હોવા છતાં નબળો છે, ઘણો ઓછો સારો છે.

એમ શિથિલાચારી સંવિગ્નપાક્ષિક ગચ્છ માર્ગાનુસારી ખરો, પણ સંવિગ્નગચ્છ તો એના કરતા અનેકાનેકગણો સારો. કેમકે એમાં શિથિલતારૂપી ખરાબ નિમિત્તો ન મળે. એટલે જો સંવિગ્ન ગચ્છ મળતો હોય તો માર્ગાનુસારી એવો પણ શિથિલાચારી ગચ્છ ત્યાગી દેવો.

પણ સંવિગ્નગચ્છ ન મળે, કોઈપણ કારણસર શિથિલ + સંવિગ્નપાક્ષિક ગચ્છમાં જ રહેવું પડે તો પણ ત્યાં શક્ય એટલું વધુ સંયમ પાળવાનું. ગચ્છ માર્ગાનુસારી હોવાથી એટલા અંશ પૂરતો એના તરફ સદ્ભાવ પણ રાખવાનો. પણ સંવિગ્ન નથી, એટલે સંવિગ્ન ગચ્છ તરફ જે અહોભાવ હોય, એ અહીં ન થાય એ સ્વાભાવિક છે.

દષ્ટાન્તથી વિચારીએ તો

શ્રાવકોમાં ઢગલાબંધ પાપો છે, છતાં ગુરુભક્તિ-દેવભક્તિ વગેરે સદ્‌ગુણો પણ છે. આત્માર્થી જીવ સાધુપણું પામીને એ શ્રાવકોને છોડે છે, એમની સાથે નથી રહેતો. છતાં એમના સદ્‌ગુણોની અનુમોદના તો કરે જ છે.

એમ શિથિલગચ્છમાં ઢગલાબંધ દોષો છે, છતાં સસૂત્રપ્રરૂપણા-આચારરાગાદિ સદ્‌ગુણો છે. આત્માર્થી જીવ સંવિગ્નગચ્છ મળી જાય તો શિથિલગચ્છને છોડી દે, એમની સાથે ન રહે, છતાં એમના સદ્‌ગુણોની અનુમોદના તો કરે જ ને ?

એમ જે દીક્ષા ન લઈ શકે તે શ્રાવકો સાથે રહે, એમના પાપોની અનુમોદના ન કરે, પણ એમના ગુણોની અનુમોદના કરે. એ જ જીવ સાધુઓ જબરદસ્ત ગુણવાળા હોવાથી એમની અનુમોદના તો અનેકાનેકગણી કરે.

એમ જે સાધુ કારણસર શિથિલગચ્છમાં રહે, તે એમના શિથિલાચારની અનુમોદના ન કરે. પણ એમના ગુણોની અનુમોદના કરે. આ જ જીવ સંવિગ્નગચ્છની અનુમોદના તો અનેકાનેકગણી કરવાનો જ.

ફરી યાદ રાખો કે માર્ગાનુસારિતા અતિશય મહત્ત્વનો ગુણ છે. પૂર્વે જણાવ્યું તેમ ૬૬% તો માત્ર આ માર્ગાનુસારિતાના જ છે. એ જો છે, તો બાકીના ૩૪% ન હોય, તો ય જીવ First Class માં પાસ થયેલો ગણાય. એ જો ન હોય, તો બાકીના ૩૪% હોય તો પણ એ જીવ નાપાસ ગણાય.

એટલે ફરી આખો સાર જોઈ લઈએ કે

→ ઉત્સર્ગમાર્ગ એ કે

આત્માર્થી જીવે સંવિગ્ન = આચારસંપન્ન ગચ્છમાં જ રહેવું.

→ જો ગચ્છ સંવિગ્ન ન હોય, આચારમાં ગરબડવાળો હોય તો એવા ગચ્છમાં ન જ રહેવું. એ ગચ્છ આચારના અનુરાગવાળો હોય કે આચારના અનુરાગ વિનાનો હોય, એ ગચ્છ સસૂત્ર-પ્રરૂપણા કરનારો હોય કે પોતાના શિથિલાચારોનો બચાવ કરનારો હોય... એની સાથે ન રહેવું, કેમકે એ આચારોમાં ગરબડવાળો છે, એટલે એની સાથે રહેવાથી એ બધા ખોટા સંસ્કારો જીવને નુકસાનકારી બની શકે...

→ જો ગાઢકારણસર શિથિલગચ્છમાં રહેવું જ પડે તો એમાં બે બાબતો વિચારવી. જો એ સંવિગ્નતાનો પક્ષપાતી પણ ન હોય, પોતાની શિથિલતાઓનો બચાવ કરનારો હોય, અર્થાત્ આડકતરી રીતે ઉત્સૂત્રપ્રરૂપક હોય.. તો એના પ્રત્યે

સદ્ભાવ કરવો નહિ. બાહ્ય ઔચિત્ય જેટલું જરૂરી હોય એટલું સાચવી લેવું, પણ અંતરથી ઉમળકો થવો ન જોઈએ. દ્વેષભાવ પણ ન થવો જોઈએ. ત્યાં માધ્યસ્થ્યભાવ ધારણ કરવો.

→ જો એ ગચ્છ શિથિલ હોવા છતાં સંવિગ્નતાનો રાગી હોય, આચારોની વ્યવસ્થિત પ્રરૂપણા કરનારો હોય તો એનામાં રહેલા આ માર્ગાનુસારિતાગુણની અનુમોદના ચોક્કસ કરવી. એટલા અંશમાં એના પ્રત્યે સદ્ભાવ પણ ધારણ કરવો જ.

→ માર્ગાનુસારિતાગુણ માટે કાયમ સમજી લેવું કે એ ગુણ માનસિક રીતે તો અવશ્ય અનુમોદનીય બને જ. એ જીવમાં બીજા મોટા દોષો હોય અને એટલે એની વાચિક અનુમોદના કરવામાં બીજા દોષો લાગવાની શક્યતા હોય તો વાચિક અનુમોદના ન પણ કરીએ, પણ એની માનસિક અનુમોદના તો અવશ્ય કરવી જ.

માર્ગાનુસારિતાગુણનો મહિમા અપરંપાર છે, એ માટે જ મહોપાધ્યાયજીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે <u>તિહાં મારગ-અનુસારી રે, જાણીને ભાવે આદરીએ...</u> જે ગચ્છ-ગુરુ માર્ગાનુસારી જણાય, એનો તો ભાવથી આદર કરવો. અર્થાત્ એના પ્રત્યે આંતરિક બહુમાન રાખવું. (ફરી યાદ કરવું કે એની સાથે રહેવાની, એની આચારભ્રષ્ટતા ચલાવી લેવાની આ વાત નથી જ. પણ એનામાં પ્રગટેલી આંશિક ગુણવત્તાની અનુમોદના આપણે ન ચૂકી જઈએ એ માટેનો જ આ પદાર્થ છે.)

જેમ યુદ્ધભૂમિ પર ભારતના સૈનિકો ધમાસાણ યુદ્ધ કરતા હોય, તો ભારતવાસીઓ એમની અનુમોદના કરે, એમને પ્રોત્સાહન આપે... પણ ભારતવાસીઓ સૈનિકોની સાથે રહેવા ન જતા રહે, યુદ્ધભૂમિ પર દોડી ન જાય. કેમકે એ બધામાં તો ભારતવાસીઓને મોટા નુકસાન છે. એટલે સૈનિકોથી દૂર રહેવું અને સૈનિકોના રાષ્ટ્રરક્ષાદિ ગુણોની પ્રશંસા કરવી આ બંને કામ ભારતવાસીઓ કરે ને ?

એમ આત્માર્થી સાધુઓ શિથિલગચ્છથી દૂર રહે, સાથે જ એનામાં રહેલા માર્ગાનુસારિતાદિગુણોની પ્રશંસા પણ કરે જ.

સંડાસ-બાથરૂમ સાફ કરનારા, રસ્તા સાફ કરનારા, કચરો ઉપાડનારા માણસો હલકા માણસો જ કહેવાય ને ? કુળવાનો એમની સાથે રહે ખરા ? એમને અડકે પણ ખરા ? એમનાથી છેટા જ રહે ને ? છતાં એ જ હલકા માણસોના સફાઈકામ વગેરેની

ભરપૂર પ્રશંસા તો કરે જ ને ?

એમ આત્માર્થી સાધુઓ શિથિલગચ્છની સાથે ન રહે, શકય એટલા છેટા રહે... પણ એ શિથિલગચ્છમાં ગુણાનુરાગ, ચારિત્રની સસૂત્રપ્રરૂપણા વગેરે જે ગુણો દેખાય એની તો ભરપૂર અનુમોદના-પ્રશં ા કરે જ.

એટલે આ બાબતમાં ભ્રમણામાં ન પડવું. શિથિલગચ્છને છોડવાની વાત અને એની માર્ગાનુસારિતાને ભાવથી આદરવાની વાત... આ બધી વાતો આમ વિરોધી લાગે, છતાં આમ બિલકુલ વાસ્તવિક છે.

– x – x –

<u>શિષ્ય :</u> આજે કોઈપણ ગચ્છમાં નાના-નાના દોષો તો રહેવાના જ છે, સર્વથા શુદ્ધ ગચ્છની અપેક્ષા રાખવી એ તો આકાશમાં ઉગતા ફૂલની ઈચ્છા રાખવા જેવું છે. તમે મને હજી સ્પષ્ટ સમજાવો કે મારે કયા ગચ્છનો સ્વીકાર કરવો ?

<u>ગુરૂ :</u> સાંભળ.

<u>જ્ઞાનાદિક ગુણવંત પરસ્પર, ઉપગારે આદરવો રે.</u>

<u>પંચવસ્તુમાં ગચ્છ સુગુણને, અવર કહ્યો છે ત્યજવો રે. ॥૯॥</u>

<u>ગાથાર્થ :</u> જ્ઞાનાદિક ગુણવાળો હોય, પરસ્પર ઉપકાર કરનારો હોય એવો ગચ્છ ગુણવાને આદરવો, પંચવસ્તુમાં કહ્યું છે કે એ સિવાયનો ગચ્છ ત્યાગી દેવો.

<u>ભાવાર્થ :</u> જે ગચ્છના સાધુઓમાં જ્ઞાનાદિ ગુણો હોય, અર્થાત્ શાસ્ત્રોનો બોધ હોય, ચારિત્રાદિ પરની શ્રદ્ધા હોય, મહાવ્રતાદિ આચારોનું પાલન હોય એવો ગચ્છ આદરવો.

પણ માત્ર જ્ઞાનાદિગુણવત્તા હોવી એટલું જ પૂરતું નથી. જો તે સાધુઓ પરસ્પર એકબીજાને સહાયક ન બનતા હોય તો સંયમસાધના સાચી-સારી થવી અઘરી છે. જિનકલ્પીઓ મહાજ્ઞાની છે, ઘણા સંયમી છે છતાં કોઈ એમનો શિષ્ય બની ન શકે, એનું કારણ શું ? કેમકે જિનકલ્પી એને ઉપકારક ન બને. જિનકલ્પી ન તો એને જ્ઞાન આપે, ન તો સંયમયોગો શીખવાડે કે ન તો સંયમમાં ભૂલ કરતા એને સન્માર્ગનો ઉપદેશ આપે. પરિણામે મહાન જિનકલ્પીઓનો પણ શિષ્ય જો કોઈ બને, તો એ મોક્ષમાર્ગ આરાધી ન શકે.

રાજા રૂપવાન હોય, ચતુર હોય, સમર્થ હોય પણ અંતઃપુરમાં સેંકડો રાણીઓ રાખે તો લોકો ભલે એમ માને કે આ તો બધી મહાન રાજાની રાણીઓ છે, ખૂબ

સુખી જ હોય... પણ એ તો રાણીઓ જ જાણે કે તેઓ કેટલી સુખી છે ! જો રાજા એમની કાળજી કરે જ નહિ, તો મહાન રાજાની રાણીઓ ય દુઃખી જ થવાની.

એમ સાધુઓ જ્ઞાની હોય, સંયમી હોય, અનેકગુણો ય ધરાવતા હોય પણ પરસ્પર એકબીજાને જ્ઞાનાદિયોગોમાં સહાયક ન બને, બધા પોત-પોતાની રીતે જ ચાલે, બધા અહમિન્દ્રો બનીને જીવે... તો એ ગચ્છના સાધુઓનું કલ્યાણ થઈ રહ્યું.

એટલે જ બીજો મહત્ત્વનો ગુણ છે, પરસ્પર ઉપકાર.

મહોપાધ્યાયજીએ પંચવસ્તુની સાક્ષી સાથે કેવી મઝાની બે વાત કરી છે.

ગચ્છમાં (૧) જ્ઞાનાદિ ગુણો જોઈએ.

ગચ્છમાં (૨) પરસ્પર ઉપકારકતા જોઈએ.

ગુણવાને આવા જ ગચ્છનો આદર કરવો. આવા જ ગચ્છનું શરણ લેવું.

પ્રશ્ન : આમાંથી માત્ર બીજો ગુણ જ હોય, પહેલો ન હોય તો ન ચાલે. જે ગચ્છમાં સાધુઓને પરસ્પર લાગણી ખૂબ હોય, એકબીજાને સગાભાઈની જેમ સાચવતા હોય, એટલે જ એકબીજા પર ઉપકાર કરવા ગમે તે બલિદાન આપવા તૈયાર હોય. એક સાધુ માંદો પડે તો બધા સાધુઓ દોડાદોડ કરવા લાગી જતા હોય...

આ પરસ્પર ઉપકારકતા હોય, એટલે ભયો ભયો ! આખું સંયમજીવન પરસ્પરની પ્રીતિ સાથે, વાત્સલ્ય સાથે પસાર થાય. ન સંકલેશ ! ન આર્તધ્યાન !

આવો ગચ્છ ન ચાલે ?

ઉત્તર : દીક્ષા લઈને સાધુએ શું સંસાર ચલાવવાનો છે ? કે મોક્ષમાર્ગ આરાધવાનો છે ? ભલા આદમી ! સ્નેહરાગ અને સાધર્મિકવાત્સલ્યમાં ભેદ સમજે છે કે નહિ ? સ્નેહરાગ સંસારવર્ધક છે, હેય છે, પાપ છે. સાધર્મિકવાત્સલ્ય સમ્યક્ત્વનો આચાર છે, મોક્ષનું કારણ છે. પણ બે વચ્ચેની ભેદરેખા સમજવામાં જો થાપ ખાધી, તો ધર્મના નામે મોટો અધર્મ આચરાઈ જશે.

એક જૈનશ્રીમંત દીકરાના લગ્ન વખતે પાંચ લાખ રૂપિયા જમણવારમાં ખર્ચે, અને એ જ જૈન શ્રીમંત કોઈક યુવાનની દીક્ષાના પ્રસંગે હર્ષોલ્લાસથી પાંચલાખ રૂપિયાનો જમણવાર કરે. બંનેમાં ફરક ખરો કે નહિ ? એનો દીકરો આમ તો જૈન જ છે, એટલે બાપને માટે સાધર્મિક તો છે જ. છતાં એ જમણવારમાં બાપને સાધર્મિકવાત્સલ્યનો ભાવ છે, એવું ન કહેવાય. ત્યાં તો નકરો સ્નેહરાગ છે.

દીક્ષા લેનારા યુવાન પ્રત્યેના ભક્તિભાવથી સંઘને જમાડે તો ત્યાં 'સાધર્મિક

વાત્સલ્યનો ભાવ છે.' એમ કહેવાય.

એટલે પહેલા એટલું સ્પષ્ટ કરો કે વ્યક્તિ સાધર્મિક છે, એટલે એના પ્રત્યેનું વાત્સલ્ય 'સાધર્મિક વાત્સલ્ય' જ છે, એવું ભૂલથી પણ માની ન લેવું. પણ એ સાધર્મિકને કઈ દૃષ્ટિથી નિહાળીને એના પ્રત્યે વાત્સલ્ય કરવામાં આવે છે, એ મહત્ત્વનું છે.

જૈનપત્નીને જૈનપતિ પ્રત્યે અતિશય રાગ છે. પણ એ તો એને <u>પતિ</u> તરીકે જુએ છે.

જૈનપિતાને જૈનપુત્ર પ્રત્યે, જૈનમાતાને જૈનદીકરી પ્રત્યે, જૈનગુરુને જૈનશિષ્ય પ્રત્યે અતિરાગ હોય પણ એ બધામાં દૃષ્ટિ જો આખી ઉંધી જ હોય તો એ નકરો સ્નેહરાગ ગણાય, કર્મબંધ કરાવનાર ગણાય.

જયાં એવી બુદ્ધિ હોય કે "આ મોક્ષમાર્ગનો આરાધક છે. ગુણવાન છે, પ્રભુનો ભકત છે, ચારિત્રાસંપન્ન છે..." અને એના પ્રત્યે રાગ થાય, તો એ સાધર્મિકવાત્સલ્ય કહેવાય.

મૂળ વાત પર આવીએ.

જે ગચ્છના સાધુઓ પાસે જ્ઞાનાદિ ગુણો નથી, માત્ર એકબીજા પ્રત્યે ભારે વહાલ છે. એકબીજા માટે ઘસાઈ છુટવાની તૈયારી છે... ત્યાં મોક્ષમાર્ગની આરાધના અઘરી છે. ત્યાં તો સંસાર માર્ગની આરાધના થવાની શક્યતા જ ઘણી છે.

એ સાધુઓ પાસે સંયમ પરિણામ નથી, એટલે પરસ્પરના રાગભાવને લીધે આધાકર્માદિ પણ વપરાવશે, સંયમની હાનિ થાય એવા કાર્યો પણ કરશે, રાગભાવને લીધે વિશિષ્ટ આરાધનાઓ કરવા નહિ દે, કરનારાને અટકાવશે.

એ ગુણહીન સાધુઓ પરસ્પર ઉપકાર (!) કરશે કે "બહાર સ્થંડિલ જવાની શી જરૂર છે ? અરે ! એક કિ.મી. દૂર છે, તડકો પણ છે. વાડાની વ્યવસ્થા છે, જઈ આવો એમાં જ !"

એ ગુણહીન સાધુઓ પરસ્પર ઉપકાર (!) કરશે કે "એકાસણાદિ કરવા રહેવા દો. હવે બધાના સંઘયણો નબળા થવા લાગ્યા છે. અહીં ચોકખું દૂધ-ઘી મળે છે, ખાઈ-પીને શરીર બનાવી લો..."

એ કહેશે કે "વિહારનો થાક છે, તો પ્રતિક્રમણ બેઠા બેઠા કરો."

એ કહેશે કે "રાત્રે અંધારામાં અવરજવર કરવામાં થોડીક મુશ્કેલી પડે છે, તો

લાઈટ ચાલુ કરાવી દો."

એ કહેશે કે "પાણી દૂરથી લાવવાનું છે ? તો માણસો પાસે જ મંગાવી લો."

એ કહેશે કે "ઉપધિ વધારે છે ? તો વિહારમાં સાઈકલવાળો રાખી લો."

એ ગુણહીન સ્નેહીઓ શું શું કહેશે એનું લિસ્ટ બનાવીએ તો નોટોની નોટો ભરાઈ જાય... એમની પાસે જ્ઞાનાદિ ગુણો જ નથી તો શું તેઓ સાચી - સારી વાત કરવાના...? સ્નેહથી પ્રેરાઈને એકબીજાના સાંસારિક દુઃખો દૂર કરશે, એકબીજાને સાંસારિક સુખોના ઢગલા કરી આપશે.... પણ આ ઉપકાર શું કામનો ?

શું તેઓ આધ્યાત્મિક દુઃખો પરસ્પરના દૂર કરશે ? નહિ જ.

શું તેઓ આધ્યાત્મિક સુખો પરસ્પરને આપી શકશે ? નહિ જ.

અરે ભાઈ ! એ જૈનશાસનનો ગચ્છ નહિ, પણ સંસારનો મોટો કુટુંબમેળો કહેવાય.

સારણા-વારણાદિ ન કરનારા ગુરુ ખૂબ વહાલ વરસાવતા હોય તો ય ગચ્છાચારમાં એને કટ્ટર શત્રુ અને માટે જ છાંડી દેવા યોગ્ય જણાવ્યા છે.

અરે ! જો માત્ર પરસ્પર ઉપકારભાવ જ જોવાનો હોય, તો તો માતા-પિતાદિ રૂપ મોટો પરિવાર છોડવાની જરૂર જ શી છે ? દીક્ષા લેવાની જરૂર જ શી છે ? કેમકે કુટુંબ-પરિવારમાં પરસ્પર ઉપકારભાવ બેહદ હતો જ. મા-બાપો, ભાઈ-બેનો, મામા-મામીઓ, દાદા-દાદીઓ, કાકા-કાકીઓ... એ જીવ પર અનેક ઉપકારો કરવા, એના દુઃખો વારવા ઘણા તત્પર હતા જ. ભૂતકાળમાં અનંતવાર આવા ઉપકારો લઈ બેઠા છીએ, પણ કલ્યાણ ક્યાં થાય છે આ જીવનું ?

એટલે આ વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે એકબીજા પ્રત્યે ખૂબ વાત્સલ્ય, એકબીજા માટે ઘસાઈ છૂટવું... માત્ર આ એક જ હોય તે બિલકુલ ન ચાલે, જો જ્ઞાનાદિગુણવત્તા ન હોય.

<u>શિષ્ય :</u> માત્ર જ્ઞાનાદિગુણવત્તા હોય. પણ પરસ્પર ઉપકારકતા ન હોય તો ચાલે ? ત્યાં જ્ઞાનાદિગુણવત્તા હોવાથી ખોટા સ્નેહ, ખોટા લાડ, ખોટી ભક્તિ વગેરે કશું નહિ થાય.

<u>ગુરુ :</u> એ ન થાય, પણ સાથે સારું ય ન થાય એનું શું ?

ગચ્છમાં ઘણા શાસ્ત્રજ્ઞાતા હોય, પણ દીક્ષિત સાધુને કોઈ ભણાવે જ નહિ તો ?

ગચ્છમાં નિર્દોષગોચરી વગેરે આચારોના પાલક હોય, પણ દીક્ષિતસાધુને કોઈ એ શીખવાડે જ નહિ તો ? દીક્ષિત સાધુ દોષિત વાપરે, તો કોઈ એને ટોકે જ નહિ તો ?

ગચ્છમાં બધા બહાર સ્થંડિલ જાય, પણ દીક્ષિત સાધુને વાડામાં જવાની ના પાડવાનું કામ કોઈ કરે જ નહિ તો ?

ગચ્છમાં બધા બ્રહ્મચર્યની નિર્મળતાવાળા હોય, પણ દીક્ષિત સાધુને નવવાડોની સમજણ કોઈ જ ન આપે તો ? વાડોનો ભંગ કરતા દીક્ષિતને એની ભયાનકતા દર્શાવીને કોઈ પાછો ન વાળે તો ?

અરે ભાઈ ! નૂતન દીક્ષિત સાધુ કોરી સ્લેટ જેવો છે. એ નવો છે, બિન-અનુભવી છે. જો એ સ્લેટ પર સારું લખાણ નહિ લખાય તો એના પર કોઈક ક્યારેક ખરાબ લખાણ લખી જ નાંખશે. એ લખાયેલા ખરાબ લખાણને કોઈ નહિ ભૂંસે, તો એ એમાં વધુને વધુ દઢ થતું જ જવાનું.

આમાં તો એ દીક્ષિતનું કલ્યાણ થાય ખરું ?

ગચ્છના સાધુઓ જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં પરસ્પર ઉપકાર કરે તો જ દીક્ષિતનું કલ્યાણ થાય. જો ઉપકાર ન કરે, તો જ્ઞાની, સંયમી એવા પણ તે સાધુઓ હાથમાં તલવાર લઈને ઉભેલા દ્વારપાળના પુતળા જેવા જાણવા. દૂરથી એમ લાગે કે ઘરનું રક્ષણ કરનારા સૈનિકો ઉભા છે, પણ પુતળાઓ શું રક્ષણ કરવાના ? હાથમાં તલવાર ખરી, પણ આ પુતળાઓ તલવાર ચલાવે તો ને ? એ પુતળાઓ અને તલવારોની વચ્ચેથી જ ચોરો ઘર લુંટીને ભાગી જાય તો ય કોઈ આશ્ચર્ય નહિ.

એમ આ સાધુઓ પાસે જ્ઞાન-ધ્યાન-તપ-સંયમાદિ અનેક તલવારો છે. પણ પરસ્પર ઉપકારકતા રૂપી ચૈતન્ય નથી, તો આ સાધુઓ પુતળા જ બની રહેવાના. નૂતન દીક્ષિતોના ભાવપ્રાણ લુંટાઈ જાય, તો ય એની રક્ષા કોઈ જ નહિ કરી શકે...

એટલે જેમ તીક્ષ્ણ તલવારો ધરાવતા પૂતળાઓવાળા ઘરમાં રક્ષણ શક્ય ન હોવાથી ધનવાનો ત્યાં આશરો ન લે, એમ ગુણવાન છતાં પરસ્પર ઉપકાર વિનાના સાધુઓવાળા ગચ્છમાં આત્માર્થી સાધુએ આશરો લેવો બિલકુલ વ્યાજબી નથી.

પણ જે ગચ્છના સાધુઓ જ્ઞાનાદિ ગુણોવાળા પણ હોય અને પરસ્પર ઉપકાર કરવાના ગુણવાળા પણ હોય એ ગચ્છમાં જો દીક્ષા લેવામાં આવે તો જીવનું કલ્યાણ નિશ્ચિત થાય.

<u>શિષ્ય :</u> ગુણવાન ઉપકારક સાધુઓ શું શું ઉપકારો કરે ?

<u>ગુરુ :</u> ઢગલાબંધ ! આપણે ટુંકમાં જોઈએ.

<u>જ્ઞાનક્ષેત્રે :</u>

→ એકબીજાને પાઠ આપે...

→ રાત્રે કોઈને એકલા પાઠ કરતા ન ફાવે તો પાઠ કરાવે...

→ પાઠમાં કંઈ ન સમજાય, તો એવા મંદક્ષયોપશમવાળાઓને બીજો સાધુ પાછળથી સમજાવે...

→ જેને જે નવા પદાર્થો સ્ફુરે, તે તે પદાર્થો બધાને કહે. એ રીતે બધાને ઘણા બધા નવા ચિંતનો પ્રાપ્ત થાય...

→ ધર્મદેશના કેવી રીતે આપવી ? એ પણ શુદ્ધ ધર્મદેશક સાધુ બીજા સાધુઓને શીખવાડે.

→ શું ભણવું ? કેવી રીતે ભણવું ? કયા ક્રમથી ભણવું... વગેરે વગેરે ઢગલાબંધ બાબતો અનુભવી સાધુઓ નવા ભણનારાઓને સમજાવે, માર્ગ દેખાડે.

→ ભણવામાં પ્રમાદ કરનારાઓને બીજાઓ ઠપકો આપીને ભણતા કરી દે...

→ ભણવાના કેટલા લાભો છે ? વગેરેનું વર્ણન કરીને, એ લાભો પ્રત્યક્ષ દેખાડીને, નહિ ભણનારાઓમાં ભણવાનો જોરદાર ઉલ્લાસ ભરી દે.

→ કોઈક થોડુંક પણ સારું ભણે કે તરત જ એની ભરપૂર અનુમોદના કરીને એના અભ્યાસને વેગવંતો બનાવી દે...

→ સતત ચાલતા અભ્યાસને લીધે સાધુ ટુંકા સમયમાં ગીતાર્થ-સંવિગ્ન બની રહે.

<u>દર્શનક્ષેત્રે :</u>

→ પ્રભુભક્ત સાધુઓ ભક્તિની ભીનાશની પ્રભાવના કરીને નૂતન દીક્ષિતોમાં ય ભક્તિભાવની છોળો ઉભી કરી દે. એને પણ પ્રભુ સામે ઘેલો બનતો કરી દે.

→ કોઈપણ શંકાઓ ઉભી થાય, તો હોંશિયાર શ્રદ્ધાળુ સાધુઓ સચોટ તર્કો દ્વારા, આત્મિક વિશ્વાસ દ્વારા શંકાઓના ભુક્કે ભુક્કા કરી નાંખે. સાધુને એકદમ નિશ્ચળ બનાવી દે.

→ ઘણાને બીજા-ત્રીજા ધર્મો સારા લાગે, મોક્ષમાર્ગથી વિપરીત ગચ્છો ય સારા લાગે... એ બધાની આ બધી અપેક્ષાઓને સચોટ દલીલો દ્વારા એવી તો ધરતીમાં

દાટી દેવાય કે જેથી જિનાજ્ઞાનુસારી ગચ્છમાં તેઓ મેરુ જેવા નિશ્ચળ બની રહે.

→ 'બીજાના સુકૃતોની ભારોભાર પ્રશંસા-અનુમોદના કરવી' એ બધું દીક્ષિતોને શીખવાડવામાં આવે. એમનામાં રહેલા ઈર્ષ્યાદિ દોષોનો નિકાલ કરવામાં આવે. એ માટે નમ્રતા, વિનયાદિ શીખવાડવામાં આવે.

→ સાધુઓને શીખવાડાય કે "એકબીજાને મદદ કરો, સંયમમાં સ્થિર કરો." એનાથી નૂતનો સ્વયં તો સ્થિર બને જ, બીજાઓને પણ સ્થિર કરતા થાય...

→ શાસન પ્રભાવનાદિ કાર્યોમાં પણ પરસ્પર ચિક્કાર ઉપકારો થાય.

<u>ચારિત્રક્ષેત્રે :</u>

→ ગ્લાનસાધુની સેવા નિર્દોષ ઉપચારથી કરે, શકય એટલી ઉંચામાં ઉંચી યતના પાળે... એનાથી દીક્ષિતના સંયમને ડાઘા ન લાગે...

→ બધાને નિત્ય એકાસણાદિ કરતા જોઈને નૂતનદીક્ષિતો પણ એકાસણાદિમાં દઢ બની જાય...

→ બધા બ્રહ્મચર્યની વાડો બરાબર પાળે, નૂતનને પણ એની પ્રેરણાઓ કરે એટલે નૂતન માટે બ્રહ્મચર્યપાલન સાવ સરળ બની જાય.

→ જીવદયા અંગેના સેંકડો આચારો સાધુઓ નૂતનોને શીખવાડે, ભૂલ થાય ત્યાં ટોકે... એ રીતે થોડાક જ મહિનાઓમાં નૂતન દીક્ષિત અહિંસાના આચારોમાં સુદઢ બની જાય...

ગચ્છમાં ગુણવાન સાધુઓ પરસ્પર કેટલા ઉપકારો કરી શકે, એનું સચોટ વર્ણન કરવામાં આવે તો ઓછામાં ઓછું એક મોટું પુસ્તક છપાઈ જાય.

બોલો, હવે તો સમજાયું ને ?

કે ગુણહીન ઉપકારીઓ કે ગુણવાન અનુપકારીઓનો ગચ્છ આત્માર્થી માટે કલ્યાણકારી નથી.

પાસત્થાદિ શિથિલોનો ગચ્છ ઉપકારી હોય, તો ય ગુણહીન હોવાથી, એના ઉપકારો માત્ર આલૌકિક હોવાથી, એટલે જ સંયમવિપરીત હોવાથી એ ગચ્છમાં ન રહેવું.

તો જિનકલ્પીઓ, પરિહારવિશુદ્ધિકો, પ્રતિમાધારીઓ વગેરે ગુણવાન મહાત્માઓ તેમના તેવા પ્રકારના આચારના કારણે સાથેના સાધુઓને વિશેષથી ઉપકારી ન બનતા હોવાથી એમની સાથે પણ સ્થવિરકલ્પી સાધુઓ રહેતા નથી,

એમની નિશ્રા સ્વીકારતા નથી.

<u>શિષ્ય :</u> પંચવસ્તુકનો એ પાઠ કયો છે ? તે દર્શાવશો.

<u>ગુરુ :</u> ૭૦૪મી ગાથાની ટીકાનો પાઠ આ પ્રમાણે છે.

<u>मुक्त्वा मिथ उपकारं</u> परस्परोपकारमित्यर्थः, <u>अन्योन्यगुणादिभावसम्बद्धं</u> = प्रधानोपसर्जनभावसंयुक्तं, <u>छत्रमठच्छत्रतुल्यो वासः,</u> अछत्रतुल्यस्तु स्वातन्त्र्यप्रधानो <u>न गच्छवासः,</u> तत्फलाभावाद् ।

<u>અર્થ :</u> પરસ્પરના પ્રધાન-ગૌણભાવથી સંયુક્ત એવા પરસ્પર ઉપકારને છોડીને સ્વતંત્રતા પ્રધાન જે ગચ્છવાસ કરાય, તે ગચ્છવાસ રાજસત્તા વિનાના રાજ્ય જેવો છે, તે ખરેખર ગચ્છવાસ જ નથી. કેમકે એમાં ગચ્છવાસનું ફલ મળતું નથી.

આ એનો અક્ષરાર્થ જોયો.

એમાં જે એક વિશિષ્ટ બાબત પડેલી છે, તે તરફ હવે દૃષ્ટિપાત કરીએ.

પરસ્પરોપકાર કેવો ? એનું સુંદર વિશેષણ અહીં બતાવેલું છે કે <u>'પ્રધાનોપસર્જનભાવસંયુક્ત'</u> ગચ્છમાં જે વ્યક્તિ જ્યારે જેના પર પરોપકાર કરે, તે ત્યારે તેના કરતા પ્રધાન બને. અને જેના ઉપર ઉપકાર થતો હોય તે વ્યક્તિ તે અપેક્ષાએ તેના કરતા ગૌણ બને.

<u>દા.ત.</u> એક સાધુ બીજા સાધુઓને આગમો ભણાવે છે, તો ભણાવનાર સાધુ ઉપકાર કરનાર છે. પ્રધાન છે, અને ભણનારા સાધુઓ ઉપકાર કરનારા સાધુઓની અપેક્ષાએ ગૌણ છે. પણ ધારો કે એ ભણનારા સાધુઓ ગોચરી-પાણી વગેરેથી વૈયાવચ્ચ કરનારા છે એટલે કે ઉપકારી છે અને ભણાવનાર સાધુ જો ગ્લાન હોવાદિ કારણોસર વૈયાવચ્ચ લેતો હોય તો એ ઉપકાર કરનારાની અપેક્ષાએ ગૌણ છે.

આ રીતે ગચ્છમાં બધા સાધુઓ કોઈક અપેક્ષાએ ઉપકારક હોવાથી પ્રધાન છે, તો કોઈક અપેક્ષાએ ઉપકાર લેનારા હોવાથી ગૌણ છે. પ્રતિક્રમણ માંડલીમાં સૂત્રો બોલનાર ઉપકારક = પ્રધાન, બધા સાધુઓ ગૌણ... ગોચરી માંડલીમાં ગોચરી વહેંચનાર ઉપકારક = પ્રધાન, બધા સાધુઓ ગૌણ... પાઠ લેવામાં પાઠ આપનાર પ્રધાન, બીજા બધા ગૌણ... કામકાજની વ્યવસ્થા ગોઠવવાની હોય તેમાં સંચાલક સાધુ પ્રધાન, બાકી બધા ગૌણ...

આનો મોટો લાભ એ છે કે દરેકે દરેક સાધુમાં બીજાની અપેક્ષાએ ગૌણતા પણ આવતી હોવાથી એનો અહંકાર ઘટે છે, 'મારે પણ કોઈનો સહારો લેવો પડે છે.'

એ ભાવ એને નમ્ર બનાવે છે. પરસ્પર લાગણીભાવ પણ વધે છે. પોતે બીજાનો ઉપકાર લેતો હોવાથી અવસરે પોતાને બીજા ઉપર ઉપકાર કરવાનો ઉલ્લાસ પણ પ્રગટે છે. "હું જ મહાન ! મારાથી જ આખો ગચ્છ ચાલે. મારું મહત્ત્વ સૌથી વધારે..." વગેરે વગેરે ભ્રમણાઓના ભાંગીને ભુક્કા થાય છે.

આ છે સ્થવિરકલ્પની અંદર થતા પરસ્પર ઉપકારભાવની તાકાત !

જરાક આપણે જાતને જ પૂછીએ કે

— આપણે બીજાએ લાવેલું - ઠારેલું - ગાળેલું - ભરેલું પાણી કેટલીવાર વાપર્યું ?

— બીજાએ લાવેલી ગોચરી કેટલીવાર વાપરી ?

— બીજાએ બોલેલા સૂત્રો પ્રમાણે પ્રતિક્રમણાદિ ક્રિયા કેટલીવાર કરી ?

— રાત્રે ઉપાશ્રયમાં નિર્ભય બનીને સુઈ શકીએ છીએ તેનું કારણ બીજા સાધુઓની હાજરી જ છે ને ?

— શ્રીસંઘોમાં મહિનાઓ સુધી મસ્તીથી રહેવા મળે છે, તેનું કારણ સાથેના સાધુઓ જ છે ને ? જો આપણે એકલા હોત તો ?

— આપણે એકલા હોત તો ઢગલાબંધ લોકો પૂછત કે 'આપ એકલા કેમ ?' ઢગલાબંધ લોકો આપણા સ્વભાવમાં, આપણા સંયમ બાબતમાં જાતજાતની શંકા કરત, 'આપણે ગુરુ સાથે કે સાધુઓ સાથે ઝઘડ્યા છીએ...' એમ માનત... આ પ્રશ્નોના ત્રાસ, શંકાઓના ત્રાસ, આળના અત્યાચાર... કોણ બચાવે આપણને આમાંથી ? સાથે રહેલા સાધુઓ જ ને ? તેઓનું માત્ર અસ્તિત્ત્વ જ આપણને આ તમામ મુશ્કેલીઓમાંથી મુક્તિ આપી દે છે.

— ક્યારેક આપણને ખરાબ વિચારો આવ્યા તો ય સાધુઓની હાજરીના કારણે એ પાપો કરી ન શક્યા. એ ઉપકાર કોનો ? ક્યારેક મન થઈ ગયું કે 'ખૂબ મિષ્ટાન્ન ખાઈ લઉં...' પણ સાધુઓની શરમના કારણે ન ખાઈ શક્યા. એના કારણે શરીર બગડતું અટક્યું ને આત્મા ય બગડતો અટક્યો. ક્યારેક વિજાતીય સાથેના પરિચયાદિ વધારવાના કોડ ગચ્છની શરમના કારણે પૂરા કરી ન શક્યા, એ ઉપકાર કોનો ?

સીધા-આડકતરા હજારો ઉપકારો સાધુઓ પરસ્પર કરે છે, ત્યારે મોક્ષમાર્ગની આરાધના સારી, ઘણી સારી થાય છે.

આડકતરા ઉપકારો ભલે નજરમાં ન આવે, પણ સીધા ઉપકારો તો સ્પષ્ટપણે નજરમાં આવે જ, અને એમાં પ્રધાન-ગૌણભાવ પણ અનુભવાય જ.

ગચ્છમાં આવો પ્રધાન-ગૌણભાવવાળો પરસ્પરોપકાર અત્યંત જરૂરી !

પણ હવે જો સાધુઓ ગૌણભાવ સ્વીકારવા તૈયાર જ ન થાય તો ? પોતાની જાતને બધી રીતે પ્રધાન જ માનીને ચાલે તો ? તો કોણ કોના પર ઉપકાર કરશે ? કોઈને ઉપકાર જોઈતો જ નથી, તો ઉપકાર કરશે કોણ ?

એટલે જ વૃત્તિમાં લખ્યું છે કે જે ગચ્છમાં સ્વચ્છંદતા હોય, દરેક સાધુઓ પોતપોતાની રીતે જ વર્તતા હોય, તે તે કાર્યોમાં પ્રધાન-ગૌણપણાનો વ્યવહાર ન હોય તે ગચ્છવાસ બિલકુલ સારો નથી.

આમ

ગુણસંપન્ન સાધુઓનો ગચ્છ, પરસ્પર પ્રધાન-ગૌણભાવપૂર્વક ઉપકાર કરનારા સાધુઓનો ગચ્છ આદરણીય છે.

બાકીના ગચ્છો છોડી દેવા.

– x – x –

<u>શિષ્ય :</u> મેં કેટલાક ગચ્છો એવા પણ જોયા છે કે જેમાં પરમાત્માની આજ્ઞાના ખંડન તો સાવ સામાન્ય બની ગયા છે, શિથિલાચાર એ જ એમનું સંયમ બની ગયું છે. રે ! મારા જેવા શાસનરાગીઓ જ્યારે એમને પુછે કે "આપ આ આજ્ઞાવિપરીત આચરણ કેમ કરો છો ?" તો તેઓ જાત જાતના બહાના કાઢીને એમ કહે છે કે "અમે અપવાદમાર્ગે આ દોષો સેવીએ છીએ..." પણ અમને તો ચોક્ખું લાગે કે એ અપવાદ નથી. કેમકે એવા કોઈ પુષ્ટ કારણો જ અમને અનુભવાતા નથી.

વધુ મુશ્કેલી તો એ છે કે સ્વયં શિથિલ હોવા છતાં બીજા સારા સાધુઓ માટે એવું બોલવા ય તૈયાર નથી કે "આ બધા અમારા કરતા ઘણા ઉંચા છે..."

જો આવું બધું બોલે તો પોતે ઉઘાડા પડી જાય ને ? લોકો સારા સાધુઓ તરફ ખેંચાઈ જાય ને ? પોતાના ભક્તો ઘટી જાય ને ? શ્રીમંતોનો કાફલો એ આચાર-વિચાર સંપન્ન સાધુઓના ચરણોનો સેવક બની જાય તો ? તો પોતાની ઉભી કરેલી દુનિયાનું શું થાય ?

અને એટલે જ તેઓ જાણે છે કે "અમે ઘણા શિથિલ છીએ. પેલાઓ ઘણા સંયમી છે..." છતાં એ વાતનો સ્વીકાર કદી નહિ કરે.

ઉલ્ટું અવસર આવે તો પોતાની જાતને સંયમીઓની સાથે એવી રીતે સરખાવે કે ભોળાઓને તો એમ જ લાગે કે "આ પણ મહાન ! આ ય મહાન ! બધા સરખા !"

સ્વાભાવિક છે કે દસ-પંદર બાબતો તો એવી મળી જ રહેવાની કે જે બંનેમાં સરખી હોય, પણ એટલા માત્રથી બંને સમાન તો ન જ થઈ જાય ને ?

ગુરુવર ! આવા ગચ્છ અંગે આપનું શું મન્તવ્ય છે ?

ગુરુ : મારું નહિ, શ્રમણ ભગવાન મહાવીરદેવના ાક્ષાત શિષ્ય શ્રી ધર્મદાસગણિવરનું શું મન્તવ્ય છે ? એ હું તને જણાવું.

સાંભળ

જે નિર્ગુણ ગુણરત્નાકરને આપ સરીખા ભાખે રે.
સમકિતસારરહિત તે જાણો ધર્મદાસગણિ ભાખે રે. ॥૧૦॥

ગાથાર્થ : ધર્મદાસગણિ ભાખે છે કે જે નિર્ગુણીઓ ગુણના સાગરને પોતાના સરખા દેખાડે, તેઓ સમ્યક્ત્વરૂપી સારભૂત પદાર્થ વિનાના છે એમ જાણવું.

ભાવાર્થ : ગુણાનુરાગ એ સમ્યક્ત્વનો પાયો છે. જેની પાસે ગુણાનુરાગ હોય તે તો હંમેશા બે આંખોમાં બે આંસુ લઈને જ ફરતો હોય. બીજાના ગુણો જોઈને એના હર્ષના આંસુ અને બીજાના એ ગુણો જો પોતાનામાં ન હોય તો એ બદલ ખેદના આંસુ ! આ બે આંસુ એ જ એની સમ્યક્ત્વની નિશાની !

બીજા સાધુઓમાં ગુરુપારતન્ત્ર્ય દેખાય અને પોતાનામાં ગુરુ પ્રત્યે અરુચિ-અસદ્ભાવ દેખાય તો એ બીજાના પારતન્ત્ર્યની પ્રશંસા અને પોતાની સ્વચ્છંદતાની નિંદા કરી જ બેસે.

બીજાઓ વૈયાવચ્ચી હોય, પોતે આળસુ હોય તો બીજાના વૈયાવચ્ચની ભરપૂર પ્રશંસા અને પોતાની આળસની નિંદા એ કરી જ બેસે.

એમ બ્રહ્મચર્યની વાડોનું પાલન, નિર્દોષ ગોચરીચર્યા, નિર્દોષ સ્થંડિલભૂમિગમન, અપ્રમત્તતાથી ભરપૂર ક્રિયાઓ, ભોજનાદિમાં અનાસક્તિ, વિભૂષાનો ત્યાગ, વિગઈઓ-રસોનો ત્યાગ, વગેરે વગેરે હજારો બાબતોમાં સમજી લેવું.

પણ જેમ પાણીને સુકવી નાંખવાનું કામ આગ કરે, એમ જેની બે આંખોમાં બે આગ પ્રગટી હોય તેની બે આંખોમાં બે આંસુઓ ખલાસ થઈ જાય, ઉત્પન્ન જ ન થાય.

એ બે આગ છે બીજાના ગુણો જોઈને ઈર્ષ્યાની આગ !

પોતાના દોષો જો કોઈ દેખાડે, પકડી પાડે તો ક્રોધની આગ !

પરગુણો પ્રત્યેની ઈર્ષ્યાની આગ ગુણાનુરાગના આંસુઓને ખતમ કરે.

સ્વદોષ દેખાડાય ત્યારે ક્રોધની આગ સ્વદોષપશ્ચાત્તાપના આંસુઓને ખતમ કરે.

હવે ન હોય પરગુણાનુરાગ !

ન હોય સ્વદોષધિક્કાર !

એની પાસે સમ્યક્ત્વ હોય જ શી રીતે ? સમ્યક્ત્વમાં આ બે બાબતો તો અનિવાર્ય જ છે.

એટલે જ જે સાધુઓ-ગચ્છો પોતે તે તે આચારોમાં - પરિણતિઓમાં શિથિલ છે, ઢીલા છે છતાં પોતાની એ ઢીલાશને-શિથિલતાને જેઓ ઢાંકે છે, જોતા જ નથી, કોઈ દેખાડે તો સામે લાલ આંખ કાઢે છે "તમે તમારું સંભાળો..." ... અથવા તો કપટપૂર્વક પોતાની શિથિલતાઓને અપવાદરૂપે જાહેર કરવા લાગે છે...

એટલે જ હવે જેઓ તે આચારોમાં પરિણતિઓમાં પાક્કા છે, મજબૂત છે... એમને જેઓ પ્રશંસી શકતા નથી, પોતાને અને એ બધાને સરખા ગણાવે છે, એ રીતે જ બધો વ્યવહાર ચલાવે છે... એ બધા જ મિથ્યાત્વી જાણવા.

શિષ્ય !

હવે તું જ વિચાર કે ગુણસંપન્ન મહાત્માઓને પોતાના સરીખા દેખાડવામાં જો મિથ્યાત્વ લાગે, તો એમને પોતાના કરતા પણ નીચા દેખાડવામાં શું ન લાગે ? એ તો ગાઢ મિથ્યાત્વ જ ન કહેવાય ?

ધારો કે કોઈક ગચ્છમાં ડોળીનો ઉપયોગ કરાય છે, આપણા ગચ્છમાં ડોળીનો ઉપયોગ કરાતો નથી. માની લો કે ડોળીનો ઉપયોગ ખરેખર યોગ્ય નથી. તેઓ આ શાસ્ત્રવિરુદ્ધ જ કરી રહ્યા છે. પણ હવે આ બાબત આગળ કરીને એમને ચારિત્રભ્રષ્ટ કહી શકાય ? ધારો કે કહી શકાય. પણ હવે આપણા ગચ્છમાં આધાકર્માદિ ગોચરી વપરાતી હોય તો એ પણ શાસ્ત્રવિરુદ્ધ હોવાથી આપણા ગચ્છને પણ ચારિત્રભ્રષ્ટ કહેવો પડે કે નહિ ?

બીજાઓ ડોળી વાપરીને આજ્ઞાભંગ કરે તો એમને ચારિત્રભ્રષ્ટ કહેવા, ને આપણે આધાકર્મી વાપરીને આજ્ઞાભંગ કરીએ તો ય આપણને ચારિત્રભ્રષ્ટ ન કહેવા આ કઈ જાતનો ન્યાય ?

ધારો કે આપણા ગચ્છમાં ડોળી ય નથી ને દોષિત ગોચરી ય નથી, પણ અકાલચારી સાધ્વીઓ ખરા ? આઠમ-ચૌદસ વિના ય વંદન માટે આવે, સવાર-સાંજ

પણ આવે, વધુ સમય ઉપાશ્રયમાં રહે... આ બધું ખરું ? તો એ ય કેટલો ભયંકર દોષ છે ને ? તો આપણે કહીશું ? કે આપણો ગચ્છ ચારિત્રભ્રષ્ટ !

માનો કે અકાલચારી સાધ્વીઓ ય નથી, પણ મોબાઈલવાળો માણસ ખરો ? એના દ્વારા ઘણા ફોનો કરાવીએ ખરા ? વિહારમાં લારી-ગાડી ખરી ? ઉપાશ્રયમાં રાત્રે લાઈટ-ગ્લોબ ખરો ? વધારાની ઉપધિના પોટલાઓ ખરા ? વાડાનો ઉપયોગ ખરો ? વર્ષે ૧૨-૧૫-૨૦ વાર કાપ કાઢવાના ખરા ?... અરેરે ! દોષો તો ઢગલેઢગલા આપણને આપણા ગચ્છમાં ય દેખાય, જો દૃષ્ટિ સ્પષ્ટ હોય, તટસ્થ હોય તો !

આપણે એક કામ કરીએ, બીજા ગચ્છોમાં જે જે દોષો જોઈને આપણે એમને શિથિલાચારી વગેરે કહેતા હોઈએ. શાસ્ત્રોમાં તે તે દોષોના પ્રાયશ્ચિત્તો તો આપ્યા જ છે. હવે તે તે દોષોના જે પ્રાયશ્ચિત્તો શાસ્ત્રોમાં આપ્યા છે. તે જ પ્રાયશ્ચિત્તો બીજા જે જે દોષોમાં આપેલા હોય, તે બધા દોષો સામાન્યથી તો પરસ્પર સરખા જ ગણાય ને ?

દા.ત. કુલ ૧૦૦ દોષો એવા છે કે જેમાં શાસ્ત્રોએ આંબિલનું પ્રાયશ્ચિત્ત બતાવેલું હોય, તો સામાન્યથી એ ૧૦૦ દોષો સરખા ગણી શકાય. એમ ઉપવાસના પ્રાયશ્ચિત્તવાળા ૧૦૦ દોષો ય સરખા, છટ્ઠના પ્રાયશ્ચિત્તવાળા ૧૦૦ દોષો પણ સરખા.

હવે આંબિલ પ્રાયશ્ચિત્તવાળા દોષોને કારણે જો બીજા ગચ્છોને શિથિલ કહેતા હોઈએ, તો જો આંબિલ પ્રાયશ્ચિત્તવાળા અન્ય દોષો જો આપણા ગચ્છમાં હોય તો એને પણ શિથિલ કહેવા પડે કે નહિ ? કહેવા જ પડે. અને ખરેખર ગીતાર્થ મહાત્માઓને પૂછશો તો તેઓ દરેક ગચ્છમાં શાસ્ત્રપ્રમાણે અનેકાનેક દોષો દેખાડી આપશે, જેની કોઈને દોષ તરીકે જાણકારી ય ન હોય, એવા ભયંકર દોષો તેઓ દર્શાવી શકશે, કેમકે હકીકતમાં આવા દોષો આ કાળમાં છે જ.

આપણી વાત એટલી જ છે કે અમૂક અમૂક દોષોને ઉપર કરીને, અન્ય સાધુઓને શિથિલ, ભ્રષ્ટ... વગેરે બિરુદો આપી દેવા એ આત્મઘાતી પગલું છે. તેઓના બાકીના ગુણો જોવા જ નહિ, આપણા બાકીના દોષો જોવા જ નહિ એ કેવું !

યોગસારમાં સ્પષ્ટ કહ્યું છે કે

परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ।

મૂઢજીવો હંમેશા બીજાના દોષોનું દર્શન કરે, કે જે સંસાર વધારનાર છે. પણ પોતાની જાત જ દોષોમાં ભ્રષ્ટ થઈ રહી છે, એ સચ્ચાઈને એ બિચારા જોઈ ન શકે.

એટલે ધર્મદાસગણિની વાત એકદમ સાચી છે કે 'જેઓ સ્વયં ગુણહીન હોય અને ગુણસંપન્નોને પોતાના સરીખા દેખાડે તે મિથ્યાત્વી !' એનાથી ય વધારે એ કે જેઓ ગુણસંપન્નોને શિથિલ ભ્રષ્ટ કહે તેઓ મહામિથ્યાત્વી ! એટલે જે ગચ્છો-સાધુઓ પરગુણદૃષ્ટા નથી, સ્વદોષદૃષ્ટા નથી. પરનિંદક છે, સ્વપ્રશંસક છે... એ બધાની છેટા રહેવામાં જ જીવનું કલ્યાણ છે.

<u>શિષ્ય :</u> આ બધી બાબતનો સાર તો એ જ આવ્યો કે સારા ગચ્છમાં રહેવું. જિનાજ્ઞાપાલક + જિનાજ્ઞાબહુમાની ગચ્છમાં રહેવું.

પણ આની સામે મારો એક પ્રશ્ન છે.

<u>કોઈ કહે જે બકુશકુશીલા, મૂલોત્તરપડિસેવી રે.</u>
<u>ભગવઈ અંગે ભાખ્યા તેથી અંત વાત નવિ લેવી રે. ॥૧૧॥</u>

<u>ગાથાર્થ :</u> કોઈ કહે છે કે બકુશકુશીલ ચારિત્રીઓને મૂલોત્તરગુણોના પ્રતિસેવી કહ્યા છે. તેથી છેલ્લી વાત લેવા જેવી નથી.

<u>ભાવાર્થ :</u> <u>શિથિલ સાધુઓ :</u> ઉપાધ્યાયજી મહારાજ ! તમે અમને ઘણા બધા ઠપકા આપ્યા. "જે ગચ્છમાં સાધુઓ પરસ્પર એકબીજાને ઉપકાર ન કરતા હોય, જ્ઞાનાદિમાં સહાય ન કરતા હોય એ ગચ્છને છોડી દેવો... જે સ્વયં નિર્ગુણી છે અને બીજા સદ્‌ગુણીઓને પોતાના જેવા દેખાડે છે... એમને છોડી દેવા... એ સમ્યગ્દર્શન વિનાના છે..." આવી ઘણી બધી વાતો તમે કહી ગયા.

તમારી વાતો શાસ્ત્રીય હોત, તો તો અમે પણ સ્વીકારી લેત. કેમકે અમે ભલે શિથિલ હોઈએ, તો પણ અમે ય છેવટે તો આગમોને જ માનનારા છીએ ને ?

પણ અમને સ્પષ્ટ લાગે છે કે તમારી વાત શાસ્ત્રીય નથી.

તે આ પ્રમાણે

તમે શિથિલોને છોડી દેવા જેવા, અવંદનીય વગેરે બતાવ્યા

હવે ભગવતીસૂત્રમાં જ્યારે પાંચ નિર્ગ્રન્થોનું વર્ણન કરવામાં આવ્યું, ત્યારે બકુશ અને કુશીલ આ બે નિર્ગ્રન્થોના વર્ણનમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે "આ બકુશ અને કુશીલ સાધુઓ મૂલગુણોના દોષો અને ઉત્તરગુણોના દોષો પણ સેવનારા હોઈ શકે છે. અર્થાત્ તેઓ હિંસાદિ દોષો પણ સેવે અને આધાકર્માદિ દોષો પણ સેવે."

ઉપાધ્યાયજી ! આવા દોષો સેવનારાઓને ત્યાં સાધુતાથી ભ્રષ્ટ થયેલા નથી માન્યા. પણ બકુશ અને કુશીલ પ્રકારના સાધુ જ માન્યા છે. ચોક્કસ, પેલા દોષો તો દોષો છે જ, એનો કંઈ બચાવ નથી કરવાનો, પણ મૂલગુણોના = મહાવ્રતોના દોષો હોવા છતાં પણ તેઓને સાચા સાધુ તો માન્યા જ છે. છઠ્ઠા ગુણસ્થાનના માલિક તો માન્યા જ છે.

શું એ સાધુઓ અવંદનીય બને ખરા ? અને જો બનતા હોય તો તો આજે કોઈપણ વંદનીય રહેશે જ નહિ, કેમકે બધા આજે બકુશ-કુશીલ જ છે.

એટલે શિથિલાચાર જોઈને એમને અવંદનીય, ત્યાજ્ય કહી દેવાની ભૂલ શા માટે કરો છો તમે ? ભગવતીસૂત્રના આ પદાર્થને ફરી ધ્યાનમાં લો, અને ભયંકર શિથિલાચારી પણ સુસાધુ હોઈ શકે છે, એ વાસ્તવિકતાને અપનાવી લઈને સર્વત્ર મીઠાશની પ્રભાવના કરો, આચારપાલનનો અતિ-આગ્રહ, શિથિલાચારનો અતિદ્વેષ એ નુકસાનકારી છે, ઉપાધ્યાયજી ! એટલે શિથિલાચારીઓ ખોટા, ત્યાજય, મિથ્યાત્વી... વગેરે તમે જે વાતો છેલ્લે કરી છે, એ માનવા જેવી નથી, છોડી દેવા જેવી છે.

(પંચનિર્ગ્રન્થીપ્રકરણ, ગુરુતત્ત્વવિનિશ્ચયનો ચોથો ઉલ્લાસ... વગેરે સ્થાનોમાં પણ બકુશાદિ સાધુઓનું વિસ્તારથી વર્ણન પ્રાપ્ત થાય છે.)

(પ્રતિસેવી = દોષો સેવનારા... મૂલગુણો = મહાવ્રતો... ઉત્તરગુણો = નિર્દોષ ગોચરી વગેરે...

<u>અન્તવાત</u>નો અર્થ એવો પણ થઈ શકે કે 'શિથિલો અવંદનીય છે' વગેરે વાતો હલકી છે, જઘન્ય છે, સંકુચિતમનોવૃત્તિની પેદાશ છે. માટે આવી બધી વાતો છોડી દેવી.)

<u>મહોપાધ્યાયજી :</u>

<u>તે મિથ્યા નિષ્કારણ સેવા, ચરણઘાતિની ભાખી રે;</u>
<u>મુનિને તેહને સંભવમાત્રે, સત્તમઠાણું સાખી રે. ॥૧૨॥</u>

<u>ગાથાર્થ :</u> એ વાત મિથ્યા છે, = ખોટી છે. કારણ કે કારણ વિના પ્રતિસેવના ચારિત્રનો ઘાત કરનારી કહી છે. બકુશ-કુશીલ મુનિઓને તે પ્રતિસેવના સંભવમાત્રથી હોય છે. આ વાતમાં સાતમું સ્થાનક સાક્ષી છે.

<u>ભાવાર્થ :</u> જુઓ, તમે શિથિલ આચારવાળા છો, માટે તમારા પર આવેશ આવવાના કારણે મેં ખોટા પદાર્થો કહ્યા છે, એ વાત તદ્દન ખોટી છે. હું પ્રભુશાસનને સમજેલો છું, હીન જીવો પ્રત્યે પણ અપાર કરુણાભાવ રાખવાનો ઉપદેશ પ્રભુએ આપેલો છે, પ્રણિધાન નામના શુભાશયના વર્ણનમાં પણ બહુ જ સ્પષ્ટ શબ્દમાં દર્શાવ્યું છે કે "આપણા કરતા ઓછા સારા જીવોમાં કરુણા-કૃપાભાવ રાખવો..."

આ બધું મેં માત્ર વાંચ્યું જ નથી, પચાવ્યું પણ છે.

હવે તમારી વાતનો જવાબ !

તમે ભગવતીસૂત્રની જે વાત કરી કે "બકુશ-કુશીલ સાધુઓ નાના-મોટા દોષો સેવનારા હોય અને એ સાચા સાધુ પણ હોય...." એ બધાનો ઉત્તર હું પછી આપીશ.

સૌથી પહેલા તો એક વાત સમજી લો કે

<u>નિષ્કારણ પ્રતિસેવા ચારિત્રનો ઘાત કરનારી માની છે.</u>

ભગવાને ઉત્સર્ગમાર્ગે જે આજ્ઞા ફરમાવી છે. એનું પાલન કરવું એ <u>સેવા</u> કહેવાય. જ્યારે એ આજ્ઞા વિરુદ્ધ વર્તન કરવું એ પ્રતિસેવા કહેવાય.

<u>દા.ત.</u> એકાસણું કરવું એ જિનાજ્ઞા ! એનું પાલન એ સેવા ! એને બદલે બેસણું - નવકારશી વગેરે કરવું એ પ્રતિસેવા ! આવું હજારો આજ્ઞાઓમાં સમજી લેવું.

પણ આ પ્રતિસેવા પણ બે પ્રકારે છે. (૧) કારણસર, (૨) કારણ વિના

– માંદગીના કારણે બેસણું - નવકારશી કરવા પડે,

– અતિ લાંબો વિહાર હોવાના કારણે અંધારામાં વિહાર કરવો પડે,

– ઘડપણમાં ઉપધિ ઉંચકવાની તાકાત ન હોવાથી સાઈકલ ઉપર ઉપધિ મૂકવી પડે,

– અતિ ઠંડીના કારણે ધાબડાનો ઉપયોગ કરવો પડે,

– અતિગરમી વગેરેના કારણે પગમાં કંઈક પહેરવું પડે...

આવી તો હજારો પ્રકારની પ્રતિસેવા એવી છે કે જે કારણસર કરવામાં આવે છે.

ગીતાર્થ સાધુ કે ગીતાર્થની આજ્ઞા પ્રમાણે જ પ્રવૃત્તિ કરનાર સાધુ કારણસર યતનાપૂર્વક જો કોઈ પણ દોષ સેવે, તો એ પ્રતિસેવા અપવાદમાર્ગ રૂપ છે, એમાં કર્મનો ક્ષય થાય છે, આત્મશુદ્ધિ થાય છે, એટલે એમાં લેશ પણ દોષ નથી.

પણ આ જ બધી પ્રતિસેવાઓ કારણ વિના પણ સેવાતી હોઈ શકે.

– આસક્તિ જાગી, અને નવકારશી કરી...

– તડકો સહન નથી કરવો - નવકારશી વહેલી કરવી છે, એટલે અંધારામાં વિહાર કરે...

– ઉપધિનો ભાર ઉંચકવો ગમતો નથી, મસ્તીથી જીવવું છે, માટે માણસ પાસે ઉપધિ ઉંચકાવાય...

– સંથારો પતળો પડે છે, એટલે સારી રીતે ઉંઘવા માટે, ગાદી માટે, ધાબડો વાપરે...

– ગરમી ઓછી હોય, તો ય જોડા પહેરવા, વધુ સારા પહેરવા...

કોઈપણ જાતના વિશિષ્ટ કારણ વિના, માત્ર આસક્તિ-સુખશીલતાદિથી પ્રેરાઈને કોઈક કારણ ઉભું કરી દેવું, મોહનીયના ગુલામ બની જવું, આજ્ઞાઓને ઉપેક્ષી દેવી અને પ્રતિસેવા કરવી આ બધી નિષ્કારણ પ્રતિસેવા છે.

આ બધી પ્રતિસેવા ચારિત્રનો ઘાત કરનારી છે.

<u>પ્રશ્ન :</u> જો નિષ્કારણ પ્રતિસેવા ચારિત્રનો નાશ કરે, તો તો આજે લગભગ બધા સાધુ-સાધ્વીજીઓમાં થોડી-ઘણી પણ નિષ્કારણ પ્રતિસેવા છે જ, તો એ બધાને ચારિત્રનો ઘાત માનવો પડશે, તો પછી અત્યારે 'કોઈ સાચો સાધુ છે જ નહિ' એમ માનવું પડશે.

<u>ઉત્તર :</u> ચારિત્રનો ઘાત બે પ્રકારનો છે. (૧) દેશઘાત, (૨) સર્વઘાત.

જેમાં ચારિત્ર મરી ન જાય, પણ માંદુ પડે, નબળું પડે, ગુણસ્થાનક તો ટકે જ... એ દેશઘાત ! જ્યારે જેમાં ચારિત્ર ખતમ જ થઈ જાય, ગુણસ્થાનક જતું રહે... એ સર્વઘાત ! આપણે મૂળ વાત પર આવીએ.

નિષ્કારણ પ્રતિસેવા ચારિત્રનો ઘાત કરે, એ નિશ્ચિત વાત છે. કદાચ દેશથી ઘાત કરે, તો ય ધીરે ધીરે એ દેશઘાત વધતો જાય, અને સર્વઘાત પણ થઈ જ જાય.

શ્રી ઠાણાંગસૂત્રના સાતમા અધ્યયનમાં આ વાત દર્શાવી છે કે મુનિને જો નિષ્કારણ પ્રતિસેવાનો સંભવ પણ હોય, તો પણ એ ચારિત્રઘાત કરે, એટલે કે એ પ્રતિસેવા કાયિક ન હોય તો ય, વારંવાર ન થઈ હોય તો ય ચારિત્રઘાત કરે જ.

એટલે જ તમે ભગવતીસૂત્રનો પાઠ આગળ કરીને બચાવ ન કરો કે "એમાં તો સાચા સાધુને પણ મૂલોત્તરગુણ પ્રતિસેવી જણાવેલા છે, માટે એ દોષવાળા ય સાચા

સાધુઓ હોઈ જ શકે છે, માટે એનું ખંડન ન કરવું..." વગેરે.

(અહીં ગાથામાં 'સત્તમઠાણું' શબ્દ વાપર્યો છે, એ અનુસારે ઉપર સ્થાનાંગસૂત્રના સાતમા અધ્યયનનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ ઠાણાંગસૂત્રના સાતમા અધ્યયનમાં <u>પ્રતિસેવા</u> અંગેનો કોઈપણ પાઠ મળતો નથી. એક જૂના ભાષાંતરમાં એવું વાંચ્યુ હોવાનો ખ્યાલ છે કે → સાતમા સ્થાનકમાં આ અંગેનો કોઈ પાઠ નથી... અમે ઘણો શોધ્યો, છતાં જડ્યો નથી. ← એટલે ઉપાધ્યાયજીએ 'સત્તમઠાણું સાખી રે...' એ ક્યા અભિપ્રાયથી લખ્યું છે, એ ખ્યાલ આવતો નથી.

શ્રી પદ્મવિજયજીકૃત બાલાવબોધમાં તેઓશ્રી ફરમાવે છે કે → અમારા ગુરુદેવશ્રી એમ કહે છે કે ' <u>'ઠાણા'</u> નામનું પ્રકરણ છે, અને એમાં આ અંગેની વાત હોવી જોઈએ.' પણ એ પ્રકરણ અમારા હાથમાં આવ્યું નથી. કોઈક અહીં સ્થાનાંગસૂત્રનો પાઠ હોવાનું કહે છે, પણ એ પણ મળતો નથી... ←

અહીં <u>મુનિને તેહને સંભવમાત્રે</u>... એ શબ્દનો અર્થ અન્ય વિવેચનોમાં આવો પણ કરવામાં આવ્યો છે કે એ પ્રતિસેવા મુનિને સંભવમાત્રથી જ હોય. એટલે કે મુનિ આમ તો સતત સંયમજીવનમાં ઉદ્યમી હોય, છતાં કયારેક કયારેક એને પ્રતિસેવાનો સંભવ છે... વગેરે.)

– x – x –

<u>પ્રશ્ન :</u> તમે કહ્યું એ વાત સાચી. પણ ભગવતીસૂત્રનો શું જવાબ ? અમારે સ્પષ્ટ સમાધાન જોઈએ. એમને પ્રતિસેવા બતાવી છે, એ તો સ્પષ્ટ જ છે. અને છતાં સાચા સાધુ માન્યા જ છે, તો અમારો પ્રશ્ન તો હજુ ઉભો જ છે કે "જેઓ દો ો સેવે, એ સાધુ મટી જાય..." વગેરે આક્ષેપો તમે શું કામ કરો છો ?

તમે એમને એમ કહો કે

બકુશ-કુશીલ સાધુઓ કઈ પ્રતિસેવાવાળા છે ? જો સકારણ જ પ્રતિસેવા કરતા હોય, તો તો તેઓનું સંયમ નિરતિચાર જ ગણાય, અને તો તો એ બકુશ-કુશીલ કહેવાય જ નહિ. (વર્તમાનકાળમાં તો અતિચારવા ા એવા બકુશ-કુશીલ જ માનેલા છે.)

જો તેઓ નિષ્કારણ પ્રતિસેવાવાળા હોય, તો તો તમારા મત પ્રમાણે ચારિત્રનો ઘાત થાય, અને તો પછી એ બકુશ-કુશીલ પણ ન કહેવાય. કેમકે એ તો ચારિત્રીના જ ભેદ છે અને જો ચારિત્ર જ ખતમ થઈ જાય, તો પછી તેઓ બકુશ ચારિત્રી શી

રીતે કહેવાય ? અને તો પછી ભગવતીસૂત્ર સાથે વિરોધ આવવાનો .

એટલે એમ માનવું જ જોઈએ કે એમની પાસે નિષ્કારણ પ્રતિસેવા છે, માટે જ એ બકુશ-કુશીલ કહેવાય. પણ એ પ્રતિસેવા હોવા છતાં ય ચારિત્રનો ઘાત ન જ થાય, એટલે જ તેઓ ચારિત્રી કહી શકાય.

એટલે ફરી અમારી વાત દહોરાવીએ છીએ કે "દોષોનું સેવન ચાલુ હોય, તો ય એ સાચા સાધુ ! માટે જ દોષસેવન કરનારાઓને ગાળો દેવાનું બંધ કરો, એમને પણ વંદનીય-પૂજનીય માનો."

મહોપાધ્યાયજી :

પડિસેવાવચને તે જાણો, અતિચાર બહુલાઈ રે;
ભાવબહુલતાએ તે ટાળે, પંચવસ્તુ મુનિ ધ્યાયી રે. ॥૧૩॥

ગાથાર્થ : ભગવતીસૂત્રમાં બકુશકુશીલને પ્રતિસેવા હોવાની જે વાત કરી છે, તેનો અર્થ આ પ્રમાણે જાણવો કે "બકુશ-કુશીલને ઘણા બધા અતિચારો હોય." જ્યારે પંચવસ્તુમાં મુનિ અંગે આ વાત દર્શાવી છે કે મુનિ ભાવની બહુલતા દ્વારા એ ઘણા અતિચારોને ટાળે (અને એ રીતે ચારિત્રની રક્ષા કરે.)

(અથવા તો આવો અર્થ કરવો કે પંચવસ્તુમાં જણાવ્યું છે કે શુભધ્યાનવાળો મુનિ એ ભાવબહુલતાના પ્રભાવે અતિચારોને ટાળે.)

ભાવાર્થ : ભગવતીસૂત્રમાં જે વાત કરી છે, તે કેવા સાધુ માટે છે ? એ સમજી લઈએ.

જે સાધુ બકુશ-કુશીલચારિત્રવાળા છે, તેઓને ઘણા બધા અતિચારો હોવાના. બસ, ભગવતીસૂત્ર આટલું જ દર્શાવે છે. પણ એટલા માત્રથી 'તેઓમાં આ બધા અતિચારો હોય તો ચાલે, કોઈ જ વાંધો નથી. એમાં કંઈ ચારિત્ર ખતમ ન થાય, એવો બધો અર્થ લેવાનો નથી. આ માટે પંચવસ્તુની ગાથા ૩૨૧ થી ૩૨૩ અત્યંત ઉપયોગી છે.

ચંપલ વિનાના માણસને ક્યારેક કાંટાળા રસ્તે ચાલવાનું થાય, તો એ કેવી રીતે ચાલે ? એક પણ કાંટો વાગી ન જાય, એ માટેની કાળજી પૂરી કરે. પરંતુ ચિક્કાર કાંટાઓથી ભરેલો રસ્તો હોય, ત્યાં કાંટા બિલકુલ ન જ વાગે, એ શી રીતે શક્ય બને ? એટલે ગમે એટલી કાળજી કરવા છતાં ય કાંટા તો વાગવાના જ. જેવો કાંટો વાગે, એટલે એ માણસને દુ:ખ થાય. એ સીસકારો પણ બોલાવે, તરત જ પોતાના

હાથે એ કાંટો કાઢે, છેવટે બીજા કોઈ પાસે પણ કાંટો કઢાવે... "ભલેને કાંટો વાગ્યો, ભલેને અંદર કાંટો પડ્યો રહે..." આવું તો બિલકુલ ન વિચારે. અરે, કાંટો તૂટી ગયો હોય અને ત્યાં જ કાઢવો શક્ય ન હોય, તો લંગડાતો લંગડાતો ચાલીને પોતાના સ્થાને પહોંચે, પછી એ જ દિવસે કાંટો કાઢી નાંખે. જયાં સુધી કાંટો ન નીકળે, ત્યાં સુધી એને એ કાંટો વારંવાર ખુંચ્યા જ કરે.

એમ સાધુ સંયમજીવનમાં સતત યત્નવાળો હોય, અતિચારો રૂપી એક પણ કાંટો ન લાગે, એ માટે સખત પ્રયત્ન કરતો જ હોય. પણ આત્માના અનાદિકાળના મલિન સંસ્કારો-પાપકર્મોનો ગમે ત્યારે ગમે તે રીતે થઈ જતો વિચિત્ર પ્રકારનો ઉદય – કાળની ખરાબી – ચારેબાજુ ખરાબ નિમિત્તોનું ભયંકર આક્રમણ – ઉત્સાહ અને ઉલ્લાસ વધારે એવા સારા આલંબનોનો અભાવ... આ બધાના કારણે આવા ઉત્તમસાધુને નાના-મોટા દોષો-અતિચારો રૂપી કાંટા વાગે.

પણ આ કાંટા એને ખૂંચે, દોષરૂપી કાંટા વાગતાની સાથે જ આ સાધુને ખૂબ દુઃખ થાય. એ તરત જ ગુરુ પાસે એની આલોચના કરીને દોષ રૂપી કાંટાને બહાર કાઢી દે, ફેંકી દે.

માનો કે ગુરુ હાજર ન હોવાના કારણે કે બીજા કોઈક કારણસર સાધુ તત્કાળ આલોચના ન કરી શકે, તો પણ સાધુ શક્ય એટલી વહેલામાં વહેલી આલોચના કરી લે. જયાં સુધી આલોચના ન થાય, ત્યાં સુધી એ દોષ એને ખુંચ્યા જ કરે, પશ્ચાત્તાપ ચાલુ રહે.

આમ

(૧) 'દોષો નથી જ સેવવા' એવો અધ્યવસાય અને પ્રયત્ન.

(૨) નિમિત્તાદિના કારણે દોષો સેવાઈ જાય, તો તરત પશ્ચાત્તાપરૂપી ખુંચકારો.

(૩) ગુરુ પાસે વહેલામાં વહેલી તકે આલોચના કરી લેવા રૂપ કાંટાને કાઢી નાંખવાની પ્રક્રિયા...

(૪) જયાં સુધી આલોચના ન થાય, ત્યાં સુધી એ દોષ માટે અવસરે અવસરે પશ્ચાત્તાપ...

(૫) આલોચના કર્યા બાદ અત્યંત હળવાશની અનુભૂતિ, જે પ્રાયશ્ચિત્ત મળે એ તરત જ પૂર્ણ કરવાનો ભરપૂર ઉલ્લાસ, ગમે તે પ્રાયશ્ચિત્ત સ્વીકારવાની સંપૂર્ણ તૈયારી.

આ બધા ચિક્કાર શુભ ભાવો પેલા પુષ્કળ અતિચારોને તોડી-ફોડી નાંખે. એમની તાકાતના ભાંગીને ભુક્કા કરી નાંખે. ભલે એ પ્રતિસેવા નિષ્કારણ સેવી હોય, તો પણ આ બધા શુભભાવોના કારણે એ ચારિત્રનો સર્વઘાત ન કરે, દેશઘાત જ કરે. અને એ દેશઘાત પણ શુભભાવો દ્વારા રુઝાઈ જાય; ફરી પાછો એ દેશ અખંડિત બની જાય.

એટલે એ વાત ધ્યાનમાં લો કે

ઉત્તમ પરિણતિમાન ઉપર દર્શાવેલા સાધુને નિષ્કારણ પ્રતિસેવા છે, એ વાત સાચી જ છે. એટલે કે પ્રમાદ-આળસ વગેરેથી પણ એમને પ્રતિસેવા હોય છે, એ વાત સાચી જ છે. પણ આનાથી એમનું ચારિત્ર સંપૂર્ણ ખતમ ન થાય. એને ઘા ચોક્કસ લાગે, ઈજા ચોક્કસ થાય, પણ ચારિત્ર મરી ન જ જાય. ઉલટું શુભભાવો રૂપી દવાઓ દ્વારા એ બધા ઘા રુઝાઈ જાય... અને બીજી બાજુ આ ઘાયલ સૈનિક જેવા ચારિત્રીએ સૈનિકે પુષ્કળ પાપકર્મો રૂપી શત્રુઓનો ખાત્મો તો બોલાવ્યો જ હોય, એટલે એ લાભ તો ઘણો બધો છે જ.

બોલો, હવે તો સમજાય છે ને ? કે ભગવતીમાં કહ્યા પ્રમાણે બકુશ-કુશીલમાં મૂલોત્તરગુણની પ્રતિસેવના હોય, પણ પંચવસ્તુકમાં બતાવ્યા પ્રમાણે જે સાધુ શુભભાવોથી એ અતિચારોને તોડે, એને ચારિત્ર હોઈ શકે.

હવે શિથિલાચારીઓની વાત !

વત્સ ! ખોટું ન લગાડીશ, પણ આવા સાધુઓને ઊંટની ઉપમા આપશું, તો જ આખો પદાર્થ સ્પષ્ટ સમજાશે.

ઊંટને કાંટા વાગે છે ખરા ? અરે ! ઊંટ તો કાંટાઓ મસ્તીથી ખાય છે. એને તો કાંટા ભાવે છે. કાંટા એ જ એનો ખોરાક છે. કાંટા મળે, તો એમને ગમે છે. કાંટાથી બચવાનો પ્રયત્ન ઊંટે કર્યો છે ખરો ? ઊંટને મોઢામાં કાંટો ખુંચ્યો હોય એવું સાંભળ્યું છે ખરું ?

તો જેઓ દોષો રૂપી કાંટાઓથી બચવાનો પ્રયત્ન નથી કરતા...

જેઓ દોષો રૂપી કાંટાઓ વારંવાર ખાય છે.

જેઓ દોષોની આલોચના-પ્રાયશ્ચિત્ત નથી કરતા,

જેમના વર્તન-વાણી-સંવેદનમાં પશ્ચાત્તાપાદિ ભાવો દેખાતા નથી.

આ બધામાં જે મૂલોત્તરગુણપ્રતિસેવા છે, એ એમના ચારિત્રનો વિનાશ કરી જ

નાંખે, એમાં જરાય આશ્ચર્ય નથી. આ શિથિલો બકુશ-કુશીલ ચારિત્રી બની જ ન શકે, એ નક્કી માનવું. ભલે કદાચ શરૂઆતમાં દેશઘાત થાય, પણ બચવાનો પ્રયત્ન-ભાવ નથી, એટલે એમના ચારિત્રનો સર્વનાશ થતા કોણ રોકી શકે ?

વાંચો વ્યવહારસૂત્રના પાઠો

→ **अनालोचिते च मृतस्य दीर्घसंसारिता** (ગા. ૨૨૮)

જે દોષોની આલોચના કર્યા વિના મરે, તે દીર્ઘસંસારી થાય.

→ **अतीचारशल्ययुक्तेन मुहूर्तमप्यासितुं न क्षमं** (ગા. ૨૨૮)

અતિચારની આલોચના કર્યા વિના, મનમાં એ દોષો સંઘરી રાખીને એક મુહૂર્ત પણ રહેવું યોગ્ય નથી.

→ **नैव अतीचारशल्यपरिकलितस्तपश्चरणादिकं प्रभूतमपि कुर्वन् शुद्ध्यति ।** (ગા. ૨૨૯)

અતિચારોની આલોચના કર્યા વિના સાધુ ગમે એટલા તપ-ચારિત્ર પાળે, તો પણ એ શુદ્ધ ન બને.

આવા તો ઢગલાબંધ પાઠો આગમગ્રન્થોમાંથી પ્રાપ્ત થાય છે.

એટલે ફરી યાદ કરી લો.

→ પશ્ચાત્તાપ - આલોચના - પ્રાયશ્ચિત્ત આ બધા શુભભાવો જો ન હોય, તો નિષ્કારણ પ્રતિસેવાઓ ચારિત્રને હણી જ નાંખે. એ સાધુઓ ભગવતીસૂત્રમાં બતાવેલા બકુશ-કુશીલ ચારિત્રીમાં ન જ ગણાય.

→ નિષ્કારણ પ્રતિસેવાદિ થાય, તો પણ પૂર્વે દર્શાવેલા વિશિષ્ટ સાધુને ચારિત્રનો સર્વઘાત ન થાય. પશ્ચાત્તાપાદિ ભાવો ચારિત્રનાં સંરક્ષક-વિશોધક-સંવર્ધક બની રહે છે. આ જ સાધુઓ ભગવતીમાં દર્શાવેલા બકુશ-કુશીલ ચારિત્રીમાં સમાવેશ પા`

– x – x –

<u>સહસા દોષ લગે તે છૂટે, સંયતને તત્કાળે રે;</u>

<u>પચ્છિત્તે આકુટ્ટિયેં કીધું, પ્રથમ અંગ નિભાલે રે. ॥૧૪॥</u>

<u>ગાથાર્થ :</u> સાધુને જે દોષ સહસાકારથી લાગે, તે દોષ તત્કાળે જ જતો રહે. જે દોષ આકુટ્ટિથી લાગે, તે પ્રાયશ્ચિત્તથી દૂર થાય. પ્રથમ અંગ જુઓ. (અર્થાત્ આચારાંગસૂત્ર જોશો, તો આ પદાર્થ પ્રાપ્ત થશે.)

ભાવાર્થ : દોષો સેવાઈ જાય, છતાં ચારિત્ર શી રીતે ટકે ? એ માટેનો આ પણ એક પાઠ છે. શ્રી આચારાંગસૂત્રમાં આ પદાર્થ મળે છે. આપણે અહીં એનો ભાવાર્થ જોઈએ.

આલોચનાં - પ્રતિક્રમણ વગેરે દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત છે.

એમાં

(૧) ગુરુને પોતાના અપરાધ વગેરેનું કથન કરવું એ આલોચના !

(૨) 'મિચ્છા મિ દુક્કડં' દેવું એ પ્રતિક્રમણ !

(૩) આલોચના + પ્રતિક્રમણ એ બંને જેમાં કરાય એ તદુભય !

(૪) દોષિત ગોચરી વગેરે યોગ્ય રીતે પરઠવી દેવું એ વિવેક !

(૫) લોગસ્સ વગેરેનો કાઉસ્સગ્ગ કરવો એ કાયોત્સર્ગ !

(૬) આંબિલ વગેરે નાના-મોટા તપો એ તપ !

(૭) દીક્ષાપર્યાય ઘટાડવો એ છેદ !

(૮) દીક્ષાપર્યાય સંપૂર્ણ રદ કરીને ફરી દીક્ષા આપવી એ મુલ !

(૯) દીક્ષાપર્યાય સંપૂર્ણ રદ કરવો, અમૂક તપાદિ કરાવવા, પછી દીક્ષા આપવી એ અનવસ્થાપ્ય !

(૧૦) અમૂક વર્ષ માટે ગુપ્તવેષ, અમૂક તપ... ત્યારબાદ દીક્ષા... ઈત્યાદિ પારાંચિક (આનું વિસ્તૃત સ્વરૂપ અન્ય ગ્રન્થોમાંથી જાણવું.)

આમ તો આ દસેય પ્રાયશ્ચિત્ત જ છે. છતાં ૫ થી ૧૦ એ વિશેષથી પ્રાયશ્ચિત્ત તરીકે ઓળખાય છે. એમાં ય તપ એ પ્રાયશ્ચિત્ત તરીકે વ્યવહારમાં સૌથી વધુ પ્રસિદ્ધ છે.

પ્રસ્તુતમાં આલોચના + પ્રતિક્રમણ... એ વ્યવહારમાં પ્રાયશ્ચિત્ત નથી... એ રીતે સમજીને જ પદાર્થ સમજવાનો છે.

સાધુને કેટલાક દોષો સહસાકારથી કે અનાભોગથી જ લાગી જતા હોય છે. આમાં અચાનક જ કંઈક બને, દોષ સેવાઈ જાય, પણ રાગ-દ્વેષ-પ્રમાદ આદિ કોઈપણ ભાવદોષ ન હોય, તો એ સહસાકાર છે. જયારે કોઈક બાબતનો ખ્યાલ જ ન હોવાથી દોષ સેવાઈ જાય, તો એ છે અનાભોગ !

દા.ત. સાધુ નીચેથી પસાર થતો હોય, અને અજાણતા કોઈક ઉપરથી પાણી નાંખે એ સાધુના શરીર પર પડે, કોઈક છાંટા મોઢામાં જાય... આ બધું સહસાકાર !

બધી કાળજી કરીને ગોચરી નિર્દોષ સમજીને લાવી, વાપરી પણ ખરેખર એ આધાકર્મી હોય... એ પાછળથી ખબર પડે એવું ય બને... તો અહીં આધાકર્મી વપરાયું એમાં અનાભોગ !

આવા બધા કેટલાક દોષો એવા છે કે એનું તપાદિ પ્રાયશ્ચિત્ત ન આવે, એમાં આલોચના-પ્રતિક્રમણ આદિ યથાસંભવ પ્રાયશ્ચિત્ત જ આવે. એટલું કરવા માત્રથી જ એ દોષો નીકળી જાય. એમાં સાધુને લાંબી મહેનત કરવી ન પડે.

એમ અપવાદમાર્ગે આધાકર્માદિ દોષ સેવવા પડે, તો એમાં ય આલોચનાદિ કરવા પડે, પણ એમાં પરમાર્થથી બીજું કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે.

આ માટે જ ઉપાધ્યાયજીએ પ્રસ્તુત ગાથામાં કહ્યું છે કે જે દોષો સહસાકાર વગેરેથી લાગે, તે સાધુને તે જ કાળે છૂટી જાય. અર્થાત્ જલ્દી એ દોષોનો નિકાલ થાય.

હવે વિચારીએ આકુટ્ટિથી લાગતા દોષો અંગે !

આકુટ્ટિ એટલે પ્રમાદ ! નિષ્ઠુરતા ! આસક્તિ !

આનાથી પ્રેરાઈને જે દોષો સેવાય એ આકુટ્ટિ - પ્રતિસેવા કહેવાય.

વધુ ઉંઘવું, પડિલેહણાદિની વિધિમાં ગરબડો... આ બધું પ્રમાદ !

મચ્છરો ઘણા હોય ત્યારે ગુસ્સે થઈ એક-બે મચ્છર ઉપર ઝાપટ મારવી... આ બધું નિષ્ઠુરતા !

સારી સારી વસ્તુઓ મંગાવવી, વાપરવી, ભેગી કરવી... આ બધું આસક્તિ !

આ બધામાં નાના-મોટા ભેદ ખરા, પણ અંતે આ બધું આકુટ્ટિમાં ગણાય.

આ બધા દોષો માત્ર આલોચનાદિથી ખતમ ન થાય. પરંતુ એ ઉપરાંત તપ વગેરે પ્રાયશ્ચિત્તો કરવા પડે, એના દ્વારા આમનાથી છૂટકારો થાય.

આ બધાયનો સાર એ કે

સાધુ પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્તાદિ શુભભાવોમાં જો બરાબર લીન રહે, તો નાના નાના દોષો અને મોટા મોટા દોષો... બધાથી છૂટકારો પામે અને બકુશ-કુશીલ નામનો ચારિત્રી બની રહે.

– x – x –

<u>પાયચ્છિત્તાદિક ભાવ ન રાખે, દોષ કરી નિઃશૂકો રે,</u>
<u>નિદ્ધંધસ સેઢીથી હેઠો, તે મારગથી ચૂકો રે. ॥૧૫॥</u>

ગાથાર્થ : જે નિષ્ઠુર સાધુ દોષો સેવીને પ્રાયશ્ચિત્ત વગેરે ભાવો ન રાખે, તે નિર્ધ્વંસપરિણામી સાધુ શ્રેણીમાંથી નીચે ઉતરે, માર્ગ ચૂકે.

ભાવાર્થ : કુકાળ-કુનિમિત્ત-કુસંસ્કાર-કુકર્મ વગેરેને લીધે જાત જાતના દોષો સેવાઈ જ જવાના, માટે જ તો અત્યારે નિરતિચાર ચારિત્ર નથી. એટલે એનો તો કોઈ ઈન્કાર થઈ શકે એમ નથી. પણ જે સાધુ નિષ્ઠુર બને, આજ્ઞાબહુમાનાદિ છોડીને દોષો સેવી નાંખે, એ તો ઠીક ! પણ એ પછી પણ "લાવ ! હું ગુરુ પાસે મારા બધા જ દોષો પ્રગટ કરી દઉં. પછી એ મને જે પ્રાયશ્ચિત્ત આપે, એ વહન કરી લઉં..." આવો કોઈ જાતનો ભાવ જ ન રાખે... ન પશ્ચાત્તાપ. ન આલોચના, ન પ્રાયશ્ચિત્ત !

આ સાધુ નિર્ધ્વંસપરિણામી સમજવો. આ સાધુ સંયમશ્રેણીથી ભ્રષ્ટ થાય છે, મોક્ષમાર્ગ ગુમાવી બેસે છે.

પ્રશ્ન : સંયમશ્રેણી એટલે શું ?

ઉત્તર : જેમ એક બિલ્ડીંગના ૧૦૦ માળ હોય, કોઈ પહેલે, કોઈ બીજે... કોઈ સોમાં માળે રહેતું હોય. ઉપર-ઉપરના માળનું ઘર વધુ મોઘું હોય. જેની પાસે ઘણું ધન, તે છેક ઉપર રહે.... ઓછા ધનવાળો નીચે-નીચેના માળ પર રહે.

એમ છટ્ઠા ગુણસ્થાનથી માંડીને ૧૪માં ગુણસ્થાન સુધીના અધ્યવસાયો એ સર્વવિરતિના અધ્યવસાયો છે આ બધા અધ્યવસાયો એ સંયમ નામના બિલ્ડીંગના માળ કહેવાય. સૌથી જઘન્ય સર્વવિરતિપરિણામ એ સંયમ બિલ્ડીંગનું ગ્રાઉન્ડ ફ્લોર કહેવાય... એ પછી ઉપર-ઉપરના અધ્યવસાયો ક્રમશઃ પહેલા-બીજા માળ તરીકે ઓળખાય.

આ બધા જ અધ્યવસાયોનો સમૂહ એ સંયમશ્રેણી છે.

એ પ્રત્યેક અધ્યવસાય એ સંયમસ્થાન છે.

જીવના ભાવ ઉંચે ચડે, તો એ ઉપર ઉપરના સંયમસ્થાનમાં ચડે.

જીવના ભાવ નીચે પડે, તો એ નીચે નીચેના સંયમસ્થાનમાં પડે.

પણ ચડતી-પડતી જયાં સુધી સંયમસ્થાનોની અંદર જ હોય, ત્યાં સુધી સંયમશ્રેણી તો ટકેલી જ કહેવાય. જીવ નીચેના સ્થાનમાં હોય કે ઉપરના, પણ એ સંયમશ્રેણીમાં તો ગણાય જ.

જે જીવ પ્રતિસેવા કરે છે, એ ઉંચા સંયમસ્થાનમાંથી નીચા સંયમસ્થાનમાં આવે

પણ પશ્ચાત્તાપાદિ ભાવો જો જાગ્રત બને, તો એ વળી ઉંચા, ઘણા ઉંચા સંયમસ્થાનમાં પહોંચે. એટલે પશ્ચાત્તાપાદિ ભાવોવાળાને ચડતી-પડતી ચાલ્યા કરે, છતાં સાચી સાધુતા ખતમ ન થાય.

જે જીવ સંયમસ્થાનમાં હોવા છતાં દોષો સેવે, ત નીચેના સંયમસ્થાનમાં આવે... પશ્ચાત્તાપાદિ ન કરે તો એ ઉપર ન ચડે ત્યાં જ રહે. વળી ક્યારેક પાછા દોષો સેવે, વળી વધુ નીચેના સંયમસ્થાનમાં આવે... પશ્ચાત્તાપાદિ ન કરે, તો એ ઉપર ન ચડે... આમ ક્રમશઃ એ વધુ ને વધુ નીચે ઉતરતો જાય અને એક દિવસ એવો આવે કે એ સૌથી જઘન્ય સંયમસ્થાન પણ ગુમાવી દે. એટલે કે એ સંયમ નામનું બિલ્ડીંગ જ ગુમાવી બેસે, એટલે કે એ છટ્ઠા ગુણસ્થાનથી જ પતન પામી, પાંચમે-ચોથે-પહેલે પહોંચે.

આ છે સંયમશ્રેણીભ્રંશ !

પ્રશ્ન : આ તો બરાબર ! પણ પછી એને માર્ગભ્રષ્ટ પણ બતાવ્યો છે. એ શા માટે ?

ઉત્તર : શ્રેણીભ્રષ્ટ પણ જો પાંચમાં ગુણસ્થાને અટકે, તો ત્યાં પણ દેશવિરતિરૂપ મોક્ષમાર્ગ તો છે જ, ત્યાંથી પડીને ય જો ચોથે અટકે, તો ત્યાં પણ સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગ છે. ત્યાંથી ય પડીને હજી માર્ગાનુસારી મિથ્યાત્વીના ગુણો ટકાવી રાખે, તો ય હજી મોક્ષમાર્ગ છે. પણ આ જીવ પશ્ચાત્તાપાદિ ન હોવાથી અને સતત દોષસેવનાદિ દ્વારા અતિશય અનુચિત પ્રવૃત્તિ કરતો હોવાથી જયારે માર્ગાનુસારી મિથ્યાત્વીના ગુણો ય ગુમાવી બેસે, ત્યારે તે મોક્ષમાર્ગથી પણ ભ્રષ્ટ થાય. કારણ કે માર્ગાનુસારી ગુણો સુધી મોક્ષમાર્ગ માન્યો છે.

કેટલો બધો મોટો અનર્થ સર્જાય છે વ્રતો લીધા બાદ વ્રતવિપરીત પ્રવૃત્તિ કરવામાં ! એવી પ્રવૃત્તિ કર્યા બાદ પશ્ચાત્તાપ ન કરવામાં, આલોચના ન કરવામાં, પ્રાયશ્ચિત્ત ન કરવામાં !

જેઓ દોષસેવન બાદ પશ્ચાત્તાપ, આલોચના, પ્રાયશ્ચિત્ત ન કરે, તેઓ
પ્રથમ તો સંયમસ્થાન જ ગુમાવી ચૂક્યા હોય છે.
ધીરે ધીરે સંયમશ્રેણી ગુમાવે...

એ પછી દેશવિરતિ, સમ્યક્ત્વ, માર્ગાનુસારી મિથ્યાત્વીના ગુણો ય ગુમાવે અને આ રીતે બની જાય તેઓ મોક્ષમાર્ગભ્રષ્ટ !

માટે જ વર્તમાનકાળમાં સાધુતા જેણે પણ ટકાવવી હોય, એણે અવશ્ય દોષોના સેવન બાદ પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્ત આ ત્રણ કોઈપણ ભોગે છોડવા નહિ. અને એ પણ ખ્યાલ રાખવો કે જેટલા તીવ્રભાવ સાથે પાપસેવન થયું હોય, એટલા જ કે એનાથી પણ વધુ તીવ્રભાવ સાથે પશ્ચાત્તાપાદિ ભાવો કેળવી એ તમામ દોષોનો સર્વનાશ નોંતરવો.

જો પશ્ચાત્તાપાદિ નહિ હોય, જો પાપોની તીવ્રતા કરતા પશ્ચાત્તાપાદિની તીવ્રતા ઓછી હશે, તો પાપો ખતમ નહિ થાય, તેની તાકાત વધતી જશે અને અંતે એ ચારિત્રને જ ખતમ કરી નાંખશે.

મેં પૂર્વે શિથિલાચારીઓને અવંદનીય કહ્યા છે, તે આવા પ્રકારના શિથિલાચારીઓ માટે જ વાત છે.

પાર્શ્વસ્થ - અવસન્નાદિમાં મૂલોત્તરગુણોની પ્રતિસેવના છે, પણ પશ્ચાત્તાપાદિ ભાવો નથી, કે ઘણા નબળા છે... માટે તેઓ શિથિલાચારી, અવંદનીય કહેવાય છે.

જયારે બકુશ-કુશીલમાં પણ મૂલોત્તરગુણોની પ્રતિસેવના તો છે જ, પણ એ પ્રતિસેવનાની સામે તીવ્ર પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્તાદિ ભાવો છે, દો ેથી બચવાનો પ્રયત્ન છે, માટે તેઓ સાચા સાધુ, વંદનીય સાધુ કહેવાય છે.

આ સૂક્ષ્મતમ પદાર્થો એકદમ સ્પષ્ટ કરવા.

– x – x –

<u>શિથિલો :</u> તમે જ હમણાં કહ્યું છે કે પાપ થઈ જાય, તો પણ આલોચના વગેરે કરવાથી એ પાપ ધોવાઈ જાય. તો પછી આ તો સીધો-સાદો માર્ગ છે. કોઈ ચિંતા કરવાની જરૂર જ નથી. અમે સાધુ તો છીએ જ ! બે ટાઈમ પ્રતિક્રમણ તો કરીએ જ છીએ, એમાં આલોચના - પ્રાયશ્ચિત્ત આવી જ જાય છે. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન !... દેવસિઅં આલોઉં... આ બધી વિધિમાં પાપોની આલોચના થઈ જાય અને પછી બે-એક-એક લોગસ્સના કાઉસ્સગ્ગ કરીએ છીએ, એ પાપોનું પ્રાયશ્ચિત્ત છે. છેલ્લે દેવસિઅ-પાયચ્છિત્ત...નો ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ એ પણ પ્રાયશ્ચિત્ત જ છે.

એટલે પ્રતિક્રમણમાં આ બધું આવી જાય છે, માટે પ્રતિક્રમણથી બધા જ પાપો ખતમ થઈ જ જાય છે. તો પછી ભય શેનો ? પાપો ઉભા રહે, તો દુર્ગતિ વગેરેનો

ભય રહે ને ? પણ પાપો ખતમ જ થઈ જાય, તો તો ક્યાં વાંધો જ છે ? એટલે 'શિથિલાચાર છોડો' વગેરે વગેરે વાતો કરવાની કોઈ જરૂર નથી. માત્ર એટલો જ ઉપદેશ આપો કે શિથિલાચાર ભલે ન છૂટે, પણ પ્રાયશ્ચિત્તાદિ કરતા રહો, પ્રતિક્રમણ કરતા રહો.

<u>મહોપાધ્યાયજી :</u> અહાહા ! આ કેવું ભયંકર મિથ્યાત્વ ! કેવી ભ્રમણા ! ખરેખર તમારા જેવા વિચિત્ર લોકોએ દુનિયામાં ઘણું નુકસાન ઉભું કરી દીધું છે.

<u>કોઈ કહે જે પાતિક કીધા, પડિકમતા છૂટીજે રે.</u>
<u>તે મિથ્યા, ફલ પડિકમણાનું, અપુણકરણથી લીજે રે. ॥૧૬॥</u>

<u>ગાથાર્થ :</u> કોઈ કહે છે કે "જે પાપો કર્યા છે, એ બધાથી છૂટકારો પ્રતિક્રમણ કરવાથી થઈ જાય." પણ આ વાત ખોટી છે. પ્રતિક્રમણનું ફળ અપુનઃકરણથી મળે છે, એમ સમજી રાખો.

<u>ભાવાર્થ :</u> તમારા જેવા કેટલાકો આવો બચાવ કરે છે ખરા કે "જે કોઈપણ પાપો કર્યા હોય, એ બધાનો નાશ પ્રતિક્રમણ દ્વારા થઈ જાય."

આવું કહેવા પાછળ એમના મનમાં મલિનભાવ આ જ પડેલો છે કે "તમે અમને પાપ કરતા અટકાવો નહિ, અમને પાપ કરવા દો..." આ પાપ કરવાની છૂટ મેળવવા માટે પ્રતિક્રમણને આગળ કરવામાં આવે છે.

પણ આ તદ્દન ખોટી વાત છે.

બાંધેલા પાપકર્મોનો ક્ષય એ પ્રતિક્રમણનું ફળ છે. પણ એ ફળ તો જ મળે, 'જો ફરીથી એ પાપક્રિયાઓ ન કરવામાં આવે.'

આધાકર્માદિ આસક્તિથી વાપરવું એ પાપક્રિયા !

એનાથી અશાતાવેદનીયાદિ કર્મો બંધાય એ પાપકર્મ !

હવે સાધુ પ્રતિક્રમણ કરે, તો બંધાયેલા પાપ કર્મો તો જ ખતમ થાય, જો ફરીથી એ જ પાપ એ જ રીતે જીવનમાં ન થાય.

<u>પ્રશ્ન :</u> તમારી વાતમાં થોડીક શંકા છે. જો પાપનું પ્રતિક્રમણ કરવાથી પાપ જ બંધ થઈ જતું હોય, તો તો જીવનમાં એક જ પ્રતિક્રમણ કરવાનું રહે, એનાથી પાપ બંધ થઈ જ જાય. પણ આવું તો અનુભવાતું નથી. અરે, અમે ભાવપૂર્વક પ્રતિક્રમણ કરીએ છીએ, તોય ફરી ફરી દોષો તો સેવાય જ છે. તો આવું શા માટે થાય છે ? બકુશ-કુશીલ તો સાચા સાધુ છે, તેઓ પણ ભાવપ્રતિક્રમણ તો કરતા જ હશે ને ? તો પછી

એમના જીવનના બધા પાપો અટકી જ જવા જોઈએ ને ? પણ અહીં તો આખી જીંદગી પાપસેવન ચાલુ જ રહે છે. માટે જ તો તેઓ બકુશ-કુશીલ કહેવાય છે. જો પાપસેવન અટકી જાય, તો તે બકુશ-કુશીલ કહેવાય શી રીતે ?

એટલે અકરણનિયમ આવે, તો જ ભાવપ્રતિક્રમણ કહેવાય, તો જ પાપનાશ થાય... એ અમને બેસતું નથી.

<u>ઉત્તર :</u> પહેલી વાત તો એ કે માત્ર પાપક્રિયા એ પાપ જ નથી, એટલે એના અકરણનિયમની વિચારણા છે જ નહિ. એટલે કે ગીતાર્થ કે ગીતાર્થનિશ્રિત સાધુ પુષ્ટકારણસર યતનાપૂર્વક બાહ્ય દોષ સેવે, તો એ અપવાદમાર્ગ છે. એ સ્વરૂપથી પાપક્રિયા દેખાય, તો પણ ખરેખર પાપ નથી જ. કારણ કે એ તો જીવને મોક્ષ તરફ આગળ લઈ જાય છે, કર્મક્ષય કરાવી આપે છે.

પરંતુ રાગ, દ્વેષ વગેરેથી પ્રેરાઈને જે દોષસેવન કરવામાં આવે, તે પાપક્રિયા ! એ પાપક્રિયાનું સાચું પ્રતિક્રમણ તો જ ગણાય, જો એ પછી અકરણનિયમ પ્રાપ્ત થાય.

પણ આમાં જરાક ઉંડા ઉતરીએ.

<u>દા.ત.</u> કોઈક સાધુને કેરી ખાવાની આસક્તિ થઈ. એણે શ્રાવકને કેરીનો રસ કાઢી રાખવાનો આદેશ કર્યો, વધુ સ્વાદ માણવા માટે એ રસ ફ્રીજમાં મૂકાવડાવ્યો અને એકદમ ઠંડો બનેલો એ રસ તરત વહોરીને તરત વાપર્યો.

આ છે પાપ !

હવે વાચનાદિ સાંભળતા, પુસ્તક વાંચતા, પ્રભુભક્તિ કરતા એને ઘોર પશ્ચાત્તાપ થયો, અને એ ગુરુ પાસે જઈ પોતાનો અપરાધ દર્શાવે છે, રડે છે, મિચ્છા મિ દુક્કડં બોલે છે... આ છે આલોચના + પ્રતિક્રમણ ! (મિચ્છામિ દુક્કડં બોલવું એ પ્રતિક્રમણ જ છે...)

અહીં અકરણનિયમ અનેક રીતે થાય.

એ સાધુ આખી જીંદગી માટે કેરી સંપૂર્ણપણે, મૂળથી જ બંધ કરી દે એ અકરણ નિયમ !

ફ્રીજમાં ન મૂકાવે, પણ શ્રાવક પાસે કેરીનો રસ કઢાવે ખરો... આ પણ અકરણ નિયમ ! કારણ કે ફ્રીજમાં મૂકાવવા રૂપી પાપ તો ઘટ્યું જ ને ?

એ સાધુ ફ્રીજમાં ય ન મૂકાવે, શ્રાવક પાસે કઢાવે પણ નહિ, છતાં આધાકર્મી

રસ મળતો હોય તો વાપરે ખરો... આ પણ અકરણ નિયમ ! કારણે શ્રાવકને કહેવું... વગેરે પાપ તો ઘટ્યું જ ને ?

એ સાધુ ફ્રીજમાં ન મૂકાવે, શ્રાવકને પણ ન કહે, આધાકર્મી પણ ત્યાગે, પણ જો નિર્દોષ રસ મળતો હોય તો તો વાપરે, કેમકે ભાવે છે... આ પણ અકરણનિયમ ! કારણકે આધાકર્મી વાપરવું... વગેરે પાપ તો ઘટ્યું ને ?

ટુંકમાં જેટલું પાપ અત્યાર સુધી કરતો હોય, એ ૧૦૦% બંધ કરે, ૯૦% બંધ કરે, ૮૦%, ૭૦%..... ૧૦% કે ૧% પણ ઘટાડે તો એ અકરણ નિયમ તો છે જ.

ટુંકમાં કોઈપણ રીતે પાપ ઘટે તો પ્રતિક્રમણ સફળ ! પણ જો પાપ ન ઘટે, પાપ વધે તો માનવું પડે કે પ્રતિક્રમણ નિષ્ફળ !

સમ્યક્ત્વી આત્માના જીવનમાં અનેક પાપો ચાલુ જ હોય. એ તેનો પશ્ચાત્તાપ પણ કરે, ક્ષમા પણ માંગે, મિચ્છામિ દુક્કડં પણ બોલે, સંકલ્પ કરે. આ બધાના પ્રતાપે જ એના પાપ ધીમે ધીમે નબળા પડતા જાય, છેવટે દેશવિરતિ પામે... હજી પ્રતિક્રમણ ચાલુ જ રહે, પાપ હજી ઘટે અને છેવટે સર્વવિરતિ પામે. આમ અકરણનિયમ અનેક પ્રકારે થાય.

ખ્યાલ રાખવો કે સવાર-સાંજનું પ્રતિક્રમણ તો મોટું પ્રતિક્રમણ છે જ, પણ પશ્ચાત્તાપ થવો-માફી માંગવી-ક્ષમાપના કરવી... એ પણ એક પ્રકારનું નાનું પ્રતિક્રમણ જ છે અને એ પણ સફળ તો બની જ શકે છે અને બને જ છે.

દૃષ્ટાન્તથી આ પદાર્થ સમજીએ

એક માણસને તાવ આવ્યો, એણે મેટાસીન જેવી દવાઓ લીધી અને તરત તાવ મટી ગયો. બે-ચાર-છ મહિના બાદ પાછો તાવ આવે ય ખરો... છતાં અહીં કોઈ એમ નહિ જ કહે કે 'પેલી મેટાસીન વગેરે ગોળીઓ નકામી ગઈ.' એનું કારણ એ કે એ ગોળીએ ખરેખર તાવ ઉતારી જ નાંખેલો, માટે જ તો ઘણા સમય સુધી તાવ ન આવ્યો. પણ ફરી પાછી કંઈક ગરબડ થવાથી તાવ આવે, તો ય એમાં પેલી ગોળી નકામી ન ગણાય...

પ્રસ્તુતમાં કોઈક સાધુને આધાકર્મી વાપરવાની ટેવ પડી, હવે એ પશ્ચાત્તાપાદિ ખરેખર સાચા અર્થમાં કરે અને પેલો દોષ સંપૂર્ણપણે અટકી જાય. એ નિર્દોષ ગોચરી વાપરતો પણ થઈ જાય. પણ ઘણો કાળ પસાર થયા બાદ ફરી ખોટા પરિચયો, ખોટા આલંબનોના હિસાબે આધાકર્મી વાપરવાનું શરુ પણ થાય... છતાં પેલું પ્રતિક્રમણ

નિષ્ફળ ન જ ગણાય. એણે એનું કામ બરાબર કર્યુ છે, પાછળથી ફરી ખોટા નિમિત્તાદિ લઈને એ જ દોષ ઉભો થાય, એમાં એ પ્રતિક્રમણનો દોષ નથી.

હવે બીજી વાત-કોઈક માણસને મેલેરિયાનો તાવ આવ્યો હોય. પણ એ માણસ સામાન્ય તાવ સમજીને મેટાસીન લે, તો એ દવા તાત્કાલિક તાવ ઉતારી પણ દે, પરંતુ મેલેરિયાનો તાવ હોવાથી મેટાસીન ગોળી એને મટાડી ન શકે. બીજા દિવસે વળી તાવ આવવાનો જ, વળી મેટાસીન લે, તો ય વળી પાછો તાવ આવવાનો જ... અરે ! આખું વર્ષ મેટાસીન લે, તો પણ એ પેલા મેલેરિયાને મટાડી ન શકે. અલબત્ત વચ્ચે પાંચ-દસ કલાક રાહત આપે, છતાં રોગ તો ન જ મટે.

અહીં એ મેટાસીન ગોળી નિષ્ફળ જ ગઈ કહેવાય. ભલે, એણે વચ્ચે થોડી થોડી શાંતિ આપી, પણ હકીકતમાં રોગ દબાય છે, રોગ ઘટતો નથી જ. અને માટે જ એ વધુ જોરથી પાછો ઉથલો મારી જ દે છે.

એમ જે સાધુ આધાકર્માદિ વાપરવાની કુટેવવાળો હોય, એને કોઈક પ્રેરણા કરે કે "આ તો મોટો દોષ છે. આલોચના કર, પશ્ચાત્તાપ કર..." વગેરે. હવે એ સાધુને વિશેષ પશ્ચાત્તાપ ન થાય, છતાં સામાન્ય ભાવથી આલોચના કરે, પાપની તીવ્રતા કરતા પશ્ચાત્તાપાદિની તીવ્રતા ઘણી ઓછી હોય કે બિલકુલ ન હોય...

આવો સાધુ બે-ચાર દિન માટે આધાકર્મી બંધ કરે, દબાણ-શરમ હેઠળ આધાકર્મી બંધ કરે, "મેં હમણા જ આલોચના કરી છે, હવે આધાકર્મી વાપરીશ તો ગુરુ ઠપકો આપશે..." એમ ભયથી આધાકર્મી બંધ કરે... તો પણ ખરેખર તો આ રોગ દબાઈ જવા જેવું જ બને છે. નિમિત્ત મળતા જ એ દોષ તરત જ ઉભો થઈ જાય છે. અહીં એનું પ્રતિક્રમણ પ્રાયઃ નિષ્ફળ જાણવું.

ટુંકમાં પશ્ચાત્તાપ વિનાનું અથવા તો પાપની અપેક્ષાએ અતિમંદ પશ્ચાત્તાપવાળું પ્રતિક્રમણ દોષોને દબાવવાથી વધારે તો કશું જ કામ કરી શકતું નથી, માટે આવું પ્રતિક્રમણ પ્રાયઃ નિષ્ફળ જાણવું.

કોઈ એમ કહે છે કે "અમુક પ્રકારનો ઉકાળો બરાબર પીવામાં આવે, તો આખી જીંદગીમાં ક્યારેય મેલેરિયા ન થાય." ખરેખર આ વાત સાચી હોય, તો એ ઉકાળો વાપરનારને ફરી કયારેય મેલેરિયા ન થાય.

એમ જો કોઈક સાધુનું પ્રતિક્રમણ અત્યંત વિશિષ્ટ હોય, તો એના જીવનમાં ક્યારેય બીજીવાર એ પાપ ફરી ઉત્પન્ન જ ન થાય. (અપવાદમાર્ગ એ પાપ નથી,

એ ધ્યાનમાં લેવું.)

કોઈકને ખરેખર મેલેરિયા થયો, રિપોર્ટથી ખબર પણ પડી ગઈ અને એણે ક્લોરોક્વીનની દવાઓનો કોર્સ શરુ કરી દીધો. ધારો કે ૧૦-૧૨ દિવસનો એક કોર્સ હોય, તો રોજે રોજ એ તાવ અંદરખાને ધીરે ધીરે મટતો જ જતો હોય, એ અનુભવાય પણ ખરું. પણ એક જ ડોઝ લેવાથી, એક જ દિવસમાં એ તાવ મટી જાય... એવું ન બને. એ માટે ૧૦-૧૨ દિવસનો આખો કોર્સ પૂરો કરવો જરૂરી જ થઈ પડે છે.

આમાં પહેલા-બીજા-ત્રીજા... દિવસે ય તાવ સંપૂર્ણ મટ્યો ન હોય, તો પણ દવા સફળ જ ગણાય છે, કેમકે તાવ થોડો થોડો તો કાબુમાં આવવા જ માંડ્યો હોય છે. માટે જ તાવ કાબુમાં આવતો દેખાય, એટલે બધા જ ખુશ થઈ જાય છે, આનંદ પામે છે કે "હાશ ! આપણે હવે નીરોગી બનશું."

આ સૌથી અગત્યની બાબત છે. મોટા ભાગે તો આવું જ બનતું હોય છે. સાધુમાં આધાકર્માદિ રૂપ દોષ હોય, ક્રોધ-વાસનાદિ રૂપ કોઈ દોષ હોય અને એ પશ્ચાત્તાપાદિરૂપ ગોળી લેવાનું શરુ કરે એટલે એનો એ દોષ કાબુમાં આવવા માંડે. ચોક્કસ, એને ખતમ થતા સમય લાગે, પણ એ કાબુમાં આવવા લાગે, ઘટવા લાગે એ જ ત્યાં પ્રતિક્રમણની મોટી સફળતા છે. પણ 'દોષ ઘટે છે કે માત્ર દબાયો છે ?' એ બાબતમાં ભ્રમણા ન થવી જોઈએ.

એલોપથી ગોળીઓનો સખત મારો ક્યારેક કોઈક રોગને માત્ર દબાવવાનું કામ કરે છે, એમાં જ રોગી ભ્રમણામાં ભાન ભૂલે છે કે 'મારો રોગ મટી ગયો.' એ રોગ ફરી ઉથલો મારી દે છે અને ત્યારે ભાન થાય છે કે 'રોગ દબાયેલો જ હતો, છુપાયેલો જ હતો, મરેલો નહિ.'

એમ પશ્ચાત્તાપનો પરિણામ પાપપરિણામ કરતા નબળો હોય કે નહિવત્ હોય, માત્ર કરવા ખાતર આલોચનાદિ કર્યા હોય, શરમ-ભય વગેરેથી પ્રેરાઈને દોષસેવન અટકેલું હોય, તો ત્યાં નક્કી માનવું કે 'દોષ દબાયેલો જ છે...' આ સ્થળે પ્રતિક્રમણ પ્રાયઃ નકામું ગણાય.

હજી એક અગત્યની વાત....

મેલેરિયા વખતે ક્લોરોક્વીનનો કોર્સ શરુ કરી દીધો હોય, ૫૦% રોગ કાબુમાં આવી ગયો હોય. પછી અચાનક ડાયાબિટીસ-એટેક, લકવો... આ બીજા રોગો થઈ

શકે ખરા કે નહિ ? તમે કહેશો જ કે 'એ તો થઈ શકે છે' તો ત્યાં શું એમ કહેવાય ? કે 'ક્લોરોક્વીન નકામી દવા છે, એ ચાલુ છે તો ય ડાયાબિટીસ થયો...'

તમે કહેશો જ કે 'ના, એવું ન કહેવાય. કેમકે ક્લોરોક્વીન તો મેલેરિયા અટકાવવા માટે છે, એ કંઈ ડાયાબિટીસની દવા નથી...'

બસ, એ જ રીતે કોઈક દોષને ખતમ કરવા આલોચનાદિ કરેલા હોય, તો એ બધાની સીધે સીધી અસર તો એ દોષ ઉપર જ પડે. એટલે એ દોષ તો ઘટવા જ માંડે, પણ એ દરમ્યાન બીજા કોઈ દોષના નિમિત્તો જાગ્રત થવાથી એ દોષ ઉત્પન્ન થાય, તો એમાં પેલા આલોચનાદિ ખોટા ન ગણાય, નિષ્ફળ ન ગણાય.

<u>દા.ત.</u> ખાવાની આસક્તિ નામનો દોષ દૂર કરવા માટે એક સાધુએ પશ્ચાત્તાપાદિ ઉપાયો અજમાવ્યા, આસક્તિ ઘટી પણ ખરી, મનમાં જાગતા ખાવા-પીવાના સંકલ્પ-વિકલ્પો પણ કાબુમાં આવી ગયા,... પણ આ બાજુ એને વ્યાખ્યાન આપવાનો અવસર આવ્યો, એમાં અહંકાર જાગ્યો, વિજાતીયપરિચયને કારણે વિકાર જાગ્યો,... તો એમાં પેલા આલોચનાદિ તો સફળ જ ગણાય... એમણે તો પોતાનું કામ કર્યું જ છે... આ નવા દોષો માટે એ જ દોષો પર આક્રમણ કરતા નવા આલોચનાદિ કરવાના રહે...

આ છે પ્રતિક્રમણની સફળતા-નિષ્ફળતાની પ્રક્રિયા !

આ પદાર્થ અતિગહન છે.

ખૂબ શાંતચિત્તે વિચારવો.

<u>પ્રશ્ન :</u> મંદ પશ્ચાત્તાપથી કે નહિવત્ પશ્ચાત્તાપથી પ્રતિક્રમણ કરીએ, તો ફળ ન મળે એ ખરું. પણ એમાં બીજુ કોઈ નુકસાન તો નહિ જ ને ?

<u>ઉપાધ્યાયજી :</u>

<u>મિથ્યા દુક્કડ દેઈ પાતિક, તે ભાવે જે સેવે રે;</u>

<u>આવશ્યક સાખે તે પરગટ, માયામોસને સેવે રે. ॥૧૭॥</u>

<u>ગાથાર્થ :</u> જે સાધુ મિચ્છા મિ દુક્કડં આપીને એ જ ભાવથી પાપને સેવે, શ્રી આવશ્યકમાં કહ્યું છે કે એ સાધુ પ્રગટ રૂપે માયામૃષાવાદને સેવે છે.

<u>ભાવાર્થ :</u> મિચ્છા મિ દુક્કડં દેવું એ પ્રતિક્રમણ છે.

આ પ્રતિક્રમણ અનેક રીતે થાય.

(ક) જેટલા તીવ્રભાવથી પાપો કરેલા હોય, એટલા જ તીવ્રભાવથી પ્રતિક્રમણ !

(ખ) જેટલા તીવ્રભાવથી પાપો કરેલા હોય, એનાથી ય વધુ તીવ્રભાવથી પ્રતિક્રમણ !

(ગ) જેટલા તીવ્રભાવથી પાપો કરેલા હોય, એનાથી અતિ મંદ ભાવ દ્વારા પ્રતિક્રમણ !

(ઘ) કોઈ પશ્ચાત્તાપાદિ ભાવ નહિ, કોઈ કપટભાવ પણ નહિ, પણ 'પ્રતિક્રમણ કરવું જોઈએ, એનાથી મોક્ષ મળે." એવી કોઈ અત્યંત મુગ્ધદશાથી પ્રેરાઈને ભાવ વિનાનું જડ પ્રતિક્રમણ !

(ચ) પાપ કરતા પકડાઈ ગયા હોય, ગુર્વાદિને ખબર પડી ગઈ હોય, હવે છુપાવવાનો કોઈ જ અર્થ ન હોય, બચાવ કરી શકાય એવા એક પણ વિકલ્પ ખુલ્લા ન હોય... આ બધાના કારણે પશ્ચાત્તાપનો દેખાવ કરીને પાપો સ્વીકારવા, 'ફરી નહિ કરું...' વગેરે લુક્ખી બાંહેધરી આપવી આવું કપટભરપૂર પ્રતિક્રમણ !

આવી તો ઘણી રીતો દ્વારા પ્રતિક્રમણ થઈ શકે છે.

આમાં પ્રથમ બે પ્રકાર તો સારા છે.

ત્રીજા પ્રકારમાં પશ્ચાત્તાપ હોવા છતાં એ અતિ નબળો હોવાથી પાપને તોડી નહિ શકે, એટલે જો પશ્ચાત્તાપ તગડો નહિ બને, તો પાપ વધશે જ, છેવટે પશ્ચાત્તાપ સાવ જશે અને પછી માત્ર જડતા ભરેલું પ્રતિક્રમણ બાકી રહેશે.

આ ત્રીજા પ્રકારમાં એનું એ જ પાપ એ જ ભાવથી ફરી સેવાય છે, કેમકે પશ્ચાત્તાપ અતિ નબળો હોવાથી એ પાપની તીવ્રતામાં વિશેષ કોઈ ઘટાડો થતો નથી, અને એટલે એમાં મૃષાવાદ તો લાગે જ. મિચ્છામિ દુક્કડંમાં એક પ્રતિજ્ઞા ગર્ભિત રીતે પડી છે કે "હું આ પાપ ફરી નહિ કરું." અને છતાં એ જ પાપ ફરી થાય, એટલે મૃષાવાદ તો છે જ.

પણ એ સાથે છુપાવવાનો - કપટનો પરિણામ નથી, એટલે વ્યવહારથી ત્યાં માયા-કપટ નથી.

છેલ્લા પ્રકારમાં સ્પષ્ટપણે માયા-મૃષાવાદ છે જ.

શ્રી આવશ્યકસૂત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે 'એ જ પાપ એ જ ભાવથી ફરી સેવનારો સાધુ સ્પષ્ટપણે માયામૃષાવાદનું સેવન કરનારો છે.'

એટલે આત્માર્થી જીવોએ પોતાનું પ્રતિક્રમણ કેવા પ્રકારનું છે ? એ ચકાસી લેવાની ખાસ ખાસ જરૂર છે.

"હું તો રોજ બે ટાઈમ પ્રતિક્રમણ કરું છું."

"હું બે-ચાર મહિને આલોચના કરું છું."

"હું વારંવાર મારા દોષોનો સ્વીકાર કરું છું."

આ બધા વિકલ્પોથી મિથ્યા સંતોષ માની લેવો વ્યાજબી નથી.

પણ

→ જેટલા પાપો થયા હોય (લગભગ) એ તમામ પાપો યાદ કરવા...

→ પાપની તીવ્રતા કરતા પશ્ચાત્તાપની તીવ્રતાનો અનુભવ કરવો...

→ નિષ્કપટપણે આલોચના કરવી...

→ જેટલું પ્રાયશ્ચિત્ત આવે, એનું પ્રામાણિકપણે વહન કરવું...

→ ફરી એ પાપ ન જાગે એનો તીવ્ર પ્રયત્ન - તીવ્ર પ્રાર્થના...

આ બધું ભેગું થાય તો જ પ્રતિક્રમણ સફળ થાય, નહિ તો માયા-મૃષાવાદનો દોષ માથે લખાઈ જવાની શક્યતા પાકી !

– x – x –

<u>પ્રશ્ન :</u> અકરણનિયમ ઉપર આટલો બધો ભાર શા માટે ?

<u>મહોપાધ્યાયજી :</u> તો શું પાપકરણ ચાલુ રહે એ કંઈ શોભાસ્પદ છે ? પેલો બાલસાધુ કુંભારના ઘડા કાંકરાઓ મારી ફોડતો રહ્યો, અને કુંભારે ઠપકો આપ્યો તો મિચ્છામિ દુક્કડં બોલી પાછો ઘડા ફોડતો જ રહ્યો. છેવટે થાકેલા-કંટાળેલા કુંભારે બાલસાધુની બોચી પકડીને માથે જોરથી ટપલીઓ મારવાની શરુ કરી. અને બાલસાધુએ જ્યારે પૂછ્યું કે 'કેમ મને મારો છો ?' ત્યારે મિચ્છામિ દુક્કડં બોલીને પાછું મારવાનું ચાલુ જ રાખ્યું. આવા બાલસાધુ અને કુંભાર જેવા મિચ્છામિ દુક્કડં કર્યા કરવા એ યોગ્ય છે ?

અકરણનિયમ ન આવે તો પ્રતિક્રમણનો અર્થ શું ?

અકરણનિયમ અત્યંત અગત્યનો છે, માટે જ

<u>મુલપદે પડિકમણું ભાખ્યું, પાપતણું અણ કરવું રે.</u>

<u>શક્તિ ભાવતણે અભ્યાસે, તે જસ અરથે વરવું રે. ॥૧૮॥</u>

<u>ગાથાર્થ :</u> 'પાપ ન કરવું' એ ઉત્સર્ગમાર્ગનું પ્રતિક્રમણ છે.' એમ શાસ્ત્રોમાં કહ્યું

છે. (અથવા તો આવો અર્થ પણ થાય કે 'પાપ ન કરવું' એ જ સૌથી પહેલું પ્રતિક્રમણ કહ્યું છે. મૂલપદ = ઉત્સર્ગમાર્ગ અથવા તો મૂલપદ = ખરેખર તો...)

(પણ જયાં સુધી પાપવિરતિ સંપૂર્ણપણે પ્રાપ્ત ન થાય, કુકર્માદિના કારણે પાપો થયા કરે, તો)

હે જસ ! શક્તિ અને ભાવના અભ્યાસથી તે અર્થે (પાપ-અકરણ) વરવું. (જેટલી શક્તિ પહોંચે, એટલો તો પાપત્યાગ કરી જ દે, શક્તિ ન પહોંચે, ત્યાં પાપત્યાગની ભાવના ભાવે... પાપત્યાગની શક્તિ વિકસાવવાનો પ્રયત્ન કરે...)

(જસ = યશ = મોક્ષ એવો પણ અર્થ કરવામાં આવ્યો છે... તો એમાં આ રીતે અર્થ સમજવો કે મોક્ષ મેળવવા માટે પોતાની શક્તિ પ્રમાણે પાપત્યાગ માટેનો ભાવપૂર્વક અભ્યાસ કરવો... આમાં જસ શબ્દથી આ સ્તવનના રચયિતાએ પોતાનું નામ યશોવિજય બતાવી દીધું છે.)

ભાવાર્થ : એક ગચ્છના આચાર્ય અગીતાર્થ હતા, ગચ્છના સાધુઓ સાંજના સમયે પ્રતિક્રમણમાં પોતપોતાના દોષોની આલોચના એ આચાર્ય આગળ કરે. એમાં એક સાધુ પોતાના દોષો કહેતી વખતે રોજ રડે, ઘોર પશ્ચાત્તાપ કરે... પણ મુશ્કેલી એ હતી કે જે દોષની એ આલોચના કરે, એ જ દોષ એ લગભગ રોજે રોજ સેવે, નિષ્કારણ કે પ્રમાદથી સેવે, આલોચના કરતી વખતે ચોકખું એમ જ દેખાય કે "આ સાધુને પોતાના દોષોનો કેટલો ઘોર પશ્ચાત્તાપ છે ? કેટલો વૈરાગ્ય છે !"

આચાર્ય અગીતાર્થ હોવાથી એ પણ એની ખૂબ પ્રશંસા કરે, "ચિંતા ન કર. પાપ તો થઈ જાય, પણ તને આવો ઘોર પશ્ચાત્તાપ થાય છે, એ જ કેટલી મોટી વાત છે ?"

આ નાટક (!) લગભગ રોજનું થઈ ગયેલું. અગીતાર્થ આચાર્ય પણ ઘણીવાર સાધુઓ સામે પેલા સાધુના પશ્ચાત્તાપ-આલોચના-પ્રાયશ્ચિત્તની ભરપૂર પ્રશંસા કરે.

"જુઓ, આવા પશ્ચાત્તાપ-આલોચના કરો, તો તમારું આત્મહિત થાય."

આ બધાના કારણે ગચ્છના તમામ સાધુઓના મનમાં એક જ વાત વધુ ને વધુ દઢ બની કે "પશ્ચાત્તાપ-આલોચના ઘણા ઘણા મહાન કહેવાય. એ કરીએ, એટલે આપણું કલ્યાણ થઈ જ જાય."

આચાર્યે એમને 'પાપ ન કરવા, પાપ જ ભયાનક છે...' વગેરે બાબતો ભારપૂર્વક ન જણાવી, એટલે જ સાધુઓ એ વાત ન સમજયા કે → "જો સાચો

પશ્ચાત્તાપ હોય, તો પાપો બંધ થવા જ માંડે, ઘટવા જ માંડે. જો પાપો ન ઘટે, તો માની જ લેવું કે પશ્ચાત્તાપ કાં તો ખોટો છે, અથવા તો નબળો છે. સંસારીઓને માત્ર પશ્ચાત્તાપ હોય એ એમની કક્ષા પ્રમાણે હજી બરાબર. કારણ કે તેઓ અવિરતિમાં બેઠેલા જ છે, અને અવિરતિ એટલે જ પાપકરણ ! પણ સાધુ તો સર્વવિરતિધર છે. એણે તમામ પાપોનો ત્યાગ કરેલો છે, એટલે એ માત્ર પશ્ચાત્તાપ કરે, એ ન ચાલે. એણે પાપની વિરતિ સિદ્ધ કરવી જ પડે. 'વેષ સર્વવિરતિનો અને આચાર અવિરતિધરનો' આવું વિચિત્ર જીવન સાધુને કોઈપણ હિસાબે ન શોભે."

આનું પરિણામ એ જ આવ્યું કે "સાધુઓ આલોચના કરવામાં તો લાગી જ પડ્યા, પણ પાપત્યાગનો પ્રયત્ન લગભગ અટકી જ પડ્યો. પશ્ચાત્તાપ પણ માત્ર નામનો જ રહ્યો. અને છતાંય તેઓ પોતાની જાતને મહાન માનવા લાગ્યા."

થોડાક વખત બાદ એક ગીતાર્થ સાધુ ત્યાં આવ્યો, એણે થોડાક દિવસ આ બધું નાટક જોયું, એણે પહેલા તો પેલા અગીતાર્થ આચાર્યને સમજાવ્યા કે "તમે વારંવાર પાપ કરનારાને કડક શિક્ષા કરો, બિલકુલ ઢીલ ન મૂકો, એકમાં પાપો અટકશે, તો બધામાં અટકશે. એ સાધુ પ્રશંસાપાત્ર નથી, ઠપકાપાત્ર છે." ←

પણ આચાર્યને એની વાત ખોટી લાગી. એમને તો પશ્ચાત્તાપ-આલોચનાદિ જ સર્વશ્રેષ્ઠ ધર્મ લાગ્યા.

છેવટે ગીતાર્થ સાધુએ ગચ્છના સાધુઓને ભેગા કરીને સાચી વાત સમજાવી, "પાપવિરતિ થાય, તો જ પશ્ચાત્તાપ સફળ-સાચો..." એ પદાર્થ અનેક દૃષ્ટાન્તો સાથે ખૂબ જ વ્યવસ્થિત સમજાવ્યો, અને એ બધા સાધુઓને અગીતાર્થ ગુરુના સકંજામાંથી છોડાવ્યા.

શાસ્ત્રના પાને નોંધાયેલ આ નાનકડી કથા આપણને સાફ સાફ શબ્દોમાં ઉપદેશ આપી દે છે કે "માત્ર આલોચના કરી લઈને સંતોષ માની લેવાથી બિલકુલ ચાલશે નહિ."

વર્તમાનકાળની મુશ્કેલી આ જ છે કે પ્રવચનાદિમાં જ્યારે આપણે સાંભળીએ કે "આલોચનાનો મહિમા અપરંપાર છે..." વગેરે. એટલે આપણે બધા પણ હવે ભવ-આલોચના કરીને, એ પછી મહિને-બે મહિને-ચાર મહિને ગુરુ પાસે નાની-મોટી આલોચના કરી લઈને મિથ્યા સંતોષ માની લઈએ છીએ. એ આલોચના કરનારાઓ પોતાના જીવનમાં તપાસ તો કરે કે "કેટલા પાપો ઘટ્યા ? કેટલો હું

નિષ્પાપ બન્યો ?" શું કયારેય આ હિસાબ માંડ્યો ખરો આપણે ? આલોચના કરવાની રહી ગઈ હોય, તો દુઃખી થનારા આપણે 'આલોચના ઢગલાબંધ કરવા છતાં ય પાપો નથી ઘટ્યા.' એ બાબત ઉપર આંસુ વહાવ્યા છે ખરા ?

આલોચનાદિનો મહિમા ઓછો નથી; પણ એના કરતા ય ઘણો વધારે મહિમા પાપત્યાગનો છે, નિષ્કલંક જીવનનો છે એ સાચી સમજણ આપણે મગજમાં દૃઢ કરવી જ રહી.

<u>પ્રશ્ન :</u> પણ વિરતિ ન આવે તો ?

<u>ઉત્તર :</u> જ્યાં સુધી પાપવિરતિ ન આવે ત્યાં સુધી એ મેળવવા માટે જ આત્માએ પોતાની શક્તિ પ્રમાણે ભાવપૂર્વક પાપત્યાગનો અભ્યાસ કરવો.

<u>પ્રશ્ન :</u> આમાં શક્તિ અને ભાવ એ બે શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો ?

<u>ઉત્તર :</u> અભવ્યો બાહ્યદૃષ્ટિએ તો પોતાની તમામ શક્તિ લગાડી દઈને સર્વ પાપોનો ત્યાગ કરે છે. પણ આ પાપત્યાગ પ્રત્યે શુભભાવ નથી હોતો, પાપત્યાગનો આંતર પરિણામ નથી હોતો, ઉંડે ઉંડે તો એમનામાં સંસારના એ પાપો પ્રત્યે ઉપાદેયતાની જ બુદ્ધિ પડેલી હોય છે. એટલે ભાવ વિના ગમે એટલી શક્તિ લગાડીને ય પાપત્યાગ કરાય, તો પણ એ મોક્ષસાધક ન બને.

કેટલાક આત્માઓ એવા હોય છે કે એમને ખરેખર પશ્ચાત્તાપ હોય, પાપત્યાગનો પ્રયત્ન પણ કરતા હોય, પણ અતિશ્રીમંતાઈ-કુસંગ-શરીર ગમે એટલા ભોગસુખો ભોગવે તો ય કશું ન થાય એવા પ્રકારની શારીરિક પુણ્યાઈ-આળસ-સતત ખરાબ નિમિત્તો વચ્ચે વસવાટ... આ બધાના કારણે તેઓનો પાપત્યાગનો પ્રયત્ન માંદો-એકદમ માંદો હોય છે. આમાં ધીરે ધીરે પ્રમાદ વધતો જાય, એટલે પાપ ઘટવાને બદલે પાપ વધતા જાય... પરિણામે સર્વથા પાપત્યાગ ન જ આવે, અને આ અનુભવસિદ્ધ હકીકત છે. કોઈ સંવિગ્ન સાધુ ધીમે ધીમે કરતા શિથિલ બને, ત્યારે શરૂઆતમાં એનો પ્રયત્ન પાપો ઘટાડવાના હોય, પણ પ્રમાદાદિને કારણે એ પ્રયત્ન નબળો થતો જાય, શિથિલતા વધતી જાય અને છેવટે એ સાધુ અવંદનીય સાધુની કક્ષામાં પ્રવેશ કરે.

ઉપદેશમાલાકારે **"न य ओसन्नविहारी दुहिओ ओसन्नयं चयइ"** શિથિલાચારી સાધુ શિથિલતા ન છોડે... આવું સ્પષ્ટ શબ્દોમાં કહ્યું જ છે ને ?

એને શરૂઆતમાં ભાવ નથી હોતા, એવું નથી. પણ શક્તિ પ્રમાણે પુરુષાર્થ ન

થવાથી, પ્રમાદાદિ દોષો તગડા બની જાય છે, એના ભાવને ખાઈ જાય છે,

આ એક સંઘર્ષકાળ છે. એકબાજુ પ્રમાદાદિ દોષો અને બીજી બાજુ શુભભાવ + એના દ્વારા પાપત્યાગાદિ... બેમાંથી જે બળવાન બને, એ બીજાને ખતમ કરે.

એટલે જે સંયમીઓ પાપત્યાગ કરવાના પોતાના પુરુષાર્થમાં છતી શક્તિનો ઉપયોગ ન કરે, તેઓ શરુઆતમાં શુભભાવ હોવા છતાં પણ પાપત્યાગ પામી શકતા નથી.

આ વાત કરી શક્તિ-ગોપનની !

હવે વિચારીએ શક્તિ-ઉલ્લંઘન !

વૈરાગ્યની દેશના સાંભળીને ખૂબ ભાવ ઉછળે, આખો સંસાર ત્યાગીને આ જ ભવમાં મોક્ષ મેળવી લેવાની તમન્નાઓ ય પ્રગટે... પણ આ બધા વખતે પોતાની તાકાત માપી લેવી જરૂરી છે. કર્મો હજી નબળા ન પડ્યા હોય, કષાયો-વિષયોના આક્રમણ સામે આપણે સાવ ઢીલા ઘેંસ થઈ જતા હોઈએ, અને છતાં ઉછાળો આવવા માત્રથી જો એ આત્મ દીક્ષા લેવાદિ ઉતાવળ કરી બેસે, તો પાછળથી બમણા જોરથી એ પાપપ્રવૃત્તિઓ જીવનમાં ઉદય પામે.

ઉત્સાહમાં આવીને આખી જીંદગી માટે બ્રહ્મચર્ય લેનારા એ યુવાન જોડલાઓ પાછળથી અંતરમાં જાગતી તીવ્ર વાસનાઓને પરવશ બની ખાનગીમાં એ બાધા તોડી નાંખનારા બને.

જાજમના પ્રભાવે, માહોલના પ્રભાવે કેફ ચડે અને 'પોતાની મૂડી કેટલી ?' વગેરે કશો વિચાર કર્યા વિના લાખો-કરોડો રૂપિયામાં ચડાવો બોલી દીધા બાદ, એનો લ્હાવો લઈ લીધા બાદ જયારે પૈસા ભરવાનો વખત આવે, ત્યારે વાસ્તવિક્તા નજર સામે આવતા પૈસા ભરવાનું માંડી વાળી ઘોર પાપના ભાગીદાર બને.

કોઈકના ચડાવ્યા ચડી જઈને મોટા તપના પચ્ચક્ખાણ સ્વીકારી લઈ, પાછળથી એમાં અશક્તિ-આસક્તિ પૂર જોશમાં ઉત્પન્ન થવાથી દિવસોના દિવસો આર્તધ્યાન અને સતત પારણાના વિચારો સાથે, તપ પ્રત્યેના ઉદ્વેગ સાથે આખો તપ પૂર્ણ કરે.

કેટલાય સંયમીઓ એવા પણ હશે કે જે આ જ રીતે પોતાની શારીરિક-માનસિક શક્તિનો વિચાર કર્યા વિના જ કપડા બદલીને બેસી ગયા છે, હવે "ન કહેવાય ન સહેવાય" એવી હાલતમાં વર્ષોના વર્ષો પસાર કરે છે. ન ઘરે જવાય, ન સાધુતાનું સાચું પાલન થાય... છેવટે ગરબડો-ગોટાળાઓ-આજ્ઞાભંગો-વિશ્વાસઘાતો... આ

બધાથી ભરપૂર પોતાનું જીવન વિતાવે. ફરી એક નવો અનંતસંસાર સાધુધર્મના માધ્યમે ઉભો કરી દે.

મહોપાધ્યાયજી આ જ સ્તવનમાં આગળ કહેવાના જ છે કે ઉચિતક્રિયા નિજશક્તિ છાંડી... જે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના જ મુગ્ધભાવોથી પ્રેરાઈને આગળ વધવાનો ગાંડો પ્રયત્ન કરે છે, એ નક્કી નીચે પડવાનો.

આ અતિ-અતિ અગત્યની બાબત છે.

શક્તિ-ગોપન તો ચોકખે ચોકખું પાપસ્વરૂપ જ લાગે, એટલે શક્તિ છુપાવનારાને તો લોકો પણ ખરાબ કહેશે, અને એટલે જ એ તો અપયશ વગેરેના ભયથી પણ શક્તિ-ગોપનથી અટકશે. કમસેકમ શક્તિગોપનને ખરાબ તો માનશે જ. (શક્તિગોપન એટલે પાપ છોડવાની પોતાની જેટલી શક્તિ હોય, એટલી શક્તિનો ઉપયોગ ન કરવો...)

પણ શક્તિ-ઉલ્લંઘન તો દેખાવમાં ઘણું જ સારું લાગવાનું. બધા પ્રશંસા કરવાના કે "ધન્ય છે આ આત્માને ! શક્તિ નથી, તો ય કેટલો સખત પુરુષાર્થ કરે છે..." આ પ્રશંસાના હિસાબે શક્તિ-ઉલ્લંઘન ખરાબ ન લાગે, અને એટલે જ એ કરવા માટે મન વધુ પ્રેરાય... પરિણામે એમાં વધુ નુકસાન થવાની શક્યતા રહે.

સાર એ આવ્યો કે

જીવનમાં જે કોઈપણ પાપ ચાલુ હોય, તે પાપને દૂર કરવા માટે

(૧) શક્તિ છુપાવ્યા વિના, શક્તિ ઓળંગ્યા વિના પ્રયત્ન કરવો.

(૨) "આ પાપ છે, હેય છે... મારે નિષ્પાપ બનવું છે." આવા આવા અંતરના સાચા ભાવપૂર્વક આ પ્રયત્ન કરવો.

જે આ રીતે કરે, તે ચોક્કસ એ પાપથી કાયમ માટે છૂટકારો પામે.

'શક્તિઉલ્લંઘન કરીને પાપત્યાગનો અભ્યાસ નુકસાન કરનાર છે.' માટે જ ઉપાધ્યાયજી મહારાજે અધ્યાત્મસારમાં ફરમાવ્યું છે કે "**अत एव हि सुश्राद्धचरणस्पर्शनोत्तरम् । दुष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ।**" પરમાત્માએ સુશ્રાવકાચારની સ્પર્શના કર્યા બાદ દુઃખેથી પાળી શકાય એવા શ્રમણાચારોનું ગ્રહણ દર્શાવેલું છે. એની પાછળનું કારણ જ આ છે કે શક્તિ-ઉલ્લંઘન કરીને જે કામ થાય, એમાં સફળતા ન મળે, પણ ક્રમશઃ શક્તિ પ્રમાણે, થોડી થોડી શક્તિ વધારીને કામ કરવામાં આવે તો સફળતા મળે.

હા ! જે આત્મા પૂર્વભવની આરાધના વગેરેના પ્રતાપે પહેલેથી જ સાધુપણું લેવાની શક્તિ ધરાવતો હોય, એ ખુશીથી ચારિત્ર લે, એના માટે એ જ યોગ્ય છે. કેમકે ત્યાં ઉલ્લંઘન છે જ નહિ.

પાપત્યાગમાં ક્રમશઃ કેવી રીતે શક્તિ પ્રમાણે ભાવપૂર્વક અભ્યાસ કરવો ? એમાં કેટલાક પ્રસંગો જોઈએ.

(ક) સંસારીને વાસના ખૂબ સતાવે છે, એક ઝાટકે અબ્રહ્મનું પાપ છોડી શકે એમ નથી. તો સૌ પ્રથમ પાંચ તિથિ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લે, પછી ૧૨ તિથિની બાધા લે... એમ કરતા કરતા સંપૂર્ણ બ્રહ્મચર્યનો ધારક બને. સતત સાધુના સંપર્કમાં રહે, અબ્રહ્મના દોષો અને બ્રહ્મચર્યના ગુણો... આ બધાનું ચિંતનાદિ કરે.

(ખ) બ્રહ્મચર્યની જેમ જ રાત્રિભોજનત્યાગ, ટી.વી. ત્યાગ વગેરેમાં સમજી લેવું. દરેકમાં જુદી જુદી અનેક રીતો હોઈ શકે છે. દા.ત. રાત્રે એકવાર જમ્યા પછી નહિ જ જમવું. રાત્રે બેસીને જ જમવું પલાઠી લગાવીને જ જમવું, એટલે આપોઆપ લારી-હોટલાદિના રાત્રિ ભોજન ઓછા થઈ જાય. એમ દસ વાગ્યા પછી ટી.વી. ન જોવું - દિવસમાં અમૂક કલાક કરતા વધારે સમય ન જોવું - એકાંતમાં એકલા ટી.વી. ન જોવું - ખરાબ પીક્ચરો ન જોવા - સમાચાર સિવાય કશું ન જોવું... વગેરે દ્વારા ટી.વી.નું પાપ ઘટાડી શકાય.

આ જ વાત સાધુજીવનમાં ઉભા થતા નાના-મોટા દોષો માટે પણ વિચારી શકાય. જયારે એક ઝાટકે પાપત્યાગ શક્ય ન બને, ત્યારે આ પદ્ધતિ જ અત્યંત ઉપયોગી નીવડે.

આ રીતે આપણે શક્તિ ભાવતણે અભ્યાસે પંક્તિનો અર્થ જોઈ ગયા.

અહીં પ્રસંગોપાત વ્યવહારસૂત્રનો એક ગંભીર પદાર્થ પણ જોઈ લઈએ.

મુખ્યત્વે ભાવાત્મક પાપનો ત્યાગ કરવા માટેનો અભ્યાસ કરવો. એનું કારણ એ છે કે પાપ એ ભાવસ્વરૂપ છે, ક્રિયાસ્વરૂપ નહિ. જે ક્રિયાઓને આપણે પાપ કહીએ છીએ, એ હકીકતમાં તો જો એ ભાવાત્મક પાપથી ઉત્પન્ન થયેલી હોય, કે ભાવાત્મક પાપને ઉત્પન્ન કરનાર હોય, તો જ એ ઉપચારથી પાપ કહેવાય છે. બાકી અશુભભાવથી ઉત્પન્ન ન થયેલી કે અશુભ ભાવને ઉત્પન્ન ન કરનારી કોઈપણ ક્રિયા પાપ નથી જ.

બંગલો બનાવવા જમીન ખોદાવવાની ક્રિયા એ પાપ !

દેરાસર-ઉપાશ્રય બનાવવા જમીન ખોદાવવાની ક્રિયા પાપ નહિ.

લગ્નાદિ પ્રસંગે જમણવાર ગોઠવવા એ ક્રિયા પાપ !

સાલગીરી વગેરે નિમિત્તે શ્રીસંઘનું સ્વામીવાત્સલ્ય કરવાની ક્રિયા એ પાપ નહિ.

પીક્ચર-નાટક જોવા માટે ગાડીમાં બેસીને જવું એ પાપ !

પ્રવચનશ્રવણ માટે દૂર રહેલા સ્થાને પહોંચવા ગાડીમાં બેસવું એ પાપ નહિ.

ધંધો કરવા માટે ઓફિસોમાં ૨૦-૨૫-૫૦ માળ ચડવા એ પાપ !

તીર્થભૂમિઓની યાત્રા માટે ચડાણ કરવું એ પાપ નહિ.

આવું તમામ ક્રિયાઓમાં સમજવું.

એટલે પાપનો અકરણ નિયમ = પાપક્રિયાઓનો સંપૂર્ણ ત્યાગ... આવો અર્થ નથી કરવાનો. પરંતુ અશુભભાવોનો સંપૂર્ણ ત્યાગ એ જ અકરણ નિયમ છે. એને સિદ્ધ કરવા માટે અશુભભાવોને વધુ ને વધુ ઘટાડવાનો પ્રયત્ન કરવાનો છે.

<u>પ્રશ્ન :</u> ભાવ એ જ પાપ છે, ક્રિયા વ્યવહારથી પાપ છે... એવું તમે કયા આધારે કહો છો ?

<u>ઉત્તર :</u> શ્રી વ્યવહારસૂત્રની નિર્યુક્તિમાં શ્રીભદ્રબાહુસ્વામી મહારાજા ફરમાવે છે કે **पडिसेवणा उ भावो...** 'ભાવ એ જ પ્રતિસેવના `.'

અશુભભાવ એ દર્પિક પ્રતિસેવના છે.

શુભભાવ એ કલ્પિક પ્રતિસેવના `

દર્પિક પ્રતિસેવના એ જ પાપ !

એટલે મોક્ષાર્થી આત્માએ અશુભભાવોને ઘટાડવા માટેનો સખત પ્રયત્ન કરવાનો છે !

અને આ વાત બધી રીતે યોગ્ય પણ છે.

કુરગડુ મુનિ કાયમ નવકારશી કરતા. જો તમે ક્રિયાને પાપ માનો, તો એમને આ નવકારશી રૂપી પાપ કાયમ માનવું પડશે. શું તમે આ મહામુનિને પાપી કહેશો ?

સુમંગલાચાર્ય અનાર્યદેશમાં રાજકુમાર થયા. જન્મથી જ પંગુ એવા એમણે દીક્ષા લીધી. હવે એ પ્રતિક્રમણાદિ તમામ ક્રિયાઓ બેઠા બેઠા જ કરતા હશે, એ તો સીધી જ વાત છે ! જો બાહ્ય ક્રિયા પાપ હોય, તો એ મહાન આરાધકના તમામ પ્રતિક્રમણો પાપ માનવા પડશે, કેમકે એમાં સત્તર સંડાસાદિ કોઈપણ બાહ્યવિધિ

સચવાઈ નથી.

શાસ્ત્રમાન્ય એવી પણ નદી ઉતરવાની વિધિપૂર્વકની ક્રિયા પાપ માનવી પડશે.

આ બધું પાપ નથી જ, એ તો આપણે માનીએ જ છીએ. એનું કારણ શું ? એ જ ને ? કે આવું કરવા પાછળ રાગ-દ્વેષનો પરિણામ નથી, પ્રમાદ-શક્તિ નિગૂહનાદિ કોઈ દોષ નથી. માટે જ આ ક્રિયા પાપ નથી.

કુરગડુમાં આસક્તિ રૂપી ભાવ પાપ નથી, માટે તે નિષ્પાપ !

સુમંગલાચાર્યમાં પ્રમાદ  ક્રિયાઅરુચિ વગેરે રૂપ ભાવપાપ નથી, માટે તે નિષ્પાપ ! વિધિપૂર્વક નદી ઉતરનારમાં નિષ્ઠુરતાદિરૂપ ભાવપાપ નથી, માટે તે નિષ્પાપ !

**पडिसेवणा उ भावो** આ અતિ-અતિ-અતિ રહસ્યભરપૂર શબ્દો છે ચૌદપૂર્વધર મહાત્માના !

વિકારો જાગે છે ? તો સ્ત્રી પરિચયત્યાગાદિ પ્રવૃત્તિ તો કરવી જ. પણ સ્ત્રીતત્ત્વમાં પડેલી અશુચિઓની ભાવના ભાવીને, બ્રહ્મચર્યનો લાભ વિચારી-વિચારીને એ વિકાર ભાવને પાતળા કરતા જવા.

આ છે ભાવપાપના ત્યાગનો અભ્યાસ !

આવું તમામ ભાવપાપોના ત્યાગ અંગે વિચારી લેવું.

જો ઉંડાણથી વિચારશો, તો લાગશે કે આના જેવું ઉત્કૃષ્ટ કોઈ તત્ત્વ નથી. જિનશાસન અને એના મહાપુરુષો જ આવા અદ્વિતીય પદાર્થોને પીરસી શકે... એ સિવાય કોઈની આ અદ્‌ભુત તત્ત્વોને સમજવાની પણ તાકાત હોતી નથી.

આપણે ખૂબ ખૂબ ઉપકાર માનીએ એ મહાપુરુષોનો, જેમણે આપણી સામે આ અણમોલ રહસ્ય પ્રગટ કરી દીધું.

<u>બીજી ઢાળનો ભાવાર્થ સંપૂર્ણ</u>

## ઢાળ-૩

<u>પ્રશ્ન :</u> બીજી ઢાળમાં છેલ્લે તમે અકરણનિયમની વાત કરી. પણ અમને તો એમ લાગે છે કે જિનશાસન પામ્યા પછી પાપ થાય એ શક્ય જ નથી. પ્રભુના વચનો જો સો ટકા સાચા છે, હિતકારી છે, તો એ સાંભળીને એની મેળે જ તમામ પાપો દૂર થઈ જ જવાના.

<u>ઉત્તર :</u> જો ભાઈ ! તું તારે જે માનવું હોય, તે માન, પણ મને તો એ વાત સાચી નથી લાગતી. કારણ ? સાંભળ.

<u>દેવ ! તુજ સિદ્ધાન્ત મીઠો, એક મને ધરીએ.</u>
<u>દુષ્ટ આલંબન નિહાળી, કહો કેમ તરીએ... ॥૧॥</u>

<u>ગાથાર્થ :</u> ઓ ભગવાન ! તારો સિદ્ધાન્ત મીઠો છે, એકાગ્રચિત્તે એને હું ધારી રાખું છું. પણ તમે એ કહો કે દુષ્ટ આલંબનો નિહાળ્યા બાદ તરવું શી રીતે ?

<u>ભાવાર્થ :</u> પ્રભુના વચનો સાચા છે – હિતકારી છે... એ બધી વાત સાચી. અને ખરેખર એ વચનો આપણને ગમે છે, હૈયામાં એ વચનો બરાબર યાદ રાખીએ છીએ, આ બધું જ સાચું. પણ એટલા માત્રથી પાપત્યાગ થઈ જ જાય, એવું નથી.

એનું મુખ્ય કારણ છે ખરાબ આલંબનો ! ખરાબ નિમિત્તો !

દરેક જીવમાં સારા અને ખરાબ બંને પ્રકારના સંસ્કારો પડેલા છે. એમાં ય ખરાબ સંસ્કાર વધારે ચક્કાજામ છે, કારણ કે અનાદિ અનંતકાળમાં ખરાબ સંસ્કારો જ વધુ ને વધુ પોષાયા છે. એનું એક કારણ આ પણ છે કે ખરાબ નિમિત્તો ઘણા છે અને ઘણીવાર ભટકાયા કરે છે. જ્યારે સારા નિમિત્તો ઓછા છે અને ઓછીવાર ભટકાયા કરે છે.

સ્ત્રીને જોવાનું કેટલીવાર બન્યુ ? પ્રતિમાના દર્શન કેટલીવાર ?
આસક્તિકારક આહાર કેટલીવાર ? આંબિલનો આહાર કેટલીવાર ?
પૈસો-મિલ્કત વગેરેનો સંપર્ક કેટલો ? દેરાસર-ઉપાશ્રયાદિનો સંપર્ક કેટલો ?
એ બધામાં ય સ્ત્રીપરિચયાદિમાં કેટલો બધો આનંદ ! અને પ્રતિમાદર્શનમાં ?
મસ્ત આહારમાં કેટલી મજા ! અને આંબિલના ભોજનમાં ?
પૈસાદિ મળે - વધે એમાં કેવો રસ ! અને દેરાસર - ઉપાશ્રયાદિમાં ?
લગભગ દરેક જીવમાં સુખશીલતાદિના સંસ્કારો, પાપ સંસ્કારો ઘણા ઘણા વધારે

છે. અને એટલે જ એને ખરાબ આલંબનો જલ્દી નજરમાં આવે છે. એટલે જ ભગવાનના વચનો સાંભળે, જાણે, માને તો ય એની પ્રવૃત્તિ સાવ વિપરીત જ થયા કરે.

<u>'જીવ નિમિત્તવાસી છે.'</u> આ વાક્ય બિલકુલ ભુલવા જેવું નથી.

જીવ છે વ્યસની જેવો ! ડ્રગ્સ - ચરસ - ગાંજો - તમાકુ વગેરેના વ્યસનથી ચિક્કાર નુકસાન થાય છે, 'શરીર અને સંપત્તિ બંને ખતમ થાય છે' આવું સ્પષ્ટપણે જાણવા છતાં, માનવા છતાં વ્યસનીની સામે જેવા એ વ્યસનકારક દ્રવ્યો આવી પડે કે તરત જ એ એમાં જ લપેટાઈ જાય, વ્યસન કરી બેસે. પાછો દુ:ખી થાય - વ્યસન ન કરવાનો સંકલ્પ કરે... પણ વળી પાછું નિમિત્ત ભટકાય, એટલે એ સારું લાગવા માંડે...

એમ જીવને પણ પાપોથી દૂર રહેવાનો ભાવ હોય, પણ ખરાબ આલંબનો મળે, એટલે તરત જ એ તરફ ખેંચાઈ જાય.

<u>પ્રશ્ન :</u> આવા આત્માને સમ્યગ્દર્શન, વિરતિ વગેરે પરિણામો હોઈ શકે ખરા ?

<u>ઉત્તર :</u> ખોટું કરીને પણ જો અંતરથી એમ સ્વીકારે કે "આ ન કરાય, આ ખોટું છે. સાચું તો એ જ છે કે જે ભગવંતે ફરમાવ્યું છે." અને એમ જ યોગ્ય અવસરે બોલે, તેનામાં સમ્યક્ત્વ પરિણામ ટકે, વિરતિ જાય.

પણ આવી પરિસ્થિતિ લગભગ ટકતી નથી. મોટા ભાગે તો જીવો પોતે જે દોષ સેવતા હોય, "એ હકીકતમાં દોષ જ નથી, એ તો અપવાદમાર્ગે કરી શકાય" એ રીતે દોષને ગુણ તરીકે સાબિત કરવાનો જ પ્રયત્ન કરે.

એમાં વળી કોઈક પૂછે કે "આ તો દોષ જ છે, આને તમે ગુણ શી રીતે માની શકો ?" એટલે તરત તેઓ પાસે એના દૃષ્ટાન્તો તૈયાર જ હોય. જે દૃષ્ટાન્તો ખરેખર અપવાદ રૂપ હોય, એનો ઉપયોગ આ જીવો પોતાના ઉન્માર્ગના પોષણ માટે કરી દે.

ટુંકમાં ભૂતકાળમાં બનેલા જે અપવાદ સ્વરૂપ પ્રસંગો હોય, તે પ્રસંગોને આગળ કરી પોતાના સુખશીલતા-રાગ-દ્વેષ-પ્રમાદાદિ દોષો પોષવા એનું નામ જ દુષ્ટાલંબનનું ગ્રહણ !

મહોપાધ્યાયજી કહે છે કે પ્રભુના વચનો ગમે છે, એ વાત સાચી. પણ ચારે

બાજુ દુષ્ટ આલંબનો એટલા બધા દેખાય છે કે એમાંથી છટકીને સંસાર સાગર તરવો એ ઘણો જ કપરો છે, અશક્ય છે.

– x – x –

દુષ્ટ આલંબન ધરે જે, ભગ્ન પરિણામી,
તેહ આવશ્યકે ભાખ્યા, ત્યજે મુનિ નામી. ॥૨॥

ગાથાર્થ : જે સાધુ દુષ્ટ આલંબન ધારણ કરે છે, આવશ્યકસૂત્ર-નિર્યુક્તિમાં એને ચારિત્રપરિણામથી ભાંગી ગયેલો જણાવ્યો છે. એટલે જ જેઓ મુનિ છે, તેઓએ આવા નામધારી ભગ્નપરિણામી સાધુનો ત્યાગ કરવો જોઈએ.

ભાવાર્થ : જે સાધુના ચારિત્રપરિણામ ખતમ થઈ ગયા હોય, કે સાવ સાવ નબળા પડી ગયા હોય એ સાધુ સંયમજીવનના આચારો પાળવા માટે મક્કમતા ગુમાવી બેસે છે, જાત જાતના દોષોનું સેવન શરુ કરી દે છે. પણ આ દોષભરપૂર જીવન જીવે એટલે સ્વાભાવિક છે કે લોકોમાં એ નિંદાપાત્ર બને જ. લોકો પુછે પણ ખરા કે "તમે કેમ આવું કરો છો ? સાધુથી આવું ન કરાય."

હવે આ વખતે શું જવાબ આપવો ? ભૂલ સ્વીકારવી અને સુધારવી બંને ભારે પડે. એટલે છેવટે 'ભૂલ ભૂલ જ નથી, પણ કર્તવ્ય છે.' એવું સાબિત કરી દેવું એ જ એના માટે એક માત્ર માર્ગ બાકી રહે.

પણ એ કંઈ ખાલી કહી દેવા માત્રાથી તો કોઈ ન જ સ્વીકારે ને ? એટલે પછી આ સાધુ એવા આલંબનો શોધી કાઢે. એ આલંબનો જૂના હોય કે નવા ય હોય, પણ એ બધું એવી રીતે રજુ કરે કે સામેવાળાએ માનવું જ પડે કે "ના ! આ કરે છે, એ બરાબર છે. ભૂતકાળમાં આ જ રીતે કરવામાં આવેલું. વર્તમાનમાં પણ તે તે મહાત્માઓએ એ જ રીતે કરેલું છે."

બસ, આ રીતે એ સાધુનો ઉન્માર્ગ સન્માર્ગ રૂપે સાબિત થઈ જાય. પછી તો એ ઉન્માર્ગ ચારે બાજુ ફેલાતો જાય. ચેપી રોગની માફક બધા જ એ ઉન્માર્ગનો ભોગ બનતા જાય.

યાદ રાખો,

આપવાદિક પ્રસંગોને આગળ કરીને પોતાના ઉન્માર્ગને સન્માર્ગ તરીકે સાબિત કરનારો આત્મા ચારિત્રપરિણામથી ભ્રષ્ટ હોય છે.

કોઈ આત્મા ચારિત્રપરિણામથી ભ્રષ્ટ છે કે નહિ ? એ સીધી રીતે તો આપણને

ખબર ન જ પડે. પણ એનું અનુમાન કરવા માટેનો આ સ્પષ્ટ ઉપાય છે કે જે સાધુ પોતાની શિથિલતાઓને પોષવા માટે એવા ખોટા-ખોટા આલંબનો પકડે, એ નક્કી ચારિત્ર પરિણામથી ભ્રષ્ટ હોય.

વળી એક અગત્યની બાબત ધ્યાનમાં લેવી કે

ઉન્માર્ગ અને અપવાદ આ બે યમાં બાહ્ય પ્રવૃત્તિ તો લગભગ સરખી જ હોય છે. પણ ઉન્માર્ગમાં કોઈપણ પુષ્ટ કારણ વિના એ પ્રવૃત્તિ કરાતી હોય છે, જ્યારે અપવાદમાં પુષ્ટ આલંબનથી એ પ્રવૃત્તિ કરાતી હોય છે.

મહોપાધ્યાયજી આગળ આવા દુષ્ટ આલંબનોના ચાર-પાંચ દૃષ્ટાન્તો આપવાના જ છે, પણ એ દૃષ્ટાન્તો તે કાળના છે. એટલે એ પૂર્વે આપણે વર્તમાનકાળની દૃષ્ટિએ આપણા જીવનમાં જે જે દુષ્ટ-આલંબનોની શક્યતા છે, એનો વિચાર કરી લઈએ.

(ક) આપણને મલિનવસ્ત્રો પહેરવા ગમતા-ફાવતા ન હોય, એટલે જ જલ્દી જલ્દી કાપ કાઢતા હોઈએ, ધોળા-ધબ વસ્ત્રો પહેરતા હોઈએ. હવે કેટલાક સંયમીઓ મલિન વસ્ત્રો પહેરતા હોય, એના કારણે ગૃહસ્થો એમના સંયમની પ્રશંસા કરતા હોય અને એ ગૃહસ્થો ક્યારેક આપણને કહે કે "સાહેબજી ! સંયમીએ તો વારંવાર કાપ ન કઢાય ને ?"

ત્યારે આપણો જવાબ શું ?

"જુઓ ભાઈ ! જૂના કાળની વાત અલગ હતી. અત્યારે જમાનો બદલાઈ ગયો છે. આપણે બધા હવે શહેરમાં રહીએ છીએ. અને અહીં બધા શૌચવાદી છે, રોજ સ્નાન કરનારા, રોજ કપડા ધોનારા છે. આ બધાની વચ્ચે મેલા કપડા પહેરીએ, તો શાસનહીલના થાય. મેલા કપડાની કિંમત વધારે ? કે શાસનની ?

જેઓ મેલા કપડા પહેરે છે, તેઓ ભલે થોડા ઘણા તમારા જેવાઓમાં પ્રશંસા પામે, પણ મોટાભાગે તો એમની નિંદા જ થતી હોય છે. અમે ઘણી બધી જગ્યાએ એવી નિંદાઓ સાંભળી છે, માટે જ અમે એવા મેલા વસ્ત્રો પહેરતા નથી. બાકી અમને કંઈ ધોળા વસ્ત્રો પહેરવાનો, વારંવાર કાપ કાઢવાનો શોખ નથી. ભલે અમને તમારા જેવા પાસેથી યશ ન મળે, પણ અમને યશ કરતા શાસન પ્યારું છે."

આ વાતો ખરેખર સાચી હોય તો પણ આમાં જો સુખશીલતા પોષવાનો જ આશય હોય, તો આમાં ચારિત્રપરિણામ ભાંગે છે.

(ખ) આપણે નિર્દોષ ગોચરી માટેનો પ્રયત્ન ન કરતા હોઈએ, આધાકર્માદિ

દોષો કે છેવટે સ્થાપનાદિ દોષો તો સેવતા જ હોઈએ... એ વખતે ગોચરીની નિર્દોષતા માટે સખત પ્રયત્ન કરનારા સંયમીઓ સાથે થોડાક દિવસ રહેવાનું થાય... એ વખતે આ અંગે વાતચીત નીકળે, ત્યારે આપણે બોલીએ કે "નિર્દોષગોચરી જ વાપરવી જોઈએ, પણ હવે કાળ અને દેશ પલટાઈ ગયા છે. નિર્દોષ ગોચરી દુર્લભતમ બની ગઈ છે. ખુદ ઉપદેશમાલાકારે પણ કહ્યું છે કે कालस्स य परिहाणी, संजमजोग्गाइं नत्थि खित्ताइं । સંયમપાલનને યોગ્ય એવા કોઈ ક્ષેત્રો જ નથી... આનો અર્થ જ એ કે છેક ૨૫૦૦ વર્ષ પૂર્વેથી સંયમપાલન અઘરું થઈ પડ્યું છે. તો આજે તો એમાં ઘણી મુશ્કેલી પડવાની જ. હવે સંયુક્ત પરિવારો તૂટ્યા, ઘરના બારણા બંધ હોય, પાંચ-દસ-પંદર માળ સુધી ચડવું આકરું પડે, જૈનોના ઘરો છૂટા-છવાયા, અજૈનોની ગોચરી લગભગ બંધ...

એટલે હવે નિર્દોષનો બહુ આગ્રહ ન રાખવો. છેવટે તો આપણા અધ્યવસાય એ જ અગત્યનો ભાગ ભજવે છે. દરેક ઉત્સર્ગના અપવાદ હોય જ છે...

ઉપાધ્યાયજીએ સંમતિતર્ક ભણવા માટે આધાકર્માદિ વાપરવાની પણ સંમતિ આપી જ છે.

(ગ) સેલવાળી ઘડિયાળ પાસે રાખવામાં તેજસકાયની અને વાયુકાયની વિરાધના છે, એ વાત સાચી. પણ આજે બધા લોકો ઘડિયાળના કાંટે ચાલતા થઈ ગયા છે. આપણે જો ઘડિયાળ ન રાખીએ, તો સમયસર પ્રવચનાદિ શરુ ન કરી શકીએ, પૂરું ન કરી શકીએ... એમાં શાસનની-સાધુઓની નિંદા થાય. લોકો તો આજે સમયની બાબતમાં એકદમ ચુસ્ત વલણ ધરાવતા થઈ ગયા છે.

વળી આજે ઘણા આચાર્યો, સાધુઓ ઘડિયાળ રાખે જ છે, કોઈ એને પાપ નથી કહેતું, ના નથી પાડતું... એટલે હું તો માનું છું કે ઘડિયાળ રાખવી જ જોઈએ.

(ઘ) જૂના જમાનામાં સાધુ-સાધ્વીઓ જાતે જ ઉપધિ ઉંચકતા, પણ એ વખતે શારીરિક તાકાત ઘણી હતી અને વિહારો પણ ઓછા હતા. એટલે એ બધું શક્ય બનતું.

આજે ઉપધિ વધી ગઈ છે, તાકાત ઘટી છે, વિહારો વધ્યા છે... આપણે આદર્શની વાત કરીએ એ ઠીક છે, પણ એમાં પ્રેક્ટીકલ થવું જરૂરી છે. સંયમી થાકે, આર્તધ્યાન કરે... એ થોડું જ ઉચિત છે ? એના બદલે સાઈકલવાળો-લારીવાળો રાખ્યો હોય, તો બધા પ્રશ્નોનું સમાધાન થઈ જાય.

કોણ એવો સમુદાય કે ગ્રુપ આજે છે ? કે જે પોતાના માલસા ાન, ઉપધિ વગેરે માટે લારી-સાઈકલ-ગાડી વગેરે ન રાખતા હોય.

દુષ્ટ આલંબન સ્વીકારનારાઓ આવું આવું બોલે.

આવા તો અનેક દૃષ્ટાન્તો સ્વયં વિચારી લેવા.

આ જ બધી બાબતોમાં ઉંચા આલંબનો પણ પકડી જ શકાય છે.

મલિનવસ્ત્રો ધારણ કરનારા + નિર્દોષ ગોચરી માટે શક્ય એટલો વધુ સારો પ્રયત્ન કરનારા + ઘડિયાળાદિ કોઈપણ ઈલેક્ટ્રીક સાધનો નહિ રાખનારા + મોટી તપશ્ચર્યામાં, લાંબા વિહારમાં, માંદગીમાં... પોતાની ઉપધિ સ્વયં જ ઉંચકનારા કે સહવર્તી સંયમીને જ આપનારા.... આજે પણ આદર્શભૂત સંયમીઓ છે.

શા માટે એ આલંબનોનો સહારો ન લેવો ?

– x – x –

<u>પ્રશ્ન :</u> એવા કયા કયા ખોટા આલંબનો પકડવામાં આવ્યા છે ? એ જણાવવા કૃપા કરશોજી.

<u>ઉપાધ્યાયજી :</u>

<u>નિયતવાસ વિહાર ચેઈય ભક્તિનો ધંધો.</u>

<u>મૂઢ અજ્જાલાભ થાપે, વિગઈ પડિબંધો. ॥૩॥</u>

<u>ગાથાર્થ :</u> મોહવાસિત માણસ ચાર વસ્તુ દર્શાવે છે. (૧) નિત્યવાસે વિચરવું જોઈએ. (૨) સાધુએ દેરાસરની ભક્તિના કામમાં જોડાવું જોઈએ. (૩) સાધ્વીજીઓએ લાવેલો આહાર સાધુ વાપરી શકે. (૪) વિગઈ વાપરવી જોઈએ.

<u>ભાવાર્થ :</u> આ આખી ઢાળમાં એ દર્શાવવામાં આવશે કે કેટલાક લોકો પોતાની શિથિલતાઓ પોષવા માટે કેવા કેવા પ્રતિપાદન કરતા હોય છે અને એ પોતાની બાબતોને સાચી સાબિત કરવા માટે એમને શાસ્ત્રોમાં નોંધાયેલા જ જોરદાર દૃષ્ટાન્તો પણ મળી જતા હોય છે.

એ ચાર બાબતો આ પ્રમાણે છે.

(૧) સાધુઓ માટે વિહારનો શાસ્ત્રીય આચાર એવો છે કે એમણે ચોમાસામાં એક જ જગ્યાએ ચાર મહિના રોકાઈ જવાનું અને શેષકાળમાં ૮ મહિના જુદા જુદા ૮ સ્થાનોમાં એક-એક મહિનો રોકાવાનું. આ ૧ + ૮ = ૯ એ જ નવકલ્પી વિહાર !

(સાધ્વીજીઓને શેષકાળમાં એકસ્થાને બે-બે માસ રોકાવાનું છે, એટલે એમને શેષકાળના ૪ + ચોમાસાનો ૧ = ૫ કલ્પ થાય.)

પણ કેટલાક સાધુઓને આ આચાર ન ફાવ્યો. એમને પોતે બંધાવેલા મઠોમાં, પોતાના ભક્તોથી ભરચક સ્થાનમાં રહેવું જ વધુ પસંદ હતું. કેમકે ત્યાં એમની બધી જ સુવિધાઓ સચવાતી હતી. ભોજનની, ભક્તોની અનુકૂળતા પુષ્કળ પ્રમાણમાં પોષી શકાતી હતી.

એટલે એમણે નવા માર્ગની પ્રરૂપણા કરી કે "સાધુએ સ્થિરવાસ કરવો જોઈએ."

(૨) કેટલાકો વળી એવા હતા કે જેમને નવા તીર્થો બનાવવામાં, ઐતિહાસિક સ્થાપત્યો તૈયાર કરાવવામાં, એ બધાના વહીવટમાં, એનાથી મળતા યશમાં પુષ્કળ રસ હતો. એટલે દેરાસરાદિ શુભકાર્યોમાં પણ સાધુઓએ જે ચોક્કસ મર્યાદા જાળવવાની હતી. એ આ સાધુઓને ભારે પડવા લાગી. માટે એ બધાએ નવી પ્રરુપણા શરુ કરી કે "સાધુ દેરાસર-પ્રતિમા સંબંધી તમામે તમામ બાબતમાં પૂરેપૂરો રસ લઈ શકે, ઉંડો ઉતરી શકે. એમાં એને કોઈ દોષ નથી."

(૩) કેટલાકો સાધ્વીજીઓ સાથે અતિપરિચયવાળા બન્યા, એ પરિચય રાગમાં પરિણમ્યો અને એ રોગના પ્રતીક સ્વરૂપે એકબીજાની ગોચરી એકબીજાને આપવા લાગ્યા. સારી વસ્તુ સાધ્વીજીને મળે, તો એ ભક્તિભાવથી સાધુને વાપરવા આપે. એમ સાધુ પણ સાધ્વીજીને આપે.

આ બધું એમને ખૂબ જ ગમવા લાગેલું. એ બહાને મીઠી લાગણીઓ પોષવાનો અવસર મળતો હતો, મોહ સામ્રાજયમાં એ બિચારાઓ સાવ જ ગુલામ જેવા બની ગયા હતા.

એટલે જ એમણે આ ત્રીજી પ્રરૂપણા શરુ કરી કે "સાધુઓ સાધ્વીએ લાવેલી ગોચરી વાપરી શકે."

(૪) કેટલાકો ખાવા-પીવામાં મશગુલ બની ગયા હતા. જૈનોનો ભક્તિભાવ ઘણો વધવાથી તે સાધુઓ માટે દૂધ-દહીંની તો નદીઓ વહેવા લાગી. રોકટોક વિના એમને આ બધું જ મસ્તીથી આરોગવા મળતું.

પણ બીજી બાજુ શાસ્ત્રો ના પાડે કે "વિગઈઓ વધારે ન વાપરવી..." એટલે આ સાધુઓ મુંઝાયા. તેઓએ એનો રસ્તો પણ શોધી કાઢ્યો. એમણે પ્રરૂપણા કરવા લાગી કે "સંયમીઓ વિગઈ વાપરી શકે છે, એમાં કોઈ જ દોષ નથી.

– x – x –

<u>પ્રશ્ન :</u> આ ગાથામાં એમને મૂઢ = મૂર્ખ શા માટે કહ્યા ? 'તેઓ શિથિલ છે, લુચ્ચા છે' એમ કહીએ તો હજી બરાબર ! પણ એમને મૂર્ખા શી રીતે કહેવાય ?

<u>ઉત્તર :</u> શ્રી આચારાંગસૂત્રમાં ફરમાવ્યું છે કે "શિથિલાચાર સેવવો એ પ્રથમ બાલતા = મૂઢતા છે. અને એ શિથિલાચારને સુંદર આચાર માનવો, પ્રરૂપવો એ બીજી બાલતા = મૂઢતા છે."

પહેલી મૂર્ખતા ચારિત્રનો ઘાત કરે છે અને બીજી મૂર્ખતા સમ્યક્ત્વનો ઘાત કરે છે. પ્રસ્તુતમાં આચારાંગસૂત્રને આધારે આ લોકોને મૂઢ કહ્યા છે.

<u>પ્રશ્ન :</u> એ વાત બરાબર. પણ આમાં મૂર્ખતા જેવું તો દેખાતું નથી.

<u>ઉત્તર :</u> જે શિથિલાચાર ભયંકર નુકસાનકારી છે, દીર્ઘ સંસાર રખડાવનારો છે, એને જીવનમાં ઉતારવો, એને સારો માનવો-પ્રરૂપવો એ બધું મૂર્ખતા તો કહેવાશે જ ને ?

જીવઘાતક સાપને સારો માનનારો કોણ કહેવાય ?

એટલે આ બધાને 'મૂઢ' કહ્યા છે, એ ખોટું નથી.

– x – x –

<u>પ્રશ્ન :</u> તેઓ ગમે તેમ બોલે, એટલે શું બધા માની લે ? અરે ! શાસ્ત્રોના ચોકખે ચોકખા પાઠો હોવા છતાં તેઓ એનાથી ઉંધુ બોલે, તે લોકો તો એમને જ ખરાબ ગણશે કે "આ શાસ્ત્રવિરુદ્ધ બોલે છે." એટલે આવા મૃષાવાદીઓ ફાવવાના તો નથી જ.

<u>ઉત્તર :</u> ના, એવું નથી. પહેલી વાત તો એ કે શાસ્ત્રોના સાચા પદાર્થો જાણનારા કેટલા ? ગૃહસ્થો તો લગભગ અજ્ઞાની જ હોય છે. એટલે એ બધાના મનમાં આ લોકો તદ્દન જૂઠા પદાર્થો પણ દઢ કરી શકે. એ એવા દઢ કરી દે કે પછી સાચી વાત એમની સામે મૂકાય, તો પણ એ ગૃહસ્થો એનો સ્વીકાર ન કરી શકે.

બીજી વાત એ કે શાસ્ત્રોમાં તો તમામે તમામ બાબતોમાં ઉત્સર્ગ અને અપવાદ બંને બતાવેલું હોય છે. એટલે જેમ ઉત્સર્ગના પાઠો મળે, એમ અપવાદના પણ પાઠો મળે, એટલું જ નહિ એ અપવાદનું આચરણ કરી ચૂકેલા અને એમાં પ્રશંસા-સફળતા પામેલા મહાપુરુષોના દૃષ્ટાન્તો પણ મળી જાય... એટલે આ શિથિલો આવા પાઠોને અને આવા પ્રસંગોને શોધી કાઢે, બધા સમક્ષ રજુ કરે... એ વાત સાચી જ હોય. એટલે ના કોણ પાડી શકે ? પણ 'એ તો માત્ર અપવાદ જ છે, ક્યારેક જ કોઈકને

જ એની છૂટ હોય છે.' વગેરે બાબતો કોણ માને ?

જો, ઉપરના ચાર શિથિલો જ કેવા કેવા દૃષ્ટાન્તો આપે છે, એ જોઈ લઈએ.

કહે ઉગ્રવિહાર ભાગા, સંગમ આયરિઓ;
નિયતવાસ ભજે બહુશ્રુત, સુણિઓ ગુણદરિઓ ॥૪॥

ગાથાર્થ : ઉગ્રવિહારથી ભાંગી = થાકી ગયેલાઓ કહે છે કે "આચાર્ય સંગમ બહુશ્રુત હતા, ગુણોના સાગર હતા અને એમણે નિત્યવાસ સ્વીકારેલો છે." (માટે એ યોગ્ય જ છે.)

ભાવાર્થ : સૌ પ્રથમ ખુલાસો તો એ કરી દઉં કે આજે 'ઉગ્રવિહાર' શબ્દનો જે અર્થ પ્રસિદ્ધ છે, એ અહીં લેવાનો નથી. આજે કોઈ રોજેરોજના ૨૫-૫૦ કિ.મી.ના વિહારો કરીને આવે, તો બધા એમને 'ઉગ્રવિહારી' કહેતા હોય છે.

અહીં એ ઉગ્રવિહારી નથી લેવાના. પરંતુ તે તે સ્થાનમાં, તે તે સ્થાનના શ્રાવકાદિમાં મમત્વ ન બંધાઈ જાય... એ વગેરે કારણોસર એક સ્થાને એક માસથી વધુ ન રહેવું... વગેરે નવકલ્પી વિહાર શાસ્ત્રીયનીતિ પ્રમાણે આચરવો એ ઉગ્રવિહાર છે.

હવે જેઓ સ્થાનમાં-ભક્તોમાં-ભકતમાં (ભોજનમાં) આસક્ત છે, એમને આવો ઉગ્રવિહાર બિલકુલ ગમતો નથી. એ જ સ્થાનમાં લાંબો સમય રહે તો રોજેરોજ મનગમતી વ્યક્તિઓને મળી શકાય, મનગમતા ભોજનો લઈ શકાય...

એટલે આવા લોકોએ એક આલંબન શોધી કાઢ્યું.

તેઓ કહે છે કે "શાસ્ત્રોમાં એક સંગમ નામના આચાર્યની કથા આવે છે, આ આચાર્ય એક જગ્યાએ સ્થિરવાસ રહી ગયા હતા, એટલે નિત્યવાસ બિલકુલ ખોટો નથી."

કદાચ કોઈ એ શિથિલોને પૂછે કે "સંગમાચાર્ય અજ્ઞાની હશે, માટે 'નિત્યવાસ ન કરાય' એ નહિ જાણતા હોય..."

એટલે શિથિલો જવાબ આપી જ દે છે કે "શાસ્ત્રમાં એમને બહુશ્રુત કહ્યા છે. એટલે કે એ મહાજ્ઞાની છે. એટલે જો શાસ્ત્રમાં નિત્યવાસની ના પાડી હોત, તો આ આચાર્ય એ જાણતા જ હોત, અને તો એ સ્વયં નિત્યવાસનું સેવન ન જ કરત."

વળી કોઈ પ્રશ્ન પૂછે કે "સંગમાચાર્ય ભલે જ્ઞાની હોય, છતાં એ તમારા જેવા જ શિથિલાચારી હોય, તો સાચી વાત જાણવા છતાં શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરે એ શક્ય

છે. એટલે એમણે નિત્યવાસ સેવ્યો છે, એ સાચું. પણ એ એમની શિથિલતા હોય તો ?"

તો એની સામે પણ આ ઉગ્રવિહારથી ભાંગેલાઓ પાસે બહુ જ સુંદર જવાબ છે કે "શાસ્ત્રમાં એ આચાર્યને માત્ર બહુશ્રુત જ નહિ, પણ વૈરાગ્ય વગેરે અનેક ગુણોના ભંડાર દર્શાવેલા છે. એટલે એ શાસ્ત્રવિપરીત આચરણ ન કરે. એટલે જ જો એમણે નિત્યવાસ સેવ્યો જ છે, તો તે યોગ્ય જ હોય.

તો અમે પણ એ જ રીતે એક જ સ્થાને રહીએ, તો એમાં ખોટું શું ?

બોલો, કેટલી જોરદાર રજુઆત કરી એ શિથિલોએ !

અરે, આ સિવાય પણ ઘણી બધી દલીલો તેઓ શોધી કાઢે.

(ક) એક જ જગ્યાએ બે-ચાર-પાંચ વર્ષ રોકાઈએ, તો સ્વાધ્યાય ચિક્કાર થાય. દસ-પંદર વર્ષે જે ન ભણી શકાય, એ માત્ર બે-પાંચ વર્ષમાં જ ભણાઈ જાય.

(ખ) જેમ જુદી જુદી દસ જગ્યાએ પાંચ-પાંચ ફૂટ ખોદીએ, તો પાણીનું ટીપું પણ ન મળે. પણ એક જ જગ્યાએ ૫૦ ફૂટ ખોદીએ, તો એટલું ઉંડુ રહેલું પાણી આપણા હાથમાં આવે. એમ જુદા જુદા ક્ષેત્રોમાં મહિનો-મહિનો ફરીએ, તો એમાં ગૃહસ્થો પર ઉપકાર સાચો ન થાય. દીક્ષા વગેરે પણ ન થાય. પણ એક જ જગ્યાએ લાંબો સમય રહીએ તો ચોક્કસ એ બધા ઉપર સારામાં સારો ઉપકાર કરી શકાય.

(ગ) વિહારો કરીએ, એટલે દરેક જગ્યાએ ગોચરીના ઘરો શોધવાના, સ્થંડિલ-માત્રુની જગ્યા શોધવાની, રહેવા માટેનો વ્યવસ્થિત ઉપાશ્રય શોધવાનો, ગૃહસ્થોને ઉપદેશ આપી આપીને આપણને અનુકૂળ બનાવવાના, ડોક્ટર-વૈદ્યની તપાસ કરવાની... આ બધામાં જ ઘણો સમય ખવાઈ જાય. સ્વાધ્યાય-ધ્યાન ક્યાંથી થાય ? આમાં મન ચંચળ બન્યા વિના રહે ખરું ?

(ઘ) ઉપદેશમાલામાં સ્પષ્ટ લખ્યું છે કે "वाससयं पि वसंता मुणिणो आराहगा भणिआ" સાધુ એક જ જગ્યાએ સો વર્ષ પણ રહે, તો એ આરાધક ગણાય.

(ચ) વર્તમાનકાળમાં તો અકસ્માત પણ વધી ગયા છે, એવું કમોતે મરવું, દુર્ગતિમાં જવું યોગ્ય થોડું જ છે ! એના બદલે શક્ય એટલો ઓછામાં ઓછો વિહાર કરવો.

આવી તો બીજી પણ અનેક દલીલો થઈ શકે.

<u>પ્રશ્ન :</u> એમણે સંગમાચાર્યનું દૃષ્ટાન્ત આપ્યું છે, એ સાચું તો છે જ ને ? તો પછી કેમ એ વાત ન સ્વીકારવી ?

ઉત્તર : એમણે દૃષ્ટાન્ત આપ્યું, પણ લુચ્ચાઈ કરી. સંગમાચાર્ય સ્થિરવાસ રહ્યા, એ વાત સાચી. પણ એ શા માટે ? એ જો તેઓ સ્પષ્ટ જણાવે, તો એમની લુચ્ચાઈ ઉઘાડી પડી જાય.

એ ભલે ન જણાવે, પણ હું તને જણાવું છું.

નવિ જાણે તે ખીણજંઘા - બલથવિર તેહો;
ગોચરીના ભાગા કલ્પી, બહુ રહ્યો તેહો. ।।પા।

ગાથાર્થ : આ લોકો જાણતા નથી કે તે આચાર્ય ઘરડા હતા, જંઘાબલ ક્ષીણ થઈ ગયું હતું. ગોચરીના ભાગ કલ્પીને તે ઘણો કાળ રહ્યા હતા.

ભાવાર્થ : સંગમાચાર્ય (૧) વયોવૃદ્ધ થઈ ગયા હતા. (૨) એમના પગની તાકાત ક્ષીણ થઈ ગઈ હતી, માટે જ એ ચાલી શકે તેમ ન હતા. આ પુષ્ટ કારણસર જ એ સ્થિરવાસ રોકાયા હતા.

જો ઘરડા થયા હોવા છતાં પણ એમનું જંઘાબળ મજબુત હોત, તો એ વિહાર જ કરત.

હવે બોલો, શું શિથિલો વિહાર કરવાની તાકાત ધરાવતા નથી ? એ તો ચાલી શકે એમ છે, તો શી રીતે સ્થિરવાસ રહી શકશે ?

એ સૂરિજી કારણસર સ્થિરવાસ રહ્યા, એટલે એ અપવાદ નામનો મોક્ષમાર્ગ !

જ્યારે આ શિથિલો એમનું આલંબન લઈને નિષ્કારણ સ્થિરવાસ કરે છે, એટલે આ છે ઉન્માર્ગ !

પ્રશ્ન : માનો કે એ શિથિલો વિહારની તાકાત ઘટી હોવાના કારણે સ્થિરવાસ કરતા હોય, તો તો ચાલે ને ?

ઉત્તર : તો પછી એમને શિથિલ કેમ કહેવાય ? એ તો આરાધક જ કહેવાય.

પણ બીજી વાત એ કરવાની કે સંગમાચાર્યે સ્થિરવાસમાં પણ શક્ય એટલો વધુમાં વધુ પ્રયત્ન આજ્ઞાપાલન માટે કર્યો છે. એ ગામમાં એમણે જુદા જુદા નવ સ્થાનો નક્કી કરેલા, અને વારાફરતી એ નવ ઉપાશ્રયોમાં રહેતા હતા. એમાં મોટો ફાયદો એ કે સ્થાન બદલાય, એટલે લોકો બદલાય, ગોચરીના ઘરો બદલાય... આ બધાના કારણે મમત્વભાવ ઉત્પન્ન ન થાય.

શું જેઓ અશક્ત બન્યા છે, તેઓ પણ નિત્યવાસમાં આ યતના પાળે છે ?

તો તેઓને દોષ ન લાગે ? અરે, એક વર્ષમાં એક ગામ-શહેરમાં કુલ અલગ-અલગ નવ ઉપાશ્રયમાં રહેવાની વાત તો દૂરની છે, પણ એક જ ઉપાશ્રયમાં આખું વર્ષ રહેનારા

પણ એ લોકો ઉપાશ્રયમાં મહીને-મહીને જગ્યા બદલે છે ખરા ? એક માસ સુધી જ્યાં બેઠા હોય, ત્યાંનુ એવું ગાઢ મમત્વ બંધાઈ જાય છે કે જગ્યા બદલવા માટે પણ મન તૈયાર થતું નથી, સંઘર્ષ કરવો પડે છે.

સંગમાચાર્યની દાળમાં પોતાની ઢોકળી ચડાવી દેવાની કુમતિવાળા તેઓ પાસે જો પુષ્ટ કારણ ન હોય, જો અપવાદ સેવનમાં યતના ન હોય તો શી રીતે તેઓ નિત્યવાસ રહેવા માટે હકદાર બને ?

એ આચાર્ય તો સામાન્ય ઘરોમાં ગોચરી જતા, સાવ સામાન્ય વસ્તુઓ લાવતા અને વાપરતા, (માટે જ તો એમનો દત્તશિષ્ય અનુકૂળ ગોચરી ન મળવાથી આર્તધ્યાન પામેલો.) અરે, શિષ્યને માટે ધાત્રીપિંડ દોષ સેવવો પડ્યો, તો ય એ દોષ સેવીને મેળવેલા લાડવા પોતે તો ન જ વાપર્યા, શિષ્યને આપી દીધા અને પ્રતિક્રમણ વખતે એની આલોચના કરવાની પણ સ્પષ્ટ સૂચના કરી.

આવા હતા એ સંગમાચાર્ય !

આ શિથિલો એમનું આલંબન લેવા માટે હક્કદાર છે ખરા ?

<u>પ્રશ્ન :</u> તમારી આ વાત તો બરાબર ! પણ હવે વર્તમાનકાળનો વિચાર કરીએ, હમણાં સ્થિરવાસને બદલે બધા પુષ્કળ વિહાર કરે છે. એક જગ્યાએ ચોમાસામાં ચાર માસ રોકાય, પણ એ સિવાય આઠ માસ તો ઘણા બધા વિહારો કરે છે. આપ શેષકાળમાં મહિનો રોકાવાની વાત કરો છો, પણ અત્યારે તો બધા બે-પાંચ-દસ દિવસ પણ રોકાતા નથી.

એટલે વધુ રહેવાથી મમત્વ બંધાય... એ બધા દોષો તો હવે ન જ લાગે ને ? એક મહિનો રોકાય, તો હજી ય મમતા ઉભી થાય, આ તો 'સવારે પહોંચો, સાંજે નીકળો' એટલો બધે અમમત્વભાવ કેળવાઈ ગયો છે.

મને લાગે છે કે જૈનધર્મની ઉન્નતિ થઈ હોવાની આ નિશાની છે.

<u>ઉત્તરપક્ષ :</u> આ કેવી મોટી ભ્રમણા તમારા મગજમાં ઘર કરી ગઈ છે.

જૂના જમાનામાં શિથિલ બનનારાઓ નિત્યવાસ વધુ પસંદ કરતા, કેમકે

→ વિહારમાં વિહારધામો-રસોડાઓ વગેરેની અનુકૂળતા ન હતી. એટલે ખૂબ કષ્ટ વેઠવું પડતું.

→ સાઈકલ-લારી વગેરેની સુવિધા નહિવત્ હતી, એટલે ઉપધિ વગેરે બધું જાતે ઉંચકવું પડતું.

→ વિહારો કરવામાં વિશેષ કોઈ લાભો દેખાતા ન હતા. એટલે તેઓ સ્થિરવાસ તરફ ઢળી ગયા.

આજે ?

→ લગભગ બધે જ વિહારધામો-રસોડાઓની વ્યવસ્થાઓ છે. એટલે રહેવા-વાપરવાની બધી જ મુશ્કેલીઓ નીકળી ગઈ.

→ સાઈકલ-લારી વગેરેની પણ અનુકૂળતા ! એટલે ઉપધિ ઉંચકવા વગેરે રૂપ મુશ્કેલીઓ પણ દૂર થઈ.

→ પહેલા થાકનો-ઘડપણનો પ્રશ્ન રહેતો, એટલે જેને વિહાર કરવામાં ઘડપણ કે વાતાદિ રોગના કારણે મુશ્કેલી પડતી, તેઓ પાસે વિહાર માટે બીજો કોઈ વિકલ્પ ન હતો, એટલે તેઓ સ્થિરવાસ તરફ ઢાળતા. આજે તો ડોળી-વ્હીલચેરની પૂરી વ્યવસ્થા મળે. સંઘ સેવા માટે હાજર છે. પૈસાની ગોઠવણ ગમે તે રીતે થઈ જ જાય એટલે ચાલવામાં મુશ્કેલી હોય, કોઈ બિમારી હોય, ઘડપણ હોય તો પણ મસ્તીપૂર્વક બધે જ વિહાર કરી જ શકાય છે.

આ બધા કારણોને લીધે વર્તમાનમાં સ્થિરવાસ સ્વીકારાતો નથી, પણ એ ઉચિત નથી. કારણ કે વર્તમાનના અસ્થિર વિહારમાં મમતાદિ દોષો ક્યાં ઓછા છે ?

→ કેટલાકોને જુદા જુદા ક્ષેત્રોમાં, તીર્થોમાં, રમણીય પ્રદેશોમાં ફરવાનું ગમે છે, એટલે આ કુતૂહલાદિ દોષોથી પ્રેરાઈને તેઓ ચિક્કાર વિહાર કરે છે.

→ ભક્તોના કાર્યક્રમો સાચવવા, એ દ્વારા ભક્તોને સાચવવા પુષ્કળ વિહારો થાય છે. આમાં તો ભક્તાદિનું મમત્વ પુષ્કળ પોષાય જ છે.

→ કેટલાકોને ઉંડે ઉંડે પણ તે તે પ્રસંગોમાં મળનારી ઘણી ઘણી સારી ગોચરી પ્રત્યેનું તીવ્ર આકર્ષણ હોય છે. નવ્વાણું - ઉપધાન - સંઘ - મહોત્સવાદિના આજકાલના રસોડા શાહી ઠાઠવાળા હોય છે, એ તો બધાનો અનુભવ છે જ. એટલે કેટલાકો વળી આ ભોજનાસક્તિથી પ્રેરાઈને લાંબા-લાંબા અને સતત વિહારો કરે છે.

→ કેટલાકોને યશ-કીર્તિની ભૂખ સતાવે છે. આ તમામ કાર્યક્રમોમાં પુષ્કળ પ્રશંસા ખાવા મળે છે, "મારે હાથે આટલા આટલા કાર્યક્રમો થયા, આટલી અંજનશલાકા, આટલી પ્રતિષ્ઠા, આટલા સંઘ, આટલા ઉપધાન, ..." આમાં મળતો યશ ભલભલાને ઢીલા પાડી દેનારો બને છે, અને માટે જ એ ચિક્કાર વિહારો કરવા પ્રેરી દે છે.

હવે બોલો, નિત્યવાસમાં જે મમતાદિ દોષો હતા, એ જ દોષો આ અનિત્યવાસમાં

ય છે. અરે, નિત્યવાસમાં તો ધીરે ધીરે એ દોષો ઉત્પન્ન થશે, જ્યારે આ અનિત્યવાસ તો સ્વયં પોતે જ દોષોના પાયા ઉપર રચાયેલો હોય છે.

વળી એ રીતના અનિત્યવાસના દોષો પણ ચિક્કાર !

→ સ્વાધ્યાય લગભગ ખતમ થાય.

→ ગોચરી લગભગ દોષિત લેવી પડે.

→ વિહારાદિને લીધે વસ્ત્રો વધુ મલિન થવાથી વારંવાર કાપ કાઢવો પડે.

→ અતિપરિશ્રમને કારણે શરીરમાં જાતજાતના રોગો ઉત્પન્ન થાય, શરીરના અવયવો વહેલા ઘસાય.

→ સ્થંડિલ-માત્રુ અંગે ઢગલાબંધ દોષો સેવવા પડે. રોજ સ્થાન બદલાય, બધે વ્યવસ્થા ન મળે, ગમે ત્યાં પરઠવવામાં શાસનહીલનાદિની શક્યતાઓ વધે.

→ સાધ્વીજીઓને શીલરક્ષા કરવી જોખમી બને.

→ અકસ્માતોનો ભય તો ઉભો જ છે.

આમ છતાં અનિત્યવિહારની તરફેણ માટે આવા આલંબનો-તર્કો પણ કેટલાકો આપે છે.

→ શાસનપ્રભાવના પુષ્કળ થાય, માટે બધા પ્રોગ્રામો સાચવવા જ જોઈએ.

→ શ્રાવકોની ભાવના તોડવી ન જોઈએ.

→ આવા કાર્યક્રમો નિમિત્તે હજારો લોકો ધર્મ પામે છે, આવું ઉત્તમોત્તમ પરોપકારનું કૃત્ય કોઈપણ હિસાબે બંધ ન કરાય.

→ શાસ્ત્રોમાં દેશપર્યટન કરવાની વાત આવે જ છે. શાસનપ્રભાવના માટે સાધુઓ એ રીતે ઠેર ઠેર ફરે, તો ખોટું શું ?

<u>પ્રશ્ન :</u> તો શું આ આલંબનો ખોટા છે ?

<u>ઉત્તર :</u> જો સંયમની પુષ્કળ હાનિ થતી હોય, સ્વાધ્યાયાદિ યોગો ઘણા સીદાતા હોય, આત્માના પરિણામોમાં પણ અનેક પ્રકારની મલિનતાઓ ઘુસતી હોય તો આ આલંબનોને કોણ સાચા આલંબન કહેશે ? હા ! શાસન પ્રભાવનાદિના આ કાર્યો બંધ કરી દેવાનું ગાંડપણ કરવાનું નથી, પણ વિવેક બધે જ જરૂરી છે. નફા-નુકસાનનું ગણિત સૂક્ષ્મદૃષ્ટિથી માંડવું આવશ્યક છે.

સ્થિરવાસ પણ નિષ્કારણ ખોટો !

સતત, સખત વિહાર પણ ગાઢકારણ વિના ખોટો !

अति सर्वत्र वर्जयेत् આ સૂત્ર ભુલવું નહિ.

એક જ જગ્યાએ ઘણો વધારે સમય રહીને ઘણા ફાયદા મેળવવા જતાં મમત્વ-વિજાતીયપરિચય વગેરેને લીધે જાતનું જ ગુમાવી બેસવાની જો પરિસ્થિતિ ઉભી થવાની હોય, તો "ઘરના છોકરા ઘંટી ચાટે, (ભૂખ્યા મરે) અને બાપ પાડોશીઓને જમાડે... ગામવાળાને ભરપેટ જમાડે" એના જેવી હાલત થાય.

એમ પુષ્કળ વિહારાદિ કરીને ઢગલાબંધ પ્રસંગો સાચવવા વગેરેમાં પણ જો જાતનું ખોવાનું થતું હોય, તો એ ચોક્કસ વિચારણીય પ્રશ્ન છે જ.

<u>પ્રશ્ન :</u> ઉપાધ્યાય વિનયવિજયજીએ તો કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં ચોક્ખું લખ્યું છે કે 'માસકલ્પનો વિચ્છેદ થયો છે.' તો પછી તમે શા માટે માસકલ્પનો આગ્રહ રાખો છો ?

<u>ઉત્તર :</u> તમે સુબોધિકા વૃત્તિ ફરી વાંચજો. ત્યાં માસકલ્પનો વિચ્છેદ ગયો હોવાની વાત નથી લખી, પણ <u>માસકલ્પ</u> નામના આચારનું શાસ્ત્રીયદષ્ટિએ વર્ણન કર્યા બાદ માત્ર એટલું જ જણાવ્યું છે કે "વર્તમાનકાળમાં તો ગુર્વાજ્ઞા પ્રમાણે વિહાર કરાય છે."

આ જણાવવા પાછળનો આશય પણ એટલો જ લાગે છે કે જૂનાકાળમાં જે રીતે માસકલ્પાદિ કરવા સરળ હતા, એ રીતે વિનયવિજયજી મ.ના સમયમાં સરળ રહ્યા ન હતા. મુસલમાનોના આક્રમણ... વગેરે ઘણા બધા એવા કારણો ઉપસ્થિત થયા હશે કે જેથી ઘણીવાર વારંવાર વિહારો કરવા પડે, તો ઘણીવાર એક જ જગ્યાએ લાંબો સમય પણ રહેવું પડે.

આપણી પાસે એમના આ વચનો પાછળનું સ્પષ્ટ કારણ ભલે કદાચ ન પણ હોય, પણ એટલું તો પાકું છે કે એમાં માસકલ્પના વિચ્છેદની વાત તો નથી જ.

— x — x —

હવે બીજા દુષ્ટાલંબનવાળાઓની વિચારણા કરવા માટે સૌ પ્રથમ તો ઉપાધ્યાયજી એમનો અભિપ્રાય શું છે ? એ બતાવે છે.

<u>ચૈત્યપૂજા મુક્તિમારગ, સાધુને કરવી.</u>
<u>જિણ કીધી વયર મુનિવર, ચૈત્યવાસ ઠવી. ॥૬॥</u>

<u>ગાથાર્થ :</u> ચૈત્યપૂજા મોક્ષનો માર્ગ છે, સાધુએ તે કરવી જોઈએ. જેમકે વજ્ર મુનિવરે ચૈત્યને વિશે = દેરાસરમાં પુષ્પો સ્થાપીને = લાવીને ચૈત્યપૂજા કરી છે.

<u>ભાવાર્થ :</u> બીજા પ્રકારના દુષ્ટાલંબનવાદીઓ બોલે છે કે

શાસ્ત્રોમાં જિનપૂજાનો અપરંપાર મહિમા બતાવવામાં આવ્યો છે.

→ શ્રી યોગસારમાં કહ્યું છે કે स्वर्गापवर्गदो द्रव्यस्तवोऽत्रापि सुखावहः, हेतुश्चित्तप्रसत्तेः....... જિનપૂજા વગેરે રૂપી દ્રવ્યસ્તવ સ્વર્ગ અને મોક્ષ આપે છે. આ લોકમાં પણ સુખ આપે છે. તાત્કાલિક માનસિક પ્રસન્નતા આપે છે.

→ શ્રી બત્રીશ-બત્રીશીમાં કહ્યું છે કે सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् । भक्तिर्भागवती बीजं परमानन्दसम्पदाम् । શ્રુતસાગરના અવગાહન બાદ મને આ સાર મળ્યો છે કે ભગવાનની ભક્તિ પરમાનંદ રૂપી સંપત્તિનું બીજ છે. (આ પંક્તિ વર્તમાનમાં આવી માન્યતાવાળાઓ તરફથી સમજવી. કારણ કે એ કાળમાં તો આ પંક્તિ હતી જ નહિ.)

આવા બધા પાઠો જોયા બાદ એમ સ્પષ્ટ લાગે છે કે સાધુએ પણ જિનપૂજા વગેરે શુભકાર્યો કરવા જ જોઈએ.

વળી આ માત્ર અમારી નવી કલ્પના નથી. શ્રી આવશ્યકસૂત્રમાં ફરમાવ્યું છે કે દસપૂર્વધર આર્ય વજસ્વામી લાખો પુષ્પો લાવ્યા, એના દ્વારા પર્યુષણપર્વમાં દેરાસરમાં પ્રભુની શાનદાર ભક્તિ કરી-કરાવી. આંગી-મહાપૂજા વગેરે બધી જ વ્યવસ્થા ગોઠવી આપી. જો આવા જ્ઞાની-સંયમી મહાત્મા દેરાસર-પ્રતિમાની ભક્તિ વગેરેમાં આટલો બધો રસ જાતે લેતા હોય, તો વર્તમાનકાળમાં પણ સાધુઓએ એમાં પૂરેપૂરો રસ લેવો જ જોઈએ.

વળી વર્તમાનમાં તો એના બીજા પણ પુષ્કળ લાભો છે.

→ અત્યારે શ્રાવકો દેરાસર-પ્રતિમાજીને સાચવવામાં ઘણો ઓછો રસ લે છે. લગભગ ઘણા ખરા દેરાસરોમાં પુજારીઓ જ બધું સંભાળતા થઈ ગયા છે. શ્રાવકો ખાલી હાથે આવે, અને ખાલી હાથે પાછા જાય... પુજારીઓ માત્ર પૈસા માટે કામ કરતા હોય, એટલે એ કંઈ વિશેષ કાળજી ન કરે.

જો સાધુ-સાધ્વીઓ જિનપૂજાદિ કરવા લાગી પડે, તો પ્રભુની આશાતના-અવ્યવસ્થા વગેરે બધું જ દૂર થઈ જાય. સંયમીઓને તો પ્રભુ પ્રત્યે ઉછળતો સદ્ભાવ હોય, તેઓ બિલકુલ આશાતના ન થવા દે. વળી તેઓ ચોવીસ કલાક Free છે, એટલે દેરાસર માટે સારામાં સારો ભોગ તેઓ આપી શકવાના. તેઓની દેખરેખના કારણે પુજારીઓ પણ સીધા ચાલતા થઈ જાય.

→ શ્રાવકોને શાસ્ત્રોનો બોધ નથી, એટલે વહીવટ કરવામાં ગંભીર ભૂલો કરી બેસે. જયારે સંયમીઓ તો શાસ્ત્રીય બોધ મેળવી લઈ એ મુજબ બધો જ વહીવટ

સારામાં સારી રીતે સંભાળી શકે. સંયમીઓ પાસે સમય-સમજ બંને સંભવી શકે છે. શ્રાવકોને બંનેનો અભાવ છે.

→ શ્રાવકો સંસારમાં ડુબેલા હોવાથી એમને પૈસાની જરૂર પડતી જ હોય. જો ધંધાદિમાં નુકસાન જવાથી તાત્કાલિક પૈસા જોઈએ, તો એ દેવદ્રવ્યના લાખો રૂપિયા ઉપાડી જાય તો પણ આશ્ચર્ય નહિ. અરે, ઘરે મોટા પ્રસંગો આવી પડે, ત્યારે ય તેઓ આ ધનનો ઉપયોગ કરી નાંખે એ શક્ય છે. ભલે એમનો ભાવ એવો ન હોય કે "પૈસા ખાઈ જવા." પણ "અત્યારે આ વાપરીએ, પછી ભરી દેશું..." એવા કોઈક વિચારથી પ્રેરાઈને તેઓ પૈસા વાપરી નાંખે, પછી ભરી ન શકે તો હાથ ઉંચા કરી દે, વ્યાજ ન ભરે... વગેરે વગેરે ચિક્કાર પ્રશ્નો ઉભા થાય.

સંયમીઓને પોતાનો સંસાર નથી, ધંધો નથી, એટલે નુકસાન ભરપાઈ માટે કે સાંસારિક પ્રસંગો સાચવવા માટે દેવદ્રવ્યાદિનો ઉપયોગ કરવાનો એમને અવસર જ ન આવે. વળી સંયમીઓ તો 'ધર્મદ્રવ્યમાં ગરબડ થાય, તો કેટલા બધા ભયંકર નુકસાન ?' એ ખૂબ ખૂબ સારી રીતે જાણતા હોય છે. એટલે તેઓ તો એક રૂપિયાની પણ ગરબડ બિલકુલ ન થવા દે.

→ શ્રાવકો પ્રભુના સાચા સ્વરૂપને ઓળખતા જ નથી હોતા, એટલે એમને પ્રભુભક્તિમાં કોઈ વિશેષ ભાવ જાગતા નથી હોતા. રૂટીંગ પ્રમાણે જ બધું કર્યા કરતા હોય છે.

જ્યારે સંયમીઓ તો પ્રભુના ઉપકારને જાણે છે, પ્રભુના સ્વરૂપને જાણે છે... એમને જો અષ્ટપ્રકારી પૂજા-આંગી-નૃત્ય-ભાવના વગેરે વગેરેની છૂટ આપવામાં આવે, તો તેઓ અનંતાનંત ભવોનો ખાત્મો બોલાવી દે.

આ બધું વિચારતા એમ લાગે છે કે સાધુ-સાધ્વીઓને પણ હવે જિનપૂજાદિની અને દેરાસરાદિના વહીવટ કરવાની સંપૂર્ણ સત્તા-છૂટ-સંમતિ આપવી જોઈએ.

(આ બધા જ કુતર્કો છે... એમ જાણવું. આગળ એનું ટુંકાણમાં ખંડન કરવામાં આવશે.)

<u>મહોપાધ્યાયજી :</u>

<u>તીર્થઉન્નતિ અન્યશાસન, મલિનતા ટાણે,</u>
<u>પુર્વ અવચિત પુષ્પમહિમા, તેહ નવિ જાણે. ॥૭॥</u>

ગાથાર્થ : તીર્થની ઉન્નતિ, અન્યશાસનની મલિનતાનો અવસર, પહેલા ચૂંટેલા પુષ્પો, પુષ્પપૂજાનો મહિમા... આ બધું તેઓ જાણતા નથી.

ભાવાર્થ : વજસ્વામીનું આલંબન લઈને તમે વાત કરી છે. પણ તમને એ ખબર છે ખરી ? કે 'વજસ્વામીએ જિનપૂજા શા માટે કરી ?' કે એ બધું જાણ્યા વિના જ, અથવા તો જાણવા છતાં લોકોને ઠગવા માટે અડધી-પડધી વાત કરો છો ?

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે

(ક) એ નગરનો રાજા બૌદ્ધધર્મનો અનુરાગી બનેલો હતો, એટલે જ જૈનધર્મીઓને જૈનધર્મની આરાધના કરવા દેવામાં પણ વિઘ્નભૂત બનતો હતો, સહાય તો ન જ કરતો.

વજસ્વામીએ દીર્ઘદૃષ્ટિથી વિચાર્યુ કે "જો હું આ રીતે દૈવીશક્તિથી લાખો પુષ્પ લાવીશ, તો આ ચમત્કાર જ રાજાને અને પ્રજાને જૈનધર્મ પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરાવી દેશે. ચારેબાજુ જૈનધર્મનો જયજયકાર થશે."

આ શાસનપ્રભાવના થતી જોઈને વજસ્વામીએ લાખો પુષ્પો લાવવાનો, એના દ્વારા પૂજાદિ કરાવવાનો અપવાદમાર્ગ અપનાવ્યો.

(ખ) આ રીતે પૂજાદિ થાય, એમાં રાજા-પ્રજા વગેરે બધાને સ્પષ્ટપણે દેખાઈ જ આવે કે જૈનધર્મ પાસે દૈવી શક્તિ છે, બૌદ્ધધર્મ પાસે નથી. દેવો તો હોંશિયાર હોય, તેઓ સાચા ધર્મના જ સહાયક બને... એટલે બૌદ્ધ ધર્મમાં કોઈ દમ નહિ હોય..." આમ ઈતરધર્મની મલિનતા થાય, આ માટે પણ વજસ્વામીએ આ માર્ગ અપનાવ્યો.

ખ્યાલ રાખવો કે જૈનમુનિના મનમાં ક્યારેય પણ કોઈને નીચા દેખાડવાનો, ઉતારી પાડવાનો મલિનભાવ ન હોય. પણ જો અન્ય ધર્મો તરફ લોકો આકર્ષાય, તો સાચો મોક્ષમાર્ગ ન પામે, તો સાચું સુખ ન પામે... જો લોકો અન્યધર્મોને ત્યાગી એકમાત્ર સો ટચના સુવર્ણ સમાન જૈનધર્મને સ્વીકારે, તો તેઓનું એકાન્તે હિત થાય.

આમ લોકોના પ્રત્યેની એક માત્ર કરુણા ભાવનાથી પ્રેરાઈને એ મુનિ ઈતર ધર્મની મલિનતા થાય એમ ઈચ્છે છે. એટલે જ કોઈ આ ભાવનાને ખરાબ ભાવના માની લેવાની ભૂલ ન કરે.

કોઈ દર્દી નબળા ડોક્ટર ઉપર ગાંડી શ્રદ્ધા રાખીને એની જ દવા કર્યા કરતો હોય, તો કોઈપણ સજ્જન માણસ એવી ભાવના ભાવશે જ કે "આ દર્દી ગાંડી શ્રદ્ધા છોડી, ડોક્ટર બદલે તો સારું." શક્ય હોય તો સમજાવે પણ ખરું કે "આ ડોક્ટર સાવ નબળો છે, એનાથી તો ઘણાના રોગો વધ્યા છે. તું છોડ આને...."

આ બધું કરનાર સજ્જન ખરાબ ન જ કહેવાય. સાચો હિતેચ્છુ જ કહેવાય એમ અહીં પણ વજસ્વામી અન્યધર્મની નબળાઈ દેખાડવા માટે પ્રવૃત્તિ કરે, તો પણ એ પવિત્રતમ ભાવનાના જ માલિક કહેવાય.

(ગ) એ પુષ્પો વજસ્વામીએ નથી ચૂંટ્યા, પણ માળીએ જ ચૂંટી રાખેલા હતા અને વજ સ્વામી તો દૈવી વિમાનમાં એ પુષ્પો માત્ર લાવ્યા છે.

(ઘ) એ નગરમાં જૈનોમાં પર્યુષણના દિવસોમાં પુષ્પપૂજાનો પુષ્કળ મહિમા હતો. વર્ષોથી એ પર્વ દિવસોમાં અઢળક પુષ્પો દ્વારા ભક્તિ કરવામાં આવતી. એમાં લોકોની શ્રદ્ધા પણ અમાપ હતી. હવે આ વર્ષે રાજાએ પુષ્પો અટકાવી દીધા, એટલે જો વજસ્વામી કંઈ ન કરે, તો લોકોમાં પુષ્પપૂજાનો મહિમા, શ્રદ્ધા ખલાસ થવા માંડે... આ બધું વિચારીને વજસ્વામીએ આ અપવાદ સેવ્યો છે.

વળી અગત્યની વાત તો એ છે કે વજસ્વામીએ સ્વયં પોતે પુષ્પો હાથમાં પકડ્યા હોય, સ્વયં ભગવાનને ચડાવ્યા હોય... વગેરે તો ક્યાંય વાંચવામાં આવ્યું નથી. જો એ સાધુ માટે આ બધું યોગ્ય માનતા હોત, તો જાતે પણ કરત ને ? શા માટે શ્રાવકો પાસે કરાવડાવે ?

એટલે તમે આ આલંબન ખોટું જ પકડ્યું છે, એ તો સ્પષ્ટ વાત છે.

આજે સંયમીઓ પાસે શાસનપ્રભાવના, અન્યતીર્થહીલના... વગેરે કોઈ કારણો છે જ નહિ... તો પછી શા માટે પૂજા-વહીવટાદિમાં સંયમીઓ પડે ?

– x – x –

<u>પ્રશ્ન :</u> સંયમી જિનપૂજાદિ કરે તો એમાં નુકસાન શું ?

<u>ઉપાધ્યાય :</u>

**<u>ચૈત્યપૂજા કરત સંયત, દેવભોઈ કહ્યો.</u>**

**<u>શુભ મને પણ માર્ગનાશી, મહાનિશીથે લહ્યો. ॥૮॥</u>**

<u>ગાથાર્થ :</u> જિનપ્રતિમાની પૂજા કરનારો સાધુ દેવદ્રવ્યનો ભક્ષક કહ્યો છે, 'એના મનમાં શુભભાવ હોય તો પણ એ માર્ગનો નાશ કરનાર છે.' એમ મહાનિશીથમાં કહ્યું છે.

<u>ભાવાર્થ :</u> મહાનિશીથના પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે જે સાધુ દ્રવ્યસ્તવ કરે એટલે કે પૂજા વગેરે કરે એ સાધુ અયતનાવાળો. દેવદ્રવ્યભક્ષી... ચારિત્રભ્રષ્ટ જાણવો.

<u>પ્રશ્ન :</u> અયતનાવાળો શા માટે ?

<u>ઉત્તર :</u> સાધુએ પાંચ મહાવ્રતો લીધા છે, એમાં એણે પૃથ્વી વગેરે ષટ્કાયની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. હવે જો સાધુ દેરાસર માટે જમીન ખોદાવે તો પૃથ્વીની વિરાધના થાય કે નહિ ? એ પ્રક્ષાલ કરે તો કાચા પાણીની, દીવો કરે - ધૂપ કરે તો અગ્નિની, ચામર-પંખો વીંઝે કે નાચે તો વાયુની, પુષ્પો ચડાવે-ફળો ચડાવે તો વનસ્પતિની અને આ બધાયમાં નાના-મોટા ત્રસ જીવોની વિરાધના અવશ્ય થવાની જ. આમાં સાધુ ષટ્કાયની યતના ગુમાવે જ છે ને ?

<u>પ્રશ્ન :</u> આ સાધુ દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો શા માટે કહ્યો છે ? આમાં એ કયાં દેવદ્રવ્ય વાપરે છે ?

<u>ઉત્તર :</u> ચૈત્યવાસી બનનારા અને ચૈત્યની આવકનો પોતાના માટે ઉપયોગ કરનારા તે વખતના શિથિલાચારી ચૈત્યવાસીઓ માટે આ વાત શાસ્ત્રકાર મહર્ષિઓએ દર્શાવી હોય એમ લાગે છે.

શાસ્ત્રકાર મહર્ષિઓનો અભિપ્રાય આ જ છે કે અન્ય ? એ અંતિમ તત્ત્વ તો બહુશ્રુતો જ જાણી શકે.

<u>પ્રશ્ન :</u> સાધુને જિનપૂજાદિ કરતા ખૂબ જ ભાવ ઉછળતો હોય, તો શું વાંધો ? તો તો એને પુષ્કળ લાભ ખરો ને ? જિનશાસન ભાવપ્રધાન છે.

<u>ઉત્તર :</u> આ સમજાવતા પહેલા એક વાર્તા કરી દઉં.

શ્રીમંત શેઠના બંગલામાં રાત્રે ચોકી કરવાનું કામ કરનારા ચોકીદારે રાત્રે મીઠી ઉંઘ લીધી. અને એમાં એણે સ્વપ્ન જોયું કે 'શેઠ આવતી કાલે જ વિમાનમાં પરદેશ જવાના છે. એ વિમાન તૂટી પડવાનું છે.'

એ ઉઠી ગયો, ગભરાઈ ગયો, વહેલી સવારે શેઠ પાસે જઈ બધી વાત કરી, પ્રવાસ બંધ કરવા વિનંતિ કરી. પણ શેઠે એની વાત ન માની, એ રકઝક જોઈ શેઠાણી ત્યાં આવ્યા, એટલે ચોકીદારે એમને બધી વાત કરી, શેઠાણી તો રડી જ પડ્યા, અને છેવટે શેઠે એમની જીદ સામે નમતું જોખવું પડ્યું.

બીજા દિવસનું છાપું વાંચતાની સાથે જ શેઠ-શેઠાણી ચમક્યા, "વિમાન તૂટી પડ્યું છે" એ સમાચાર પહેલા પાને છપાયેલા હતા, 'શેઠ બચી ગયા' એના આનંદમાં શેઠાણી તો ચોકીદારને સારામાં સારી બક્ષિસ અપાવવા માટે જીદે ચડ્યા. ચોકીદારને બોલાવવામાં તો આવ્યો, સારી બક્ષિસ પણ શેઠે એને આપી, પણ એ સાથે જ શેઠે કહી દીધું "આજથી તું નોકરીમાંથી છૂટો !"

'આવી કડક શિક્ષા શા માટે ?' એ શેઠાણીએ પૂછયું ત્યારે શેઠે જવાબ આપ્યો કે "રાતના ચોકિયાત તરીકે એની ફરજ એ જ છે કે એણે આખી રાત જાગવું. હવે જો એ ઉંઘ્યો, એનાથી સ્વપ્ન આવ્યું અને સારું ફળ એકવાર તો મળી ગયું. પણ એણે એની ફરજનો તો ભંગ જ કર્યો છે ને ? આવતીકાલે એ પાછો ઉંઘશે, એ વખતે ચોર-લુંટારા ઘૂસશે, તને મને મારી નાંખીને બધું ધન લૂંટી જશે, આપણા દીકરાઓને મારી નાંખશે... તો એ બધું નુકસાન પેલા ફાયદાને તો ક્યાંય ચગદી નાંખશે.

ફરજ ચૂકવીને મેળવેલો ફાયદો તો ક્યારેક જ થાય, પણ એનું નુકસાન તો ઘણું જ ભયંકર હોય...

અતિ પ્રસિદ્ધ આ કથાનો ભાવાર્થ એટલો જ છે કે દરેકે પોતાના અધિકારમાં રહીને જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. સાધુએ ભાવસ્તવની = ચારિત્રધર્મની આરાધના કરાવાની છે. એ ઉંચા સ્થાને છે, એણે હવે જિનપૂજાદિ કરવાના નથી, જો એ કરે, તો એમાં ધારો કે એને ભાવ જાગતા હોય, તો પણ એ ફરજનો ભંગ કરે છે, અધિકારથી વિપરીત પ્રવૃત્તિ કરે છે, સાધુમાર્ગને ખતમ કરીને મોટી અનવસ્થા ઉભી કરે છે. સાધ્વાચારના પાલનથી જે અતિવિશિષ્ટ લાભો મળવાના હોય, એ બધા જ આ સાધુ સાધુપણામાં શ્રાવકાચારોની અનવસ્થા ઉભી કરીને, સાધ્વાચારનું સત્યાનાશ કાઢીને એનાથી પ્રાપ્ત થનારા તમામ લાભો સળગાવી નાંખવાનું કામ કરે છે, એટલે કોઈપણ હિસાબે આ સાધુ ઉચિત પ્રવૃત્તિ કરનારો ન જ ગણાય. એને અટકાવવો પડે, ન અટકે તો સ્થાનભ્રષ્ટ કરવો પડે.

વળી સૌથી અગત્યની વાત તો એ છે કે સંસારમાં જે અનેક પ્રકારની સ્થાવરાદિ હિંસા કરતો જ હોય, એવા ગૃહસ્થને માટે આ જિનપૂજાદિ કાર્યો છે. જેના પરિણામ એટલા બધા કોમળ થઈ ગયા હોય કે એ જિનપૂજાદિ માટે પણ હિંસા ન કરી શકે, એને માટે સંયમધર્મ છે. હવે જો આ સાધુને જિનપૂજાદિમાં રસ પડે છે, તો એનો અર્થ જ એ છે કે સંયમધર્મને માટે લાયક નથી જ. તો પછી શા માટે એ સાધુવેષ પકડી રાખે છે ? સાધુવેષ ત્યાગીને, સંસારી બનીને એ પુષ્કળ જિનપૂજા કરે, એમાં કોણ એને રોકે છે ?

દરેકે પોતાની પાત્રતા પ્રમાણે જ કામ કરવું જોઈએ, સ્વીકારવું જોઈએ. સંગીતનો જ રસીયો માણસ સૈનિક બનીને ત્યાં ગીતો જ ગાયા કરે, અને બધા સૈનિકોને સંગીતમાં તરબોળ કરીને શૌર્યરસ ઘટાડી નાંખે તો એ સારું થોડું જ છે ? અરે, ભાઈ ! એને ગાવાની ના કોણ પાડે છે ? પણ એ યુદ્ધભૂમિ પર નહિ જ, એ સંગીતકાર બનીને ભલેને જે ગાવું હોય તે ગાય.

C.A., M.B.A. થયેલાઓ ડોક્ટરની માફક દવાઓ આપવા માંડે, દવાખાનું ખોલે તો ? અભણ ખેડુતો હિસાબ-કિતાબ સંભાળવાદિ કામ શરુ કરી દે તો ?

ડોક્ટરો ફેક્ટરીઓ, મકાનો વગેરેના ધંધામાં જ ખુંપી જાય તો ?

આ બધું શું યોગ્ય છે ?

છઠ્ઠા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ શેની પરીક્ષા આપવાની ? ચોથા-પાંચમા ધોરણના પ્રશ્નપત્રોની ? કે છટ્ઠાના ? એ વિદ્યાર્થી એમ કહે કે "મને તો ચોથા-પાંચમા ધોરણના પાઠો ખૂબ ગમે છે, એ ભણાવનાર શિક્ષકોની રજુઆત ખૂબ ગમે છે... હું ભલે છટ્ઠામાં ભણું, પણ હું ચોથા-પાંચમાના પુસ્તકો જ વાંચીશ, એના જ પિરીયડ ભરીશ અને પરીક્ષા પણ એની જ આપીશ..." તો તમે શું કહેશો ? આ બિચારો ચોથા-પાંચમામાં જ પડ્યો રહે, છટ્ઠામાં નાપાસ જ થાય. એટલું જ નહિ, કોઈપણ સ્કુલ આવા વિદ્યાર્થીને છટ્ઠા ધોરણમાં રાખવા તૈયાર ન થાય. "ભણવું ચોથા-પાંચમાનું અને છતાં છટ્ઠા ધોરણના વિદ્યાર્થી હોવું..." એ કેમ ચાલે ?

અરે, આ વિદ્યાર્થી ધારો કે ચોથા-પાંચમાના પેપરો ભરીને એમાં સૌથી સારામાં સારું લખાણ કરે, તો પણ કોણ એને પ્રથમ નંબર આપશે ? બધા એને બુદ્ધિ વિનાનો જ ગણશે ને ?

હા ! જયારે એ ચોથા-પાંચમા ધોરણમાં જ ભણતો હતો, ત્યારે આ બધું જ એના માટે સારું હતું, પણ છટ્ઠા ધોરણમાં આવ્યા પછી નહિ.

ખૂબ શાંતચિત્તે આ પદાર્થ ઉપર વિચાર કરવો.

– x – x –

<u>પ્રશ્ન :</u> પણ વજસ્વામીએ શા માટે જિનપૂજાદિ કરી ? અને શાસ્ત્રમાં એને કેમ સારી માની ?

<u>ઉત્તર :</u> આ વાત પૂર્વે કહી જ ગયા છીએ,

<u>પુષ્ટકારણ વિના મુનિ નવિ દ્રવ્ય-અધિકારી.</u>

<u>ચૈત્યપૂજાએ ન પામે, ફલ અનધિકારી. ||૯||</u>

<u>ગાથાર્થ :</u> મુનિ પુષ્ટ કારણ વિના દ્રવ્યસ્તવનો = જિનપૂજાદિનો અધિકારી નથી. અનધિકારી સાધુ ચૈત્યપૂજા દ્વારા ફલ ન પામી શકે.

<u>ભાવાર્થ :</u> આગળના જ શ્લોકમાં આ પદાર્થ સ્પષ્ટ રીતે સમજાવી દીધો છે.

અધિકારી = તે તે કાર્ય માટે લાયક, સુપાત્ર !

અનધિકારી = તે તે કાર્ય માટે નાલાયક, અપાત્ર !

પાંચમા ધોરણમાં ઓછા માર્કે પાસ થયેલો છોકરો છટ્ઠામાં પહોંચી તો જાય, પણ પાંચમા ધોરણનું કાચું હોવાથી છટ્ઠામાં એને ફાવટ ન આવે એવું બને. આવા વખતે એ છટ્ઠાનું પણ ભણે, અને પાંચમા માટેના સ્પેશ્યલ ટ્યુશન પણ રાખી લે. આ એના માટે પુષ્ટ આલંબન છે.

સાધુ માટે શાસનપ્રભાવના વગેરે જ પુષ્ટાલંબનો છે, અને વજ્રસ્વામીએ એ કારણસર જ જિનપૂજાદિ આદર્યા છે, એટલે એમને વાંધો નથી.

પણ આવા કોઈપણ પ્રકારના આલંબન વિનાનો સાધુ જો જિનપૂજાદિ કરે તો એ સારું ફળ ન જ પામે. ઉલ્ટું આજ્ઞાભંગ વગેરે દોષોનું ભાજન બને.

<u>પ્રશ્ન :</u> આ બધું તો બરાબર. પણ તમે હમણા જ જે દૃષ્ટાન્ત આપ્યું કે પાંચમા ધોરણમાં ૩૫ કે ૪૦ ટકા લાવીને પાસ થયેલો છોકરો છટ્ઠા ધોરણમાં તો આવી જાય, પણ પછી એને પાંચમાનું જ કાચું હોવાથી છટ્ઠાનું ભણવામાં મુશ્કેલી પડે જ. એટલે એ છટ્ઠાનું પણ ભણે, સાથે સાથે સ્પેશ્યલ ટ્યુશન વગેરે રાખીને પાંચમાનું પણ ભણી લે...

આ વાત વર્તમાનકાળમાં સાધુ-સાધ્વી માટે ન ઘટી શકે ?

તેઓ ચોથા-પાંચમા ગુણસ્થાનકે પ્રભુભક્તિ + બારવ્રતાદિ અનુષ્ઠાનોનું ખૂબ સરસ રીતે આચરણ કરીને જ દીક્ષા લે છે, એવું તો નથી. કેટલાકો કે ઘણાઓ માત્ર ને માત્ર મુગ્ધદશામાં જ ઉભરો આવી જવાથી, કોઈકની ચડામણીથી દીક્ષા લઈ લેતા હોય છે. ચોથા-પાંચમાની યોગ્ય આરાધના દ્વારા એમણે જે પાત્રતા કેળવવાની હતી, એ તો એમણે કેળવી નથી હોતી. એટલે છઠ્ઠા માટેની ઓછી પાત્રતા સાથે તેઓ છટ્ઠે ચડી બેસે છે, અને પછી મુશ્કેલીઓનો પાર રહેતો નથી.

વૈરાગ્યની ખામી નિર્મળ બ્રહ્મચર્યમાં, નિર્દોષ ભિક્ષાચર્યામાં, અપરિગ્રહાદિમાં બાધક બને.

વિનય-નમ્રતાદિની ખામી ગુરુપારતન્ત્ર્યમાં-સમર્પણમાં-વૈયાવચ્ચાદિમાં બાધક બને.

સ્વાર્થવૃત્તિ વગેરે રૂપ ખામી બીજા સાધુઓને અવસરે સહાય કરવામાં બાધક બને.

દેહની મમતા બાવીસ પરિષહોને સહન કરવા ન દે, અસંયમ ઉભું કરવા પ્રેરે.

આવું તો ઘણું બધું !

અધ્યાત્મસારમાં મહોપાધ્યાયજીએ ચોક્ખું લખ્યું છે કે

अत एव हि सुश्राद्धचरणस्पर्शनोत्तरं दुष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ।

'સુશ્રાવકના આચારોની સ્પર્શના કર્યા બાદ દુષ્કર એવા સાધ્વાચારો સ્વીકારવા' એવું ભગવંતે ફરમાવ્યું છે.

આવું ફરમાવવા પાછળ આ જ કારણ છે કે પાંચમાનો અભ્યાસ છટ્ઠાની પાત્રતા લાવી આપે છે. પાંચમાનો અભ્યાસ જો કા ો અને છટ્ઠું લઈ લેવામાં આવે, તો 'ધોબીનો કુતરો, નહિ ઘરનો, નહિ ઘાટનો.' જેવી હાલત થાય. પાંચમુ છોડી દીધું હોવાથી એના આચારો સાધુપણામાં પળાય નહિ અને છટ્ઠું પાળી શકવાની તાકાત ન હોય, એટલે એ પાળી શકે નહિ.

ખોટું ન લગાડશો, પણ આવી પરિસ્થિતિ જોવા મળ્યા જ કરે છે, માટે મારે આ પ્રશ્ન છેડવો પડ્યો છે.

(ક) આજે ઠેર ઠેર સન્ધ્યાભક્તિના કાર્યક્રમો યોજાય છે. સૂર્યાસ્ત પછી ય ઘણો સમય વીતી ગયા બાદ જ્યાં ભાઈઓ-બહેનો પુષ્કળ હોય, જ્યાં ઉજઈ પુષ્કળ હોય ત્યાં જઈને સંયમીઓ ભક્તિ કરે છે - કરાવે છે. એ પણ લાંબા સમય સુધી ! એમને પ્રતિક્રમણાદિમાં રસ નથી પડતો, પણ પ્રભુભક્તિમાં તેઓ ખરેખર ખોવાઈ જાય છે.

(ખ) સંગીતકારોને 'કયા કયા ગીતો લેવાના ?' એની સૂચના પણ સંયમીઓ કરે, પોતાને અતિપ્રિય ગીતો-સ્તવનો એની પાસે માઈક દ્વારા ગવડાવે, સાથે મ્યુઝીકની વ્યવસ્થા તો હોય જ, ન હોય તો સંયમીઓ ઉભી કરાવી દે અને એ રીતે મનપસંદ ગીતો સાંભળતા સાંભળતા સંયમીઓ પણ ભક્તિભાવમાં ડોલવા માંડે.

(ગ) સંયમીઓ ચપટીઓ વગાડે, ઢોલ વગાડતા હોય એ રીતે પાટલા વગેરે પર આંગળીઓ ફટકારે, અરે ! કોઈક વળી તાળીઓ પણ પાડી દે... બેશક ! આ બધું તેઓ ભક્તિમાં મશગુલ બનીને જ કરે છે.

(ઘ) "આંગીઓ કેવી બનાવવી, શેની બનાવવી..." વગેરે સંયમીઓ નક્કી કરે. "કઈ પ્રતિમા ભરાવવી, પસંદ કરવી..." વગેરે પણ સંયમીઓ નક્કી કરે. "અંજનશલાકા વગેરે તમામ કાર્યોમાં સંગીતકાર, વિધિકાર વગેરે તરીકે કોને બોલાવવા." એ પણ સંયમીઓ નક્કી કરે. એમનો ભાવતાલ પણ સંયમીઓ નક્કી કરી આપે. અરે ! મહોત્સવના દિવસોમાં રસોડાના રસોઈયાઓ, સવાર-બપોર-સાંજના જમણની આઈટમો... આ બધું પણ સંયમીઓ નક્કી કરી આપે...

(ચ) ઉપધાન, સંઘ, શિબિર, પ્રવેશ વગેરેની પત્રિકાઓ પણ સંયમી જ તૈયાર કરી આપે.

આવી કેટલી બાબતો લખું ?

જે કામ માત્ર ગૃહસ્થોનું છે. સંયમીએ તો માત્ર એમાં કંઈ શાસ્ત્ર-વિરુદ્ધ ન થઈ જાય, એની જ પ્રેરણા કરવાની છે... અને ઉચિત રીતે નિરવદ્યભાષામાં જ માર્ગદર્શન આપવાનું છે... એને બદલે અત્યારે તો એવું લાગે છે કે જે શ્રાવકોએ કરવાનું છે, એ બધું સંયમી કરે છે અને જે સંયમીએ કરવાનું છે, તે શ્રાવકો કરે છે. સક્રિય દેખાય સંયમીઓ ! નિષ્ક્રિય દેખાય શ્રાવકો !

વિરતિના અનુષ્ઠાનોને બદલે સંયમીઓને આવા પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાનોમાં - ભક્તિ વગેરેમાં જ વધુ ને વધુ રસ પડે છે, એનાથી એટલું તો નક્કી થાય જ છે કે "તેઓની પાત્રતા ચોથા-પાંચમા ગુણસ્થાનની ઘણી વધુ છે, છટ્ઠા માટેની કદાચ ઘણી ઓછી !"

એટલે અત્યારના સંયમીઓ ચોથા-પાંચમામાં નબળા, છતાં છટ્ઠે ચડી ગયેલા એવા જ વધુ પ્રમાણમાં લાગે છે. તો પેલા વિદ્યાર્થીની જેમ આ સંયમીઓને અપવાદમાર્ગે અમૂક અમૂક અનુષ્ઠાનોની છૂટ ન આપવી જોઈએ ? એટલે કે ભાવવૃદ્ધિ માટે તેઓ આ રીતે ભક્તિકાર્યોમાં જોડાય, સંગીતાદિમાં જોડાય... તો એ બધું એમને માટે પુષ્ટ આલંબન માનવું જોઈએ કે નહિ ?

તેઓ વેષ છોડીને શ્રાવક બની જાય, અને પછી આ બધું કરે એ શક્ય જ નથી. શક્ય આ જ છે કે બ્રહ્મચર્ય-વિહાર-લોચ-અસ્નાન વગેરે વગેરે સાધ્વાચારો પાળીને છટ્ઠામાં પણ મહેનત કરે, અને બીજી બાજુ આવા ભક્તિ વગેરે કાર્યોમાં જોડાઈને ચોથા-પાંચમામાં જે કાચું છે, એ પાકું કરે, એટલે કે પોતાની પાત્રતા વધારતા જાય.

આ શું ઉત્તમમાર્ગ ન કહેવાય ?

<u>ઉત્તર :</u> એક અતિગંભીર પ્રશ્ન તેં પૂછી લીધો છે.

એનો જવાબ આપતા પહેલા એક સ્પષ્ટતા કરી દઉં કે "આવા નબળા સંયમીઓ ઘણા છે." એ ઘણા બધા હોવાનો નિર્ણય તેં શી રીતે કરી લીધો ? આવા સંયમીઓ ઘણા છે કે ઓછા છે ? એની ચર્ચામાં આપણે પડવું નથી. પણ આવા સંયમી ઓછા હોય કે વધારે હોય... એમને માટે ઉચિત શું ? એનો નિર્ણય તો આપણે કરી જ લેવો જોઈએ.

સૌ પ્રથમ તો આદર્શની વાત જોઈ લો કે સર્વવિરતિ જ્ઞાનયોગપ્રધાન છે, એમાં સંયમીએ ઉપર દર્શાવેલા દ્રવ્યસ્તવમાં સીધી રીતે તો જોડાવાનું નથી જ. સંયમી તો માત્ર માર્ગાનુસારી દ્રવ્યસ્તવની અનુમોદના કરે અને નિરવદ્ય ભાષામાં એનો ઉપદેશ આપે...

તમે જે જે બિનાઓ બતાવી છે, તે સંયમી માટે આમ તો ઉચિત નથી જ, છતાં આ

બાબતમાં મને જે સૂઝે છે, તે અત્રે લખું છું.

(ક) સંયમી સ્તુતિ-સ્તવનો-સજ્ઝાયોના રાગો શીખે, એ દેરાસર-ઉપાશ્રયમાં ગાય, ક્યારેક મન પ્રસન્ન કરવા માટે પણ વારંવાર ગાય... એ રીતે માત્ર ગાવા રૂપે સંગીતનું આલંબન લે તો એ ઉચિત લાગે છે.

(ખ) કોઈક સારો ગાનારો હોય, એના શ્રવણથી અતિશય ભાવ વધતા હોય, તો સંયમી એને સ્પેશ્યલ ન બોલાવે, પણ જ્યારે જ્યારે તે વંદનાદિ માટે આવે - મળે, ત્યારે ત્યારે તેની પાસે માઈક વગેરે વિના જ સ્તવનાદિ ગવડાવે, એ રીતે ભક્તિમાં તરબોળ બને તો એ ઉચિત લાગે છે.

(ગ) સંઘમાં સિદ્ધચક્રપૂજનાદિ નિમિત્તે સંગીતકાર આવ્યો હોય, સંયમીને પણ પૂજામાં જવાનું થાય, એ વખતે સંગીતકાર તો આમ પણ માઈકમાં ગીતો ગાવાનો જ હોય. સંયમી સ્વયં એને કશી સૂચના ન કરે. પણ એ સ્વયં જે ગાય, એના આલંબનથી ભક્તિમાં લીન બને, તો એ ઉચિત લાગે છે.

(ઘ) રાત્રે ભાવના ચાલતી હોય, તો સંયમી ભલે દેરાસરમાં ન જાય, પણ ઉપાશ્રયમાં જ પ્રતિક્રમણ બાદ સ્વસ્થાને બેસીને સંભળાતા ગીતોના માધ્યમે ભક્તિરસમાં ડુબકી મારે તો એ ઉચિત લાગે છે.

(ચ) આ રીતે લીન બને, ત્યારે સહજ રીતે જ મસ્તક ડોલવા લાગે, હાથ ઉંચા થવા લાગે, પણ તાલબદ્ધ રીતે કંપવા લાગે, ક્યારેક ચપટી પણ વાગવા માંડે... આ બધું જો કે આમ તો યોગ્ય નથી. પણ છતાં ભક્તિની અતિલીનતાના કારણે સહજ રીતે આવું બને તો એ હજી ક્ષન્તવ્ય ગણી શકાય.

આ સિવાયની બીજી બધી બાબતો માટે 'સંયમીઓ ઔચિત્ય ચૂકે છે' એવું મને લાગે છે. છતાં આ બાબત અંગે બીજાઓ પાસે જુદા જુદા અભિપ્રાયો પણ હોઈ શકે છે, ક્ષયોપશમની તરતમતા તો રહેવાની જ. 'વધુ લાભ કોના અભિપ્રાયમાં ?' એ તો સર્વજ્ઞ સિવાય કે બહુ ગીતાર્થોના એક નિર્ણય સિવાય કોણ નક્કી કરી શકે ?

આ તો આપણે વચ્ચેની ચર્ચા લઈ લીધી.

મૂળ વાત પર આવીએ.

ઉત્સર્ગમાર્ગે સાધુ દ્રવ્યસ્તવના = જિનપૂજાદિના અધિકારી નથી જ, એ પદાર્થને બરાબર મનમાં દૃઢ કરી રાખવો. લોકસંજ્ઞામાં તણાઈ જઈને સાધુતાનું લિલામ કરી નાંખવા જેટલી નબળાઈ સાત્ત્વિક્તાના સ્વામી સંયમીને ન જ શોભે.

– x – x –

હવે ત્રીજા અપુષ્ટાલંબનધારીઓને બતાવે છે.

<u>માર્ગ અન્નિયપુત્ત અજ્જા, લાભથી લાગા,</u>

<u>કહે નિજલાભે અતૃપ્તા, ગોચરી ભાગા. ॥૧૦॥</u>

<u>ગાથાર્થ :</u> પોતાના લાભમાં અતૃપ્ત, સાધ્વીના લાભમાં આસક્ત, ગોચરીચર્યામાં આળસુઓ કહે છે કે "અમે અર્ણિકાપુત્રના માર્ગે છીએ."

<u>ભાવાર્થ :</u> વર્તમાનમાં ગોચરી જેટલી સુલભ છે, પ્રાયઃ એ વખતે એટલી બધી સુલભ ન હતી. સાદી ગોચરી માટે પણ વ્યવસ્થિત પરિભ્રમણ કરવું પડતું. એમાં એકાદ કલાક પણ થઈ જાય, અને છતાં ય મળે પાછી સાદી ગોચરી !

આ બધું કેટલાક આળસુ સાધુઓને બિલકુલ ન ગમતું, ન ફાવતું. પણ કરવું શું ? તેઓને રીતસર આર્તધ્યાન પણ થતું. જો સારી-ભાવતી વસ્તુ મેળવવી હોય તો વધારે ફરવું પડે, ઘણા ઘરોમાં જવું પડે, તો વળી ક્યાંકથી કંઈક વિશિષ્ટ આઈટમ મળી જાય, પણ એ માટે ઘણું ફરવું એ આળસુઓને શી રીતે ફાવે ?

અને જો વધુ ન ફરે તો સારી આઈટમો મળે નહિ, સાદી ગોચરીથી ચલાવવું પડે, એ પણ આ આળસુ + આસક્ત સાધુઓને શી રીતે ફાવે ?

એટલે આ તો બે બાજુ મુશ્કેલી !

સારી ગોચરી મેળવવા વધુ ફરવું અશક્ય !

તો ઓછું જ ફરીને સાદી ગોચરીથી ચલાવી લેવું એ ય અશક્ય !

છેવટે

આ આળસુ-આસક્ત સાધુઓએ વચલો માર્ગ શોધી કાઢ્યો. "સાધ્વીઓ જે ગોચરી લાવે, તે આપણને ચાલે..."

સાધ્વીજીઓ તો સાધુઓ પ્રત્યે બહુમાનભાવવાળા હોય જ, એટલે તેઓ તો આ સાધુઓ જેમ કહે, એમ કરે. તેઓ જે જે સારી વસ્તુ મળે, તે બધું આ સાધુઓને વપરાવે... બાકીનું પોતે વાપરી લે.

આ એક ભયંકર અનવસ્થા શરુ થઈ.

આના નુકસાનો કેટલા ?

(ક) સાધુ-સાધ્વીનો પરસ્પર પરિચય-વાર્તાલાપ-સ્નેહરાગાદિ વૃદ્ધિ પામે, ક્યારેક બ્રહ્મચર્ય તૂટે, ભાવદોષ તો રોજ લાગ્યા જ કરે.

(ખ) ગોચરીચર્યા ઘટવાથી - બંધ થવાથી સાધુની સુખશીલતા - આળસ - શિથિલતા વધે.

(ગ) આસક્તિનું પોષણ થાય.

(ઘ) આવો અનુચિત આચાર જોઈ આત્માર્થી જીવો દીક્ષા લેતા અટકે, આ રીતે જિનશાસનને મોટું નુકસાન થાય.

(ચ) અપાત્રજીવો આવી અનુકૂળતાઓ જોઈ દીક્ષા લેવા ઝટ તૈયાર થાય, એવાઓ દીક્ષા લે, એટલે શાસનને વધુ ને વધુ નુકસાન ! અરે, ભોળા જીવો પાત્ર હોવા છતાં ય આવી જગ્યાએ દીક્ષા લઈને અપાત્ર બની જાય. સંગનો રંગ લાગી જાય.

<u>પ્રશ્ન :</u> પણ સાધ્વીઓ શા માટે આવું કરવા તૈયાર થાય ? તેઓ ના ન પાડી દે ?

<u>ઉત્તર :</u> તને હજી પરિસ્થિતિનું ભાન નથી લાગતું.

(ક) સાધ્વીઓ સાધુઓની નિશ્રામાં હોવાથી તેઓ શી રીતે સ્પષ્ટ ના પાડી શકે ?

(ખ) એમની પાસે સાચી સમજણ જ ન હોય, આ સાધુઓએ સાચી સમજ આપી જ ન હોય, એમણે તો 'આમાં તમને સાધુભક્તિનો લાભ મળશે.' આવું શીખવાડેલું હોય, એટલે સાધ્વીઓ તો વધુ ઉત્સાહ સાથે ગોચરી લાવીને વપરાવે, અરે ! સાધુઓ ન વાપરે, તો ખોટું લાગી જાય, જીદ કરીને વપરાવે... ત્યાં સુધીના ગાંડપણ પણ ધરતી પર અવતરે.

(ઘ) માનો કે સાધ્વીઓ સાચી વાત જાણતા-માનતા હોય, પણ સાધુઓ અપવાદમાર્ગ વગેરેનું એવું વર્ણન કરે કે છેવટે સાધ્વીઓ અપવાદ રૂપે કે લજ્જાથી કે ભયથી આ ભક્તિકામ કરવા તૈયાર થઈ જાય.

પછી તો કુસંસ્કારો બંને પક્ષે અનાદિકાળના હોવાથી આ પરિચય વધુ ને વધુ મીઠો લાગવા માંડે. સ્નેહરાગ, ઉંડે ઉંડે કામરાગ વગેરે બધું જ પ્રસરતું-વધતું જાય, પછી તો સાધુ સારી ગોચરી માટે નહિ, પણ માત્ર સાધ્વીના સંપર્ક માટે, પરિચય માટે, કુણી લાગણી સંતોષવા માટે પણ એની સાથે ગોચરી વ્યવહાર ચાલુ રાખે.

અરે ભગવાન !

એક અતિ ભયાનક સંસાર ઉભો થઈ જાય.

<u>પ્રશ્ન :</u> પણ કોઈ એમને રોકે-ટોકે નહિ ?

<u>ઉત્તર :</u> એવું ય બને, પણ એમની પાસે સામેનો જવાબ તૈયાર છે, શાસ્ત્રપાઠ તૈયાર છે, બોલવાની ચતુરાઈ હાજર છે, ભલભલાની બોલતી બંધ કરી દેવાનું અદ્‌ભુત સામર્થ્ય આ સાધુઓ ધરાવે છે.

<u>પ્રશ્ન :</u> એવો તે કેવો શાસ્ત્રપાઠ છે એમની પાસે ?

<u>ઉત્તર :</u> અર્ણિકાપુત્ર આચાર્યનો પ્રસંગ એ જ શાસ્ત્રપાઠ !

તેઓ કહેશે કે અમે તો જે રીતે અર્ણિકાપુત્ર નામના મહાન આચાર્યે કર્યું, તે રીતે કરીએ છીએ. અમે કંઈ ખોટું કરતા નથી. महाजनो येन गतः, स पन्थाः મહાજન જે માર્ગે ગયા, એ જ સાચો માર્ગ ! એ મહાન આચાર્યે જે કરેલું છે, એ જ રસ્તો અમે અપનાવેલો છે.

<u>પ્રશ્ન :</u> પણ એ શું કરતા હતા ?

<u>ઉત્તર :</u> સાધ્વીએ લાવેલી ગોચરી વાપરતા હતા.

આખી વાત આ પ્રમાણે છે કે રાજા-રાણીને પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના બે સંતાનો ! બંનેને પરસ્પર અતિસ્નેહ ! એ બેને છૂટા ન પાડવા માટે રાજાએ બે સગા ભાઈ-બહેનને જ પરસ્પર પરણાવી દીધા. માતાને = રાણીને આઘાત લાગ્યો, એણે દીક્ષા લીધી, દેવ બની. આ બાજુ પુષ્પચૂલ રાજા બન્યો અને બહેન + પત્ની એવી પુષ્પચૂલા રાણી બની. દેવ બનેલી માતાને પોતાના સંતાનોનું આ ભયંકર પાપમય જીવન બિલકુલ પસંદ નથી. એણે વારાફરતી પુષ્પચૂલાને નરકના અને દેવલોકના સ્વપ્નો બતાવ્યા. રાણીને તો એ ખબર જ ન હતી કે આ નરક કહેવાય ? આ દેવ કહેવાય ?

એણે રાજાને વાત કરી બધા વિદ્વાનોને બોલાવ્યા, બધાએ પોત-પોતાની રીતે નરક-સ્વર્ગનું વર્ણન કર્યું, પણ રાણીએ જે જોયેલું, એવું તો વર્ણન કોઈએ ન કર્યું. છેલ્લે અર્ણિકાપુત્ર આચાર્યને બોલાવવામાં આવ્યા, એમણે જે આબેહુબ વર્ણન કર્યું, એ સાંભળીને રાણીને પાકો વિશ્વાસ બેઠો... છેવટે વૈરાગ્ય થયો, અને રાજાના આગ્રહથી એ નગરમાં જ રહેવાની તૈયારી સાથે રાણીએ દીક્ષા લીધી, એ બની સાધ્વી પુષ્પચૂલા !

મૂળ વાત હવે આવે છે. આચાર્યશ્રી આ સાધ્વીએ લાવેલી જ ગોચરી વાપરતા હતા. રોજ એક-બે કે ત્રણ ટાઈમ જેટલીવાર વાપરવાનું હોય, એટલીવાર આ સાધ્વીજી જ ગોચરી લાવતા અને આચાર્યદેવ વાપરતા.

આ આચાર્ય કંઈ શિથિલ કે ગરબડ ચલાવી લેનારા ન હતા, અને છતાં એમણે જો આટલી બધી તૈયારી રાખી હોય, સાધ્વીએ લાવેલો આહાર વાપર્યો હોય, તો એના પરથી માની જ શકાય કે 'એ કર્તવ્ય જ છે, એમાં કોઈ દોષ નથી.'

વળી એમાં ફાયદા પણ ઘણા છે.

→ સાધ્વીઓમાં ભક્તિ-વૈયાવચ્ચ ગુણ ખીલે.

→ સાધુ-સાધ્વીઓમાં પરસ્પર વાત્સલ્ય નામનો દર્શનાચાર વૃદ્ધિ પામે.

→ સાધુનો સમય બચવાથી એ વધુ સંઘ-શાસનના કાર્યો કરી શકે.

(આ છે ત્રીજા અપુષ્ટાલંબનધારીઓની રજુઆત !)

– x – x –

પ્રશ્ન : તો તમારી પાસે એનો જવાબ છે ?

ઉત્તર : છે.

ન જાણે ગત શિષ્ય અવમે, થવિર બલહીણો.
સુગુણ પરિચિતસંયતીકૃત, પિંડવિધિ લીણો. ॥૧૧॥

ગાથાર્થ : તેઓ જાણતા નથી કે દુષ્કાળમાં શિષ્યો જતા રહ્યા હતા, પોતે વૃદ્ધ હતા, બળહીન હતા, ગુણવાન તરીકે પરિચિત એવી સાધ્વીએ લાવેલો આહાર વિધિપૂર્વક લેતા હતા.

ભાવાર્થ : અડધી વાત પકડીને લોકોને ગેરમાર્ગે દોરવા એ આ શિથિલોનો ધંધો !

તેઓ અર્ણિકાપુત્રનું દૃષ્ટાન્ત લે છે, પણ એ દૃષ્ટાન્તમાં બતાવેલી બધી બાબતો તો પાછા કહેતા જ નથી.

(ક) એ વખતે દુકાળ પડેલો, એટલે આચાર્યે પોતાના તમામ શિષ્યોને વિહાર કરાવી દીધેલો, પોતે એકલા ત્યાં રોકાયેલા. એટલે એમની ગોચરી લાવનાર કોઈ જ ન હતું.

(ખ) એ સ્વયં પણ ગોચરી લાવી શકત, પણ એ વૃદ્ધ બની ગયા હતા.

(ગ) વૃદ્ધ હોવા છતાં ય જો શરીર બળવાન હોત, તો તેઓ જાતે જ ગોચરી જાત. પણ એમનું શારીરિકબળ ઘટી ગયું હતું.

(ઘ) આટલું બધું હોવા છતાં પણ એમણે ગમે તે સાધ્વી પાસે ગોચરી નથી મંગાવી, પણ જે સાધ્વી અત્યંત વૈરાગી હતા, આચારસંપન્ન હતા, રાજરાણી હોવાથી કોઈપણ ખોટું પગલું ભરે જ નહિ... એવા પ્રકારની વિશિષ્ટતા જેમનામાં હતી... એવા સાધ્વી પાસે જ એમણે ગોચરી મંગાવી...

(ચ) એ ગોચરી પણ સાધ્વી કંઈ રાજાને ત્યાંથી ઉંચકી લાવતા ન હતા. શક્ય એટલી જયણા પાળીને વિધિપૂર્વક એ ગોચરી લાવતા હતા. એટલે આમાં એવું પણ ન હતું કે સાધ્વી રાજાને ત્યાંથી સારી વસ્તુ લાવે, આચાર્ય એ વાપરીને જલસા કરે. સાધ્વી ધારે તો બધું જ, સારામાં સારું રાજાના રસોડેથી લઈ શકત, પણ એમણે કદી એવું કર્યુ નથી, આચાર્યે પણ એવું કરવાનું કદી કહ્યું નથી.

(છ) આચાર્ય પણ વિધિપૂર્વક જ એ ગોચરી લેતા. એટલે કે ગોચરીના બહાને અતિપરિચય વગેરે ન થાય એની પાકી કાળજી કરતા હતા.

આ બધી બાબતોને જોયા વિના માત્ર "એ આચાર્યે સાધ્વીએ લાવેલી ગોચરી વાપરી." એટલું પકડી લઈને પોતાની તદ્દન ખોટી પ્રવૃત્તિનો બચાવ કરવો એ લેશ પણ ઉચિત નથી જ.

<u>પ્રશ્ન :</u> તમે આ વાત કરી, એ તો બરાબર.

પણ હવે કેટલાક પ્રશ્નો !

(A) → જો સાધ્વીએ લાવેલી ગોચરી સાધુને ન ચાલે, તો સાધુએ લાવેલી ગોચરી સાધ્વીઓને ચાલે કે નહિ ?

(B) → સાધુઓને ગોચરી વધી પડે, તો એ સાધ્વીઓને ખપાવવા માટે આપી શકે ખરા ?

(C) → સાધ્વીઓને ગોચરી વધી પડે, તો એ સાધુઓને ખપાવવા માટે આપી શકે ખરા ?

(D) → સાધ્વીએ લાવેલી ગોચરી સાધુને ન કલ્પે, તો સાધ્વીએ લાવેલા ઉપકરણો-ઉપધિ-ઠવણી-આસન-કામળી-દોરા-ઓઘારિયા વગેરે બધું સાધુઓને કલ્પે ખરું ?

<u>ઉત્તર :</u> તમારા પ્રશ્નો વ્યાજબી છે. ઉત્તર ક્રમશઃ જ આપું છું.

(A) → સાધુએ લાવેલી ગોચરી સાધ્વીને ન ચાલે, એ ઉત્સર્ગમાર્ગ જાણવો. એમાં અપવાદ હોય, એ અપવાદ ક્યારે સેવવાનો ? એ હકીકત ગીતાર્થો જાણતા હોય છે.

(B) → જો સાધુઓને ગોચરી વધી પડે, તો પહેલો પ્રયત્ન તો એ જ કરવાનો કે વાપરનારા સાધુઓ થોડું વધારે ખપાવીને પણ એ પૂરું કરે. જો એ શક્ય ન બને, તો તિવિહાર ઉપવાસાદિવાળા સાધુઓને ખપાવવા માટે આપવું. માનો કે ઉપવાસવાળા ન હોય, અથવા તો એ હોવા છતાં પણ ઘણું બધું વધેલું હોવાથી એ બધું વાપરી શકે તેમ ન હોય, તો શું કરવું ? એ માટે મારા પૂજ્યપાદ ગુરુદેવશ્રી એમ કહેતા કે "અપવાદમાર્ગે સાધ્વીઓને આપી શકાય એની ના નથી. પરંતુ વર્તમાનકાળમાં સંયમની સુરક્ષા માટે ખપાવવા ન આપવું એ ઉચિત છે. એ પરઠવી દેવું... એ વિરાધના ઓછી છે." અને આજ સુધી તેઓશ્રીએ વધેલી ગોચરી સાધ્વીઓને ખપાવવા આપી હોય એવું મેં તો જોયું નથી, સાંભળ્યું નથી.

(C) → સાધ્વીઓને ગોચરી વધી પડી હોય, અને સાધુઓને ખપાવવા આવી હોય... એવું તો અત્યાર સુધી ક્યાંય સાંભળ્યું નથી, વાંચ્યુ નથી, જોયું નથી. છતાં આવું જો કંઈક બનતું હોય, તો એમાં (B) પ્રમાણે વિચારણા કરી લેવી.

(D) → શાસ્ત્રીય વિધિ એ હતી કે સાધ્વીગણાચાર્ય સાધ્વીઓને ઉપયોગી તમામ ઉપધિ પરિપક્વ સાધુઓ દ્વારા ભેગી કરે અને સાધ્વીઓને આપે. આમ સાધ્વીઓ સાધુને નહિ, પણ સાધુઓ સાધ્વીઓને ઉપધિ પૂરી પાડતા.

જો કે એ વિધિ માટેના જે કારણો હતા, એમાં અત્યારે ફેરફારો થઈ ગયા છે ખરા, એટલે અત્યારે સાધ્વીઓ શ્રાવિકાઓ પાસેથી સ્વયોગ્ય ઉપધિ વહોરે તો એમાં પ્રાયઃ કોઈ દોષ દેખાતા નથી. પણ સાધ્વીઓ સાધુ માટે ઉપધિ તૈયાર કરે, સાધુને આપે એ બધું યોગ્ય દેખાતું નથી.

પૂ.પાદ સિદ્ધાન્ત મહોદધિ પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબ કહેતા કે "બધા સાધુઓએ ઓઘો ટાંકતા, પાત્રાઓ રંગતા, દંડાસન બાંધતા શીખી જ લેવું જોઈએ, જેથી આ બધા કામો માટે સાધ્વીઓનો પરિચય કરવાનો અવસર જ ન આવે."

પૂ.પાદ રામચન્દ્રસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્યરત્ન, ઘોર તપસ્વી, મહાસંયમી, પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મ. પણ આ બાબતના ખૂબ જ આગ્રહી હતા. છેલ્લી ઉંમરમાં પણ તેઓ જાતે પાત્રાનો જૂનો રંગ ઉખાડવાનું, નવો રંગ લગાડવાનું કામ કરતા.

મારા અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ પણ અમને આ માટે વાચનામાં સૂચનો કરેલા. (જો કે મેં આ બધું શીખવાનો પ્રયત્ન પ્રમાદના કારણે કર્યો નથી. હા ! દંડાસન બાંધતા આવડે છે... એટલું ખરું.)

આ બધા ઉપરથી એમ લાગે છે કે સાધ્વીઓ પાસેથી ઉપકરણો લેવા વગેરે રૂપે પણ એમની સાથે સાધુઓનો સંપર્ક રહે, એ પણ આ દીર્ઘદૃષ્ટા મહાત્માઓને મંજુર નહિ જ હોય.

છતાં આજે કમ સે કમ આટલું તો કરી શકાય ને ? કે

→ ઓઘા ટાંકવા, પાત્રા રંગવા વગેરે કામ જો સાધુને આવડતું જ ન હોય, તો શીખવાનો પ્રયત્ન કરવો, એ પ્રથમ માર્ગ ! એ શક્ય ન જ બને તો તે જ કામ સાધ્વીઓ પાસેથી લેવું. બીજું એક પણ નહિ. (ઓઘામાં ભરતકામ જરુરી જણાતું નથી. વધુમાં વધુ અષ્ટમંગલ પેન્સિલથી દોરી દેવામાં આવે, તો પણ ચાલી રહે... એમ વસ્ત્રોમાં દોરી નાંખવા... વગેરે કાર્યો પણ અનાવશ્યક છે, દોષરૂપ છે... એમ

શાસ્ત્રો કહે છે.)

→ જે કંઈપણ કામ કરાવવા પડે, એ પીઢ ગૃહસ્થ દ્વારા કરાવવા. એટલે કે દરેક સાધુ પોતાનું કામ વડીલને જણાવે, વડીલ પીઢ ગૃહસ્થને સોંપે કે "તમે આ કામ સાધ્વીને આપી આવશો ?" એ પીઢ ગૃહસ્થ કામ સોંપી આવે, કામ પૂર્ણ થાય, એટલે સાધ્વી એ કામ પરત કરવા ન આવે, પણ એ પીઢ ગૃહસ્થને એ કામ પાછું આપે અને એ ગૃહસ્થ વડીલને સોંપે, વડીલ તે તે સાધુને તે વસ્તુ આપી દે.

આ પ્રક્રિયા પાછળ ગંભીર રહસ્ય છે, આ પ્રક્રિયા જરૂરી છે... જો આવું થાય, તો હજી ય ઘણા ઘણા દોષોથી બચી જવાય. જો કે આટલું ય સંપૂર્ણ યોગ્ય તો ન જ ગણાય.

<u>પ્રશ્ન :</u> આ બધું તો અશક્ય લાગે છે.

<u>ઉત્તર :</u> ના. અશક્ય નથી, શક્ય જ છે. માત્ર જિનાજ્ઞાપાલન માટેની ક્રમસેક્રમ સાપેક્ષતા પણ આવી જાય, તો બધું જ થઈ શકે.

છતાં આ તો એક વિચાર રજુ કર્યો છે.

આ બાબતમાં અન્ય મહાત્માઓના બીજા અભિપ્રાયો પણ હોઈ જ શકે છે, અને એ માટે એમની પાસે કોઈક અપેક્ષાઓ પણ હશે... સૂક્ષ્મદષ્ટિથી, મધ્યસ્થદષ્ટિથી, આજ્ઞાપ્રતિબદ્ધદષ્ટિથી આ પદાર્થ પર વિચાર કરવો.

– x – x –

હવે ચોથા અપુષ્ટાલંબનધારીઓનું વર્ણન કરે છે.

<u>વિગઈ લેવી નિત્ય સૂઝે, લષ્ટપુષ્ટ ભણે.</u>
<u>અન્યથા કિમ દોષ તેહનો, ઉદાયન ન ગણે. ॥૧૨॥</u>

<u>ગાથાર્થ :</u> હૃષ્ટ-પુષ્ટ સાધુઓ બોલે છે કે નિત્ય = કાયમ વિગઈ લેવી કલ્પે. જો એમાં દોષ હોય, તો ઉદાયન રાજર્ષિ કેમ એ દોષ ન ગણે ?

<u>ભાવાર્થ :</u> કેટલાક સાધુઓને દૂધ-દહીં-મીઠાઈ ખૂબ ભાવે છે, એટલે એ તો કોઈ પણ જાતની ચિંતા કર્યા વિના વિગઈઓ વાપરે છે, એટલે શરીરથી એકદમ તગડા બનેલા છે, એમને આ 'ખાધે પીધે સુખી' એ જીવન ખૂબ જ ફાવી ગયું છે.

હા ! એમની આ ખાણી-પીણી જોઈને કોઈક પૂછે ય ખરા કે "સાધુને આ રીતે વિગઈઓ રોજેરોજ વાપરવી કલ્પે ?"

તો બિન્ધાસ્ત બનીને એ જવાબ આપે કે "હા ! ચોક્કસ કલ્પે. એમાં શું વાંધો ?"

સામે કોઈ દલીલ કરે કે "વિગઈઓ ખાવામાં તો આસક્તિ દોષ ન પોષાય ?"

તો આ ભાગ્યશાળીઓ (!) જવાબ આપશે કે "એ બધી બાબતો ગૌણ છે. શરીર મોક્ષનું સાધન છે, એ ટકાવવા માટે વિગઈઓ ખાવી જ જોઈએ. એમાં આસક્તિ વગેરે દોષો લાગે, પણ એ અનિવાર્ય છે. જેમ બધા લોકો રોજ જમે છે, આ ખાધેલામાંથી વિષ્ટા-મૂત્ર પણ બને છે, કોઈને એ ગમતું નથી. પણ જો ખાવાનું જ છોડી દે, તો તો વિષ્ટા-મૂત્રની સાથે લોહી વગેરે પણ બંધ થઈ જાય, અને જીવવું જ ભારે પડી જાય. એટલે અણગમતા છતાં અનિવાર્ય એવા વિષ્ટામૂત્રને સ્વીકારીને પણ ભોજન કરવું જ પડે. એમ કદાચ આસક્તિ વગેરે દોષ લાગે, તો પણ એ ગૌણ કરીને પણ વિગઈઓ વાપરવાની, શરીર ટકાવવાનું, મન પ્રસન્ન રાખવાનું અને આરાધના કરવાની.

બાકી જો અમારી વાત ખોટી હોય, તો શાસ્ત્રમાં દર્શાવેલો ઉદાયનરાજર્ષિનો પ્રસંગ સાવ ખોટો સાબિત થાય. ઉદાયન રાજર્ષિ રોજ દહીં નામની વિગઈ વાપરતા હતા, એ માટે જ એ ગોકુળમાં રહેતા હતા. જો વિગઈ ખાવામાં નુકસાન જ હોત, તો આવા મહાન સાધુ આવા દોષો તો ન જ સેવે ને ?

આ છે અપુષ્ટાલંબનધારીઓની રજુઆત !

– x – x –

<u>પ્રશ્ન :</u> શું એમની વાત ખોટી !

<u>ઉત્તર :</u> ખોટી જ ને ? સાંભળ.

<u>ઉદાયન રાજર્ષિ તનુ નવિ, શીત-લુક્ષ સહે.</u>
<u>તેહ વ્રજમાં વિગઈ સેવે, ઈસ્યું તે ન લહે. ॥૧૩॥</u>

<u>ગાથાર્થ :</u> ઉદાયનરાજર્ષિનું શરીર ઠંડુ અને રુક્ષ ભોજન સહન કરી શકતું નથી. તેથી તે સાધુ ગોકુળમાં વિગઈ વાપરતા હતા, આ હકીકતને તેઓ જાણતા નથી.

<u>ભાવાર્થ :</u> ઉદાયન એક વખતના રાજા ! સાવ સુકોમળ શરીર ! રોજ ગરમ અને સ્નિગ્ધ વસ્તુઓ વાપરતા, એમનું શરીર એવા જ ભોજનથી ઘડાયેલું. અરે ! શરીરનો બાંધો જ એવા પ્રકારનો થઈ ગયેલો.

સાચો વૈરાગ્ય પામીને દીક્ષા લીધી, અનાસક્તિ સાચી, પણ શરીર તો શરીરનું કામ કરે ને ? સાધુજીવનમાં રોટલી-રોટલા વગેરે પદાર્થો સાવ ઠંડા મળતા, એ વસ્તુ વાપરવામાં એમનું શરીર બગડવા લાગ્યું.

વળી આ ઠંડા રોટલી-રોટલા ઘીવાળા ય ન હતા. હતા સાવ લુક્ખા ! લોટ બાંધવામાં

ય મોણ માંડ વપરાયું હોય.

આવું લુકખું ભોજન એકવારના રાજવી એવા એમના શરીરને બિલકુલ માફક ન આવ્યું. રોગ ઉત્પન્ન થયો, ખરેખર શરીર સાચવવા માટે વિગઈની જરુર પડી, પણ એમાં માત્ર દહીં વાપરવાથી પણ ચાલી શકે એમ હતું, એટલે એમણે માત્ર દહીંનો જ વપરાશ શરુ કર્યો. બીજી વિગઈઓ ન વાપરી.

આ દહીં ગોકુળમાં સહજ મળી રહે, નિર્દોષ મળી રહે એટલે તેઓ ગોકુળમાંથી દહીં મેળવતા.

આમ બીજી વિગઈઓ ન વાપરવી, દહીં પણ નિર્દોષ લેવું... આ બધી પૂરી યતના કરીને એમણે ખરેખર પુષ્ટ કારણસર વિગઈ સેવી છે.

તમે જો આ જ રીતે વિગઈ વાપરવાની વાત કરતા હો, તો અમારો વિરોધ જ નથી. પણ આપણે રાજકુમાર-રાજા ન હોવાથી આપણું શરીર તો વિગઈ વિનાના ખોરાકથી પણ જો ટકી શકતું હોય, તો શા માટે વિગઈઓ વાપરવી ?

હા ! જરૂર હોય તો થોડા-થોડા દિવસને આંતરે વિગઈ લઈ શકાય. રોજેરોજ શા માટે ? ટુંકમાં વિગઈને દવા સમજીને જ વાપરવી જોઈએ. કોઈપણ ડાહ્યો માણસ દવા હોંશે હોંશે ન ખાય. જેટલી દવા ઓછી લેવી પડે, એટલો એ રાજી ! એવું જ વિગઈ બાબતમાં સમજવું.

શાસ્ત્રપાઠો તો જૂઓ.

(ક) **दुद्धदहीविगइओ आहारेइ अभीक्खणं ।**
**न करेइ तवोकम्मं पावसमणुत्ति वुच्चइ ।**

જે સાધુ વારંવાર દૂધ-દહીં વગેરે વિગઈઓ ખાય છે, તપ કરતો નથી એ પાપી સાધુ કહેવાય છે. (ઉત્તરાધ્યયનસૂત્ર)

(ખ) **विभूसा इत्थीसंसग्गि पणीअं रसभोअणं ।**
**नरस्सत्तगवेसिस्स विसं तालउडं जहा ।**

આત્માને શોધનારા સાધુ માટે (૧) વિભૂષા, (૨) સ્ત્રીસંપર્ક, (૩) વિગઈવાળું ભોજન તાલપુટ ઝેર છે.

(ગ) **रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तीकरा हवंति ।**

વિગઈ વધારે ન વાપરવી, પ્રાયઃ વિગઈઓ વિકાર જગાડનારી બને છે.

(ઘ) **विगई विगइभीओ विगइगयं जो य भुंजए साहु ।**

**विगइ विगइसहावा, विगइ विगइं बला नेइ ॥**

દુર્ગતિથી ગભરાયેલો એવો પણ જે સાધુ વિગઈ કે નિવીયાતાને વાપરે છે, 'વિકાર કરવાના સ્વભાવવાળી વિગઈ છે' માટે એ વિગઈ તે સાધુને બળજબરી દુર્ગતિમાં લઈ જાય છે.

<u>પ્રશ્ન :</u> વર્તમાનકાળમાં શું સમજવું ?

→ રોટલી પર ઘી ચોપડેલું જ આવે.

→ દાળ-શાકમાં ઘી-તેલ આવે જ.

→ દૂધ રોજ વપરાતું થઈ ગયું.

→ મીઠાઈઓ - ફરસાણો ભલે નિવીયાતા હોય, તો ય ગાથામાં તો એને ય ભયંકર બતાવ્યા છે. વળી એ આસક્તિના કારણ તો બને જ છે. એ પણ આજે ઘણું વપરાય છે.

તો શું આ બધું ખોટું ?

<u>ઉત્તર :</u> પહેલા બે વિકલ્પોમાં તો હજી એવો કોઈ દોષ નથી દેખાતો, કેમકે એ રીતે જ એ વસ્તુઓ સહજ રીતે બધે બને છે, મળે છે, શરીર ટકાવવા માટે અનિવાર્ય પણ પ્રાયઃ ગણી શકાય.

દૂધ આમ 'અનિવાર્ય જ છે' એવું તો ન કહેવાય, છતાં નબળા સંઘયણમાં અને દૂધ પણ હવે સાવ શક્તિહીન મળતા હોવાથી એ રોજ વપરાતું હોય, તો એ પણ હજી કદાચ સ્વીકાર્ય બને. જૂના જમાનામાં ચોક્ખું દૂધ આવતું, પશુઓને ખોરાક પણ ઘણો સારો ખવડાવાતો, એટલે દૂધ પણ જબરદસ્ત શક્તિવાળું - રગડા જેવું તૈયાર થતું.

આજે તો મૂળથી જ ખામી ! પશુઓનો ખોરાક નબળો, એટલે એમાંથી બનતું દૂધ પહેલેથી જ નબળું ! એમાં વળી ડેરીવાળા ચરબી કાઢી લે, એમાં વળી દૂધ આપનારાઓ પાણી ભેળવી દે... આવું દૂધ વિગઈ હોવા છતાં જૂના કાળના દૂધ જેવી તાકાત આપે કે એવી અસર ઉભી કરે, એ શક્યતા ઘટે છે. વળી મોળા દૂધમાં એવી વિશેષ આસક્તિ પણ પ્રાયઃ ન જાગે.

પણ મીઠાઈઓ-ફરસાણો વગેરેનો જો નિત્ય વપરાશ હોય, તો એમાં આસક્તિ વગેરે દોષો પોષાય, એ તો નક્કી હકીકત લાગે છે.

જો કે આમાં ચારિત્ર ખતમ ન થાય, પણ એમાં અતિચારો લાગે.

અરે, કદાચ આવા કોઈક દોષો સેવીએ, તો ય કમસેકમ ખોટા આલંબનો ન પકડીએ, ખોટા બચાવો ન કરીએ તો ય ઘણું. બાકી "અત્યારે તો બધા જ સંયમીઓ વિગઈ

વાપરે છે, કોઈ આચાર્યો કે ગીતાર્થો એનો વિરોધ કરતા નથી. અરે, બધે જ ગોચરી માંડલીમાં વિગઈઓ મોટા પ્રમાણમાં રોજેરોજ આવે છે. શું બધા જ ખોટાં ? બધા જ સાધુતા વિનાના ? આ બધી આદર્શની વાતો છે..." આવા આવા બચાવો જ મનમાં ઉપસ્થિત થતા હોય, તો એનો તો ઉત્તર ભગવાન પણ શી રીતે આપે ? કુતર્કોની સામે અને કદાગ્રહની સામે કોનું ગજું !

– x – x –

આ તો ચાર અપુષ્ટ આલંબનોની વાત કરી. પણ જગતમાં આટલા જ અપુષ્ટાલંબનો છે, એવું માની ન લેતા. અહીં તો આ કચરાના ઢગલા ખડકાયેલા છે.

<u>લોક આલંબને ભરીયો, જન અસંયતને.</u>
<u>તેહ જગમાં કાંઈ દેખે, ધરે તેહ મને. ॥૧૪॥</u>

<u>ગાથાર્થ :</u> અસંયત જનને માટે આ આખો લોક આલંબનથી ભરેલો છે. તે તો જગતમાં જે કંઈપણ દેખે, તેને મનમાં ધારી લે.

<u>ભાવાર્થ :</u> કોઈક બાલ સાધુને રમવાની છૂટ મળી હોય, નવકારશી કરવાની રજા મળી હોય, ઉપાશ્રયમાં દોડાદોડ કરે, તો પણ કોઈ એને રોકતું-ટોકતું ન હોય... આ બધું જોઈને બીજા બાળસાધુઓ પણ એમ જ વિચારે ને ? કે "બાળસાધુઓથી આવું કરી શકાય, અમે પણ કરી શકીએ. નહિ તો તો આ બાળસાધુને શું કામ આ રીતે કરવાની છૂટ મળે ?"

કોઈક વૃદ્ધ સાધુને પાટ વાપરવાની, માંડલીના કોઈપણ કામ ન કરવાની, પ્રતિક્રમણ અલગ કરવાની, બીજાઓની વૈયાવચ્ચ લેવાની, ડોળી-વ્હીલચેરમાં વિહાર કરવાની, તપ ન કરવાની, દવાઓ અને ખાદ્ય વસ્તુઓની પણ સંનિધિ રાખવાની છૂટ મળી હોય એટલે આ જોઈ જોઈને બીજા ઘરડાઓ પણ સીધો આ જ વિચાર કરે કે "અમને કેમ છૂટ નહિ ?"

એ એવું ન વિચારે કે પેલા ય ઘરડા છે, એ વાત સાચી, પણ વાયુરોગ હોવાથી બેસી શકે એમ જ નથી, માટે પાટ વાપરે છે. શરીર અશક્ત હોવાથી માંડલીનું કામ કરતા નથી... બીજાઓની વૈયાવચ્ચ પણ એ માટે જ લેવી પડે છે... મારે તો એવું નથી, તો પછી શા માટે મારે આ છૂટનો વિચાર પણ કરવો ? ઉલટું ભગવાનનો આભાર માનવો કે હું વૃદ્ધ થયો હોવા છતાં પણ મારે આવા કોઈ જ દોષો સેવવા પડે એવું હજી સુધી તો બન્યું નથી.

કોઈક ઘણું ગોખનારા - ભણનારા સાધુને ગુરુ વિગઈઓ વાપરવાની સંમતિ આપે,

રૂમમાં બેસવાની રજા આપે, માંડલીનું નાનું જ કામ એને સોંપાય, કોઈપણ કાર્યક્રમમાં એણે જવાની જરૂર નહિ,... આ બધું જોઈને બીજો પણ અભ્યાસુ સાધુ એવું વિચારે કે મને પણ આવી છૂટ કેમ નહિ ? હું ય ભણું તો છું જ.

આમાં ય એવું ન જુએ કે "પેલો મારાથી ઘણું વધારે ભણે છે. વળી એનું શરીર નબળું હોવાથી એને ખરેખર વિગઈ વગેરેની જરુર છે, આરામની જરુર છે. જ્યારે હું એનાથી ઓછું ભણું છું અને મારું શરીર પણ સક્ષમ છે..."

તમે વિચાર કરો કે

મોટાભાઈના લગ્ન થતા જોઈને ૧૦ વર્ષનો નાનો ભાઈ જીદ કરે કે "એને આ પત્ની લાવી આપી, તો મને કેમ નહિ ? મને પણ અબઘડી લાવી આપો, મારો પણ અધિકાર છે." તો કેવું લાગે ?

પપ્પાને રોજ ચશ્મા પહેરીને છાપું વાંચતા-ટી.વી. જોતા-બહાર જોતા જોઈને દીકરી જીદ કરે કે "મને શા માટે ચશ્મા નહિ ? પપ્પા પહેરી શકે, તો હું કેમ નહિ ? હું પણ પપ્પાની જેમ જ ચશ્મા પહેરીશ..." નંબર વિનાની દીકરીની આ જીદ કેવી લાગે ?

પ્રસ્તુતમાં જેની પાસે ચારિત્રપરિણામ નથી, શિથિલતાના સંસ્કારો જ ભરેલા પડેલા છે, એને તો ડગલેને પગલે આવા ખોટા આલંબનો મળતા જ રહેવાના, વૈરાગ્યાદિની ખામીના લીધે તેઓ એ આલંબનો જ પકડી લેવાના અને છેવટે પોતાના અને બીજાઓના પણ આત્માનું અહિત કરનારા બનવાના.

– x – x –

છેલ્લી ગાથામાં આપણા વૈરાગ્યભાવની ચકાસણી કરવા માટેનું બેરોમીટર મહોપાધ્યાયજી બતાવી રહ્યા છે.

<u>શિથિલ આલંબન ગ્રહે, મુનિ મંદસંવેગી.</u>

<u>સંયતાલંબન સુજસ, ગુણ તીવ્રસંવેગી... ॥૧૫॥</u>

<u>ગાથાર્થ :</u> મંદસંવેગવાળા મુનિ શિથિલ આલંબન પકડે. તીવ્ર સંવેગવાળો મુનિ સુસાધુના આલંબન પકડે, સુયશરૂપી ગુણ વધારે.

<u>ભાવાર્થ :</u> કોનો સંવેગભાવ = વૈરાગ્યભાવ સાચો ? જે સુસાધુઓના આલંબન પકડે.

કોનો સંવેગભાવ ખોટો ? નબળો ? કાચો ? જે નબળાઓના આલંબન પકડે.

(ક) "ધન્ના મુનિ કેવો ઘોર તપ કરતા કે પ્રભુએ એમની પ્રશંસા કરી... મારે પણ એવો તપ કરવો છે. ભલે એવો ઘોર તપ ન કરી શકું, પણ મારી તાકાત પ્રમાણે તો કરીશ

જ." આવો વિચાર કરી જે તપ કરવા લાગી પડે એ <u>તીવ્રસંવેગી !</u>

"કુરગડુ રોજ નવકારશી કરતા, પર્યુષણના દિવસે પણ નવકારશી કરીને જ કૈવલ્ય પામ્યા. એટલે કેવલજ્ઞાન માટે કંઈ તપની જરૂર નથી. અંદરનો તપ હોય, એટલે ઘણું ! ભરત ચક્રીએ ક્યાં તપ કર્યો છે ? અઈમુત્તાએ, મૃગાવતીજીએ, ચંડરુદ્રશિષ્યે પણ ક્યાં કોઈ ઘોર તપ કર્યો છે ? માત્ર શુભભાવ પર ચડી ગયા, એટલે સીધું કેવલજ્ઞાન !" આવું વિચારીને જે બાહ્યતપમાં ઢીલો પડે, શક્તિને છુપાવે એ <u>મંદસંવેગી !</u>

(ખ) "દુર્બલિકા પુષ્યમિત્ર કેટલું ગોખતા ! રોજનું શેર ઘી પણ પચાવી જતા. વજસ્વામી વગેરે પણ કેવું ભણ્યા ! તો જ તેઓ પ્રભાવક, વૈરાગી બન્યા... હું પણ સખત પરિશ્રમ કરીશ." આ બધું વિચારીને જે સ્વાધ્યાયનો સખત પરિશ્રમ કરે, તે <u>તીવ્ર સંવેગી !</u>

"માષતુષ મુનિ કશું ભણ્યા વિના પણ કેવલજ્ઞાન પામ્યા જ છે ને ? તો પછી નકામી મહેનત શું કામ ? અને આજે આમ પણ હજારો સંયમીઓમાં સ્વાધ્યાય વ્યવસ્થિત રીતે કરનારા તો ઘણા ઓછા જ છે ને ? અને છતાં બધા મસ્તીથી જીવે છે. શું એ બધા ઓછું ભણ્યા, એટલે સાધુ મટી ગયા છે ? તો પછી મારે ય કંઈ ઘસાઈ મરવાની જરુર નથી." આવા વિચારો કરીને જે સ્વાધ્યાયમાં પ્રમાદી બને એ <u>મંદસંવેગી !</u>

(ગ) "પેલો સાધુ ગુરુની કેવી વૈયાવચ્ચ કરે છે. વિહારમાં સતત સાથે રહે, બધી ઉપધિ ઉંચકે, ગોચરી-પાણી માટે ખડે પગે ઉભો રહે. મારે પણ મારા ગુરુની આવી જ સેવા કરવી છે. એમને કશી મુશ્કેલી પડવા દેવી નથી." આ છે <u>તીવ્રસંવેગી !</u>

"મારું કામ નહિ, વૈયાવચ્ચ કરવાનું ! આમ પણ ઘણા સાધુઓ ક્યાં વૈયાવચ્ચ કરે છે. છતાં તેમનું પુણ્ય જોરદાર છે, ગુરુ પણ એમને આદર આપે છે. એટલે એ કર્યા વિના આપણું કશું અટકી જવાનું નથી..." આ છે <u>મંદસંવેગી !</u>

(ઘ) "કમાલ છે આ સંયમીની તો ! પેલા ગ્લાન સાધુ માટે રાત્રે બે-બે કલાક જાગે છે. અરે, સ્થંડિલ-માત્રા પરઠવે છે, સાફ કરે છે,... આવા કામ તો કોઈ વિરલા જ કરી શકે. જુગુપ્સા ઉપર જોરદાર વિજય મેળવ્યો છે આમણે ! બનવું છે મારે પણ આવા જ સેવાભાવી !" આ છે <u>તીવ્રસંવેગી !</u>

"અરે, અત્યારે તો ઘણા લોકો માણસ પાસે જ કાપ કઢાવવાથી માંડીને બધા કામ કરાવી લે છે. થોડાક પૈસા વધુ લાગે, પણ એમાં બધું સચવાઈ જાય. હા ! સાધુ

તરીકે મારે જ બધું કરવું જોઈએ. પણ હું ક્યાં ક્યાં પહોચું ? વળી બધે એ જ રીતે ગ્લાનની સેવા થાય જ છે. બધા કંઈ ખોટું થોડું જ કરે ? પરિસ્થિતિ જ એવી થઈ ગઈ હોય તો શું થાય ?" આ છે મંદસંવેગી !

(ચ) "આ સંયમીઓ માણસ પણ રાખતા નથી. બધી ઉપધિ જાતે ઉંચકે છે, કોઈ માંદુ પડે, તો પરસ્પર બધા ઉપધિ લઈ લે છે. જીવન તો આવું જ હોવું જોઈએ. બધું જ સાઈકલ-લારીમાં મૂકીને માત્ર દાંડો પકડીને શાંતિથી ચાલવું... એ વળી કેવું જીવન ! હું ય આવો જ = બધી ઉપધિ જાતે જ ઉંચકનારો, માણસ નહિ રાખનારો બનીશ." આ છે તીવ્રસંવેગી !

"આજે કયો ગચ્છ એવો છે, જેમાં સાઈકલ-માણસ ન હોય ? સંયમી તરીકે પ્રસિદ્ધ એવા ય સાધુઓ પાસે બધું હોય જ છે. આજના કાળમાં એના વિના ચાલે જ નહિ. જૂના કાળમાં ઉપધિ ઓછી, વિહાર ઓછો એટલે જાતે ઉંચકી શકાતું. આજે તો બંને વધી ગયા, એ બધું જો ઉંચકવા જઈએ, તો આર્તધ્યાન થાય, ઈર્યાસમિતિનો ભંગ થાય... આવા તો કેટલાય દોષો લાગે, એના કરતા મધ્યમ માર્ગ સારો." આ છે મંદસંવેગી !

ચારિત્રસંબંધી આવા તો હજારો આચારો છે, એ બધાયમાં આ વિચારણા કરી લેવી.

ફરી ધ્યાનમાં લો

(૧) તીવ્રસંવેગી પણ અપવાદ રૂપે દોષ સેવે ખરો, પણ એ દોષસેવનને કડવી દવા રૂપ માને. એ એને ગમી જાય નહિ, ભાવી જાય નહિ. ના છુટકે કડવી દવા રૂપે મોઢું બગાડીને લે. એટલે જ જેવું કારણ દૂર થાય, તેવું તરત જ તીવ્ર સંવેગી કડવી દવા છોડી દે, અને એનાથી એને આનંદ જ થાય, શોક નહિ. "આ કડવી દવા ખાવા મળ્યા જ કરે, તો ઘણું સારું" એવું ગાંડપણ આનામાં ન હોય.

(૨) મંદસંવેગી દોષ સેવે, અને દોષને સારો માનવા માંડે. એપેન્ડીક્સના ઓપરેશન વખતે દર્દીને પુષ્કળ આઈસ્ક્રીમ ખવડાવવામાં આવે અને દર્દી જો બાળક હોય તો એ જેમ ઈચ્છે કે "આ તો મજા આવી ગઈ..." અને એટલે જ ઓપરેશન પત્યા પછી પણ એને આઈસ્ક્રીમની ઈચ્છા તીવ્ર હોય, એને ખાવાની ઈચ્છા થાય જ, અને શક્તિ હોય, તો કાયમ ખાધા જ કરે. મંદસંવેગી આવો હોય.

એટલે તીવ્રસંવેગી અને મંદસંવેગી બંનેમાં ય દોષસેવન હોઈ શકે છે, છતાં આ જે મહત્ત્વનો ફેરફાર છે. એ બરાબર ધ્યાનમાં લેવો.

(૧) તીવ્રસંવેગીને દોષસેવન કડવી દવા જેવું મોઢું બગાડનારું અનુભવાય.
મંદસંવેગીને દોષસેવન આઈસ્ક્રીમ જેવું લાગે.

(૨) તીવ્રસંવેગી કારણ દૂર થતા જ દોષ ત્યાગી દે, આનંદ પામે.
મંદસંવેગી કારણ દૂર થવા છતાં ય દોષ ન ત્યાગે, ત્યાગવો પડે તો દુઃખ પામે.

(૩) તીવ્રસંવેગીને દોષસેવન વખતે દુઃખ હોય, મોઢું બગડતું હોય.
મંદસંવેગીને દોષસેવન વખતે આનંદ હોય, મોઢું હસતું હોય.

આપણે કોણ ? એ ચકાસી લેવું.

<u>પ્રશ્ન :</u> આ પદાર્થ શ્રાવકોમાં પણ ઘટાવવાનો છે ખરો ?

<u>ઉત્તર :</u> ચોક્કસ ! ઉત્તમ શ્રાવકો ઉત્તમ આલંબનો પકડીને આગળ વધે છે, હીન શ્રાવકો નબળા આલંબનો પકડીને પાછળ હટે છે.

આજે તો સંઘે સંઘે ચિક્કાર અવિધિ-આશાતનાઓ મોટા પાયા પર ઘુસવા લાગી છે, એ શ્રાવકો માટે ખૂબ જ ચિંતાજનક પ્રશ્ન છે.

★ બજારના પાઉં (બ્રેડ) સેકીને, એનો ભુક્કો કરીને કટલેસ ઉપર ભભરાવીને સંઘસ્વામિવાત્સલ્યમાં અપાય ?....

★ કેરીના રસ વગેરેમાં બરફનો ઉપયોગ...

★ દૂધનો માવો તૈયાર લઈ આવવાનો...

★ આગલી રાતે સૂર્યાસ્ત બાદ મીઠાઈ બનાવવાની, કાચી ચાસણીવાળી મીઠાઈ કરીને બીજા દિવસે એ અભક્ષ્ય વસ્તુ બધાને વપરાવવાની...

★ સામાયિક લીધા બાદ ચડાવા બોલવા માટે માઈકનો ઉપયોગ – અંધારામાં ચડાવાની રકમ-નામ લખવામાં મુશ્કેલી પડતી હોવાથી રીતસર હાથમાં બેટરી લઈ બેટરીનો ઉપયોગ... (સામાયિકમાં જ)

★ વરઘોડામાં, ભાવનામાં યુવાન છોકરા-છોકરીઓનું ભેગા મળીને નાચવું...

★ પંખા - A.C. માં સામાયિક - પ્રતિક્રમણાદિ...

★ રાત્રે ભાઈઓની સાધ્વી-ઉપાશ્રયમાં કે બહેનોની સાધુ-ઉપાશ્રયમાં અવરજવર !

અધધધ... થઈ જવાય, એટલું મોટું લિસ્ટ બને આનું ! આશ્ચર્યની વાત તો એ કે આમાં શ્રાવકોને સાચી સમજણ ખૂબ ખૂબ લાગણીથી આપીએ, તો પણ એ બધા માને, ભૂલ સુધારે એ શક્યતાઓ ઘણી ઓછી ! બધાના મનમાં એ જ ચાલે "હવે તો બધે આમ જ ચાલે છે, મહારાજ સાહેબ ! ભલે, કદાચ તમારી વાત સાચી પણ હોય ! પણ તો ય

અમારે તો કોઈ જ ફેરફાર થઈ શકે એમ નથી.”

આ છે અપુષ્ટાલંબનનું ધારણ !

આજ્ઞાબહુમાનાદિ ભાવોની ખામી નડે છે શ્રાવકોને ! પછી શું થાય ?

કો'ક જ એવા વિરલકોટિના શ્રાવકો મળી જાય છે કે જેઓ ઉચ્ચ આલંબનોને સાંભળીને હર્ષ પામે છે. “સાહેબજી ! અમે તો અજ્ઞાની હતા. આપે કહ્યું, એ ખૂબ જ સરસ કર્યું. હવે અમે બધો જ ફેરફાર કરશું. આપ અમને કહેતા રહેજો, અમારે ભગવાનની આજ્ઞા પ્રમાણે જ કરવું છે.”

પણ આવા શ્રાવકો કેટલા ? બાકી તો મોટું અંધારું !

સાચું જૈનત્વ ઘણું ઘણું ઘણું દુર્લભ છે હોં !

ત્રીજી ઢાળનો ભાવાર્થ સંપૂર્ણ

## नमोऽस्तु तस्मै जिनशासनाय